બિસ્મેહી સુબ્હાનહુ તઆલા

# ઝાએરીનના શરઈ અહકામ

**(પવિત્ર ઝિયારતગાહોના ઝાએરીન માટે જરૂરી શરીઅતના મસાઈલ)**

**આયતુલ્લાહીલ ઉઝમા**
**સૈયદ અલીહુસૈની સીસ્તાની (દા.ઝી.)ના**
**ફતવા મુજબ**

**-: ગુજરાતી તરજૂમો :-**
**ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી**
**(મેતા-ગુજરાત-ઈન્ડિયા)**

**-: પ્રકાશક :-**

**હરમે મુકદ્દસ ઈમામ અલી અ.**
મોબાઈલ: ૦૦૯૬૪૭૭૧૧૪૪૮૪૩૪



https://downloadshiabooks.com/

**કિતાબનું નામઃ** ઝાએરીનના શરઈ અહકામ

**પ્રકાશકઃ** હરમે મુકદ્દસ ઈમામ અલી અ.

**ગુજરાતી અનુંવાદઃ** ઝયનબીયાહ ઈસ્લામી લાયબ્રેરી,
(મેતા-ગુજરાત-ઈન્ડિયા)
**મોબાઈલઃ** ૯૧-૯૮૯૮૩૬૯૦૮૯

**આવૃત્તિઃ** પહેલી

**પ્રકાશનનું વર્ષઃ** ૧૧ ઝિલ્કાદ,૧૪૪૧ હિજરી. જૂલાઈ-૨૦૨૦.

**સાઈઝઃ** ૧/૮ સાઈઝ

**પાનાની સંખ્યાઃ** ૧૦૪

**મોબાઈલઃ** ૦૦૯૬૪૭૭૧૧૪૪૮૪૩૪

## પ્રસ્તાવના



https://downloadshiabooks.com/

## બિસ્મિલ્લાહિર રહમાનિર રહીમ

અલ્હમ્દો લિલ્લાહે રબ્બિલ આલમીન, વસ્સલાતો વસ્સલામ અલા અશ્રફીલ અંબિયાએ વલ મુર્સલીન, હબીબે ઈલાહીલ્ આલમીન, અબીલ કાસીમે મોહમ્મદ વ આલેહી તય્યેબિનત્ તાહેરીન.

નબીએ કરીમ સ.ના પવિત્ર સ્થાન બાદ પવિત્ર હસ્તીઓને (દેહો) પોતાના પડખામાં સમેટેલા છે. આ જ કારણે આ પવિત્ર ધરતી પર તેઓ ચમકતા સિતારાઓની જેમ છે. જેઓ અંધારી રાતમાં અલ્લાહના બંદાઓને ઝૂલ્મ અને ફિત્ના ફસાદના રસ્તા પરથી નજાતના રસ્તા પર ચમકતા સિતારાઓનું કામ કરે છે. તેમના પવિત્ર સ્થાનોને આ પૃથ્વી પર આસમાનનો દરજ્જો આપ્યો છે. જેથી રાહે ખુદા પર ચાલવાવાળાઓ માટે જવલંત મિનાર બની જાય.

જેવી રીતે અઈમ્મએ માસુમીન અ. પોતાની જીંદગીમાં દીનના રખેવાળ અને કમજોરોનું આશ્રય સ્થાન છે. તેમના નૂરાની જીવનથી અલ્લાહે બ્રમાંડની શરૂઆત કરી. એમના જ જીવનથી આ દુનિયાનો અંત આવશે. તેઓ અલ્લાહની મખ્લુક પર હુજ્જતે ખુદા છે. તેથી આ પવિત્ર હસ્તીઓની ઝિયારતગાહોની ઝિયારત કરવા આવનાર ઝાએરીન માટે જરૂરી છે કે પોતાના વર્તન અને અખ્લાકમાં અઈમ્મએ માસુમીન અ.નું અનુંકરણ કરે. પોતાની જીંદગીમાં તેઓની રીતભાત પર અમલ કરે. જેથી આખેરતમાં અઈમ્મએ માસુમીન અ.ની સાથે રહેવાની જામીનગીરી પ્રાપ્ત કરી શકે. ઈમામો અ.ના રસ્તે ચાલવાની શરતોમાંથી છે કે અહકામે ખુદાની જાણકારી પ્રાપ્ત કરે તથા ફિકહી મસાઈલને પોતાની જીંદગીમાં અમલી બનાવે. હુકમે ખુદા પર અમલ કરે. અલ્લાહે મનાઈ કરેલ કાર્યોથી દૂર રહે. આ જ અસલ પરહેઝગારી છે જેને ઈમામો અ. પોતાની ઝબાનથી બયાન કરેલ છે. આ જ કારણે હરમે મુતહહર અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.ના પ્રચાર વિભાગે આને મહત્ત્વ આપ્યું. જેથી અઈમ્મા અ.ની ઝિયારત માટે આવનાર મોમીનોની સેવામાં રોજીંદા જરૂર પડતા શરઈ મસાઈલ બયાન કરી આ ફૂરસતના સમયનો ફાયદો ઉઠાવીએ અને આ શરઈ મસાઈલને પ્રકાશન કરીએ. જેથી મોમીનો તેનાથી જાણકારી મેળવી શકે. આ નાની એવી કોશીશથી અમો સમાજની સભ્યતા(શિષ્ટતા) અને જાગૃતિ



https://downloadshiabooks.com/

માટે અમારૂં કર્તવ્ય અદા કરી શકીશું. પરંતું આના અનુંસંધાને અમો બે વાતોનું ધ્યાન દોરીશું.

(૧) આ કિતાબમાં જે શરઈ મસાઈલની જાણકારી આપવામાં આવશે તે આયતુલ્લાહિલ ઉઝમા સૈયદ અલીહુસૈની સીસ્તાની (દા.ઝી.) તરફથી સહીહ છે.

(૨) શક્ય છે ત્યાં સુધી ફિકહી મસાઈલને તદ્દન સરળ રીતે રજૂ કરવામાં આવશે. જો કે ફતવાનો ટૂંક ખુલાસો પણ આપવામાં આવશે. જેથી મોમીનોને ફતવો સમજવામાં આસાની થાય.

દીની પ્રચાર વિભાગ
હરમે મુતહ્હર અમીરૂલ મોઅમેનીન અલી અ.
નજફે અશરફ. (ઈરાક)



https://downloadshiabooks.com/

# ગુજરાતી અનુંવાદકની કલમે

સર્વ તારીફ એ અલ્લાહ સુબ્હાનહુ તઆલા માટે છે જેણે આ દુનિયાનું સર્જન કર્યું. તથા એક લાખ ચોવીસ હજાર પયગમ્બરોને હિદાયત માટે મોકલ્યા. આખરી પયગમ્બર હઝરત મોહંમદ મુસ્તુફા સ.ને કયામત સુધી અખ્લાકનો નમુનો બનાવી મોકલ્યા. આ રહમતુલ લિલ આલમીને દીનની તમામ જવાબદારી મૌલાએ મુત્તકીયાન અલી ઈબ્ને અબીતાલીબ અ. અને અહલેબૈત અ.ના હવાલે કરી. અઈમ્મએ માસુમીન અ. એ પવિત્ર હસ્તીઓ છે જેમને અલ્લાહ તઆલાએ પાકો પાકિઝા બનાવી. આ પવિત્ર હસ્તિઓની મઝારો પર અકીદતમંદો મોટી સંખ્યામાં હાજરી આપી પોતાને ગુનાહોથી પાક કરવાની કોશીશ કરે છે.

આ પવિત્ર હસ્તિઓની ઝિયારત તેની તમામ શરતોને આધિન કરવામાં આવે તો જરૂર ઈન્સાન ગુનાહોથી પાક થઈ હિદાયત મેળવે છે. આ માટે **ઝાએરીનના શરઈ એહકામ** કિતાબમાં ઝાએરીનને જરૂરી મસઅલાઓથી વાકેફ કરવામાં આવેલ છે. જેથી એ મુજબ અમલ કરવામાં આવે તો ઝિયારતનો મકસદ પૂરો થાય.

ગુજરાતી ભાષી ઝાએરીન વિશ્વભરમાંથી મોટી સંખ્યામાં માસુમીન અ.ની પવિત્ર મઝારોની ઝિયારત માટે આવે છે. તેઓ આ મસાઈલથી વાકેફ થાય એ કિતાબનો હેતું છે. જયારે **હરમે મુતહ્હર અમીરૂલ મોઅમેનીન અલી અ.** તરફથી ઓફસિયલ વોટ્સ અપ ગૃપ થકી મને ઉર્દૂમાં આ કિતાબની ફાઈલ મળી ત્યારે મને તેનું મહત્ત્વ લાગતાં હરમે અલી અ. તરફથી પરવાનગી લઈ ગુજરાતીમાં અનુંવાદ ચાલું કરેલ. અલ્હમ્દોલિલ્લાહ આ એ અનુંવાદના કામમાં જયારે જરૂર પડી ત્યારે નજફે અશરફમાં દીની તાલીમ લઈ રહેલા મારા દિકરા શમીમહૈદરની મદદ મળી રહી. આ માટે હું તેમનો તથા હરમે મુતહ્હર અમીરૂલ મોઅમેનીન અલી અ.નો ખૂબ જ આભારી છું. અલ્લાહના ફઝલથી આ અનુંવાદ આપ સમક્ષ પ્રસ્તુત છે.

કોઈ ક્ષતિ જણાય તો ધ્યાન દોરવા નમ્ર ગુજારીશ છે.

અલ્લાહ સુબ્હાનહુ તઆલા અઈમ્મએ માસુમીન અ.ના સદકામાં આ નજરાણું કબૂલ કરે તેવી ઉમ્મીદ સાથે.

ગુજરાતી અનુંવાદક



https://downloadshiabooks.com/

# અનુક્રમણિકા
## ઝાએરના શરઈ એહકામ


★ પ્રસ્તાવના....................................

★ ગુજરાતી અનુંવાદકની કલમે ....................

★ અનુક્રમણિકા....................................

૧. ઝિયારતના એહકામ

૨. ઝિયારતની નિયત

૩. તહારત-નજાસતના મસાઈલ

૪. વઝુના મસાઈલ

૫. જનાબત, હયઝ અને નિફાસના મસાઈલ

૬. ઈસ્તિહાઝાના એહકામ

૭. નમાઝના મસાઈલ

૮. સજદાના મસાઈલ

૯. મુસાફીરની નમાઝના મસાઈલ

૧૦. નમાઝે જમાઅતના મસાઈલ

૧૧. સફરમાં રોઝાના એહકામ

૧૨. ઈબાદત હદિયો કરવાના મસાઈલ

૧૩. ખોવાએલી વસ્તુઓના મસાઈલ

૧૪. અમ્રબિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના એહકામ

૧૫. ઝિયારત માટે પગપાળા સફરના એહકામ

૧૬. અન્ય જરૂરી એહકામ




https://downloadshiabooks.com/

# પ્રકરણ- ૧
# ઝિયારતના એહકામ

**સવાલ-૧:** ઘણી બધી ધાર્મિક અને મખ્સુસ ઝિયારતો જેવી કે,

ઝિયારતે બેઅસત, ઝિયારતે અરબઈન, ૧૫ શાબાનની ઝિયારત, નબીએ અકરમ સ.ની, અમીરૂલ મોઅમેનીન અલી અ.ની તથા નબીએ અકરમ સ.ની ઓલાદની પવિત્ર કબરોની ઝિયારત માટે ઈરાદો કરે છે. શું આ હસ્તીઓની કબરોની ઝિયારત કરવી જાએઝ છે?

**જવાબ:** આ તમામ હસ્તીઓની કબરોની ઝિયારત કરવી માત્ર જાએઝ જ નહિ પરંતું એ અલ્લાહની ઈતાઅતમાંથી છે જેનો આપણને હુકમ આપવામાં આવ્યો છે.

**સવાલ-૨:** શું દુનિયાના વિવિધ દેશોમાં હાજર અઈમ્મએ માસુમીન અ.ની ઓલાદ યા તેમના ભાઈઓ યા સહાબીઓની પવિત્ર કબરોની ઝિયારત માટે જવું જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૩:** અઈમ્મએ માસુમીન અ.ની કબર મુબારકની ઝિયારત માટે ન જનાર માટે શું હુકમ છે?

**જવાબ:** અઈમ્મએ માસુમીન અ.ની કબર મુબારકની ઝિયારત કરવી એ સુન્નતે મોઅક્કેદામાંથી છે. તેનાથી દૂર રહેવું અને મોંઢું ફેરવીને તેમની ઝિયારત ન કરવી એ આખેરતમાં હલાકતનું કારણ છે.

**સવાલ-૪:** શું સ્ત્રીએ પોતાના પતિ યા કોઈ મેહરમ વગર એકલા આ પવિત્ર ઝિયારતગાહોની ઝિયારત માટે જવું જાએઝ છે?

**જવાબ:** જો સ્ત્રીને હરામ કામોમાં ફસાઈ જવાનો ડર કે ભય ન હોય તો જાએઝ છે. જો સ્ત્રી પરિણિત હોય તો જરૂરી છે કે ઝિયારતમાં એકલા જવા માટે પતિની રજા લે. અગર સ્ત્રીના માતા-પિતામાંથી કોઈ એક યા બંને જીવતા હોય અને તેણીના એકલા જવાથી માતા-પિતાને પોતાની દીકરી હોવાના કારણે કોઈ



https://downloadshiabooks.com/

જોખમના લીધે ચિંતિત હોય યા તકલીફ હોય તો આવા સંજોગોમાં મા-બાપનો વિરોધ કરવો જાએઝ નથી.

**સવાલ-૫:** પત્નીએ ઘરથી બહાર નીકળવા માટે કઈ હદ સુધી પતિની રજા લેવી જરૂરી છે? અગર પતિ પત્નીને પવિત્ર ઝિયારતગાહોની ઝીયારત માટે જવાથી રોકે તો પત્ની માટે પતિની રજા વગર ઝિયારત માટે જવું જાએઝ છે?

**જવાબ:** પતિની રજા અને ખુશી વગર પત્નીને ઘરની બહાર નીકળવાનો હક નથી. ભલે તેણી પવિત્ર ઝિયારતગાહોની ઝિયારત માટે જ કેમ ન જઈ રહી હોય?

**સવાલ-૬:** શું તલાક લીધેલ સ્ત્રી યા વિધવા સ્ત્રી માટે પોતાના દિકરા યા ભાઈની પરવાનગી વગર પવિત્ર સ્થાનોની ઝિયારત માટે ઘેરથી નીકળવું જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૭:** માસુમીન અ.ની કબરોની ઝિયારત યા હજ માટે માલ ખર્ચ કરવો બહેતર છે? યા તે પૈસાથી ગરીબોની મદદ કરવી બહેતર છે?

**જવાબ:** જરૂરતમંદ મોમીનની મદદ કરવી એ મુસ્તહબ હજ યા પવિત્ર સ્થળોની ઝિયારત કરવાથી બેહતર છે. પરંતુ કેટલીક વખત હજ યા પવિત્ર ઝિયારતગાહોની ઝિયારતની સાથે સાથે બીજા એવા કામ પણ જોડાએલા હોય છે જેના કારણે હજ યા ઝિયારતની ફઝીલત જરૂરતમંદ ગરીબ મોમીનની મદદ કરવા સમાન યા તેનાથી વધારે થઈ જાય છે. જેમ કે હજ યા ઝિયારતના મારફતે લોકોને અહકામે દીનની તબ્લીગ કરવી, અકાએદે હક્કાની તાલીમ આપવી, મઝહબે અહલેબૈત અ. પર થતા એઅતેરાઝો અને શંકાઓના જવાબો આપવા, વાજીબે કિફઈના વર્તુળમાં આવતા કામો અંજામ આપવા વગેરેનો સવાબ ગરીબ જરૂરતમંદ મોમીનને મદદ કરવાના સવાબ જેટલો યા તેનાથી વધારે સવાબ હોવાનું બની શકે છે.

**સવાલ-૮:** જોવામાં આવે છે કે કેટલાક લોકો ઈમામે માસુમ અ.ની ઝરીહ મુબારક પર પહોંચે છે તો ઝરીહના દરવાજા પર સજદો કરે છે. શું આવું કરવું જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** અલ્લાહ તઆલા સિવાય કોઈને પણ સજદો કરવો જાએઝ નથી. તેથી સજદો કરતી વખતે યા તો આ નિયત કરે કે હરમ શરીફના દરવાજા પર એ અલ્લાહનો સજદો કરી રહ્યો છે, જેણે ઝિયારતે ઈમામ અ.ની તૌફિક આપી તથા આ સજદા મારફતે પોતાના પાલનહારની રૂબરૂ નમ્રતા, વિનય અને ખુદાની બંદગી જાહેર કરે. એટલા માટે કે અલ્લાહે તેના માટે ઝિયારતની તમામ પ્રકારની સહાય કરી. તથા ઝિયારતે માસુમીન અ. તેના માટે આસાન થઈ. યા સજદાના બદલે ઈમામ માસુમ અ.ની ચોખટ પર ઝૂકીને બોસા આપે. ચાહે તે ઝૂકવામાં ઈમામ અ.ની બંદગીનો ઈરાદો ન પણ હોય. માત્ર ઈમામનો એહતેરામ અને તેમનાથી પોતાની મોહબ્બત અને પ્રેમ જાહેર કરવાનો ઈરાદો હોય તો પણ જાએઝ છે. એહતિયાત એમાં છે કે પોતાની પેશાની(કપાળ) જમીન પર ન રાખે અને ચોખટને ચૂમતી વેળા સજદો કરનાર માણસ જેવી સ્થિતિ ન બનાવે.

**સવાલ-૯:** ઘણા ખરા ઝાએરીન જયારે ઝીયારત માટે રોઝા મુબારકમાં દાખલ થાય છે તો ઝિયારતની તૌફિક થવા બદલ પોતાના પાલનહારની સમક્ષ શુક્રાને નેઅમતનો સજદો કરે છે. શું આ પ્રકારનો સજદો (સજદએ શુક્ર) કારપેટ યા હરમ મુબારકની તાંબા યા ચાંદી યા બીજી કોઈ ધાતુની બનેલી ચોખટ પર કરવો સહીહ છે?

**જવાબઃ** એહતિયાત એમાં છે કે એ વસ્તું પર સજદો કરવામાં આવે જેના પર શરઈ રીતે સજદો કરવો સહીહ છે.

**સવાલ-૧૦:** કેટલાક મોમીન પવિત્ર ઝિયારતગાહોની ઝિયારત દરમિયાન માસુમીન અ.ની ઝરીહ પર ધાગો બાંધી દે છે. બાદમાં તેને ખોલીને તબર્રૂકની નિયતથી પોતાના (શરીરના અંગ) પર બાંધી દે છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબઃ** એવું કરવામાં કોઈ વાંધો નથી.

**સવાલ-૧૧:** ઈમામે માસુમીન અ.ની ઝરીહ મુબારકની સાથે લીલા રંગનું કપડું યા ધાગો બાંધવો અને બાદમાં તેને ખોલી દેવો એ કઈ વસ્તું પર દલાલત કરે છે?



https://downloadshiabooks.com/

**જવાબ:** આવા પ્રકારના કોઈ કામોનો ઝીક્ર પવિત્ર શરીઅતમાં નથી આવ્યો. પરંતુ આવા કામો અંજામ આપનારની નિયત એ ન હોય કે આવા કામો શરીઅતમાં આવેલા છે યા કોઈ નબી યા ઈમામ અ.મે હુકમ આપેલો છે તો, આવું કરવું હરામ નથી.

**સવાલ-૧૨:** શું પવિત્ર હસ્તીઓની કબરોનો બોસો લેવો અને બરકત મેળવવાના ઈરાદાથી પોતાને ઝરીહ મુબારકથી મસ (સ્પર્શ) કરવું જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૧૩:** બરકત પ્રાપ્ત કરવા માટે તથા મીમ્બરે હુસૈનીનો બોસો લેવા માટે પોતાને મીમ્બરથી મસ કરવાનો શું હુકમ છે? આ રીતે સય્યદુશ્શોહદા અ.ના ગમમાં નીકળેલા જુલુસના અલમ મુબારકનો બોસો લેવો અને ઈમામ બારગાહોની દિવારોને ચૂમવું જાએઝ છે?

**જવાબ:** એવું કરવામાં કોઈ વાંધો નથી. એટલું જ નહિ દરેક એ વસ્તું જેની નિસ્બત સય્યદુશ્શોહદા અ. અને અન્ય અઈમ્માએ માસુમીન અ.થી હોય તેનાથી બરકત પ્રાપ્ત કરવામાં કોઈ મુશ્કેલી નથી.

**સવાલ-૧૪:** કેટલાક લોકો ઈમામ અલી અ.ને પોકારે છે તથા તેમનાથી પોતાની હાજત પૂરી થવાની ઉમ્મીદ રાખે છે અને અલ્લાહને નથી પોકારતા. શું તેમનું આ કામ સહીહ છે?

**જવાબ:** મારા ખ્યાલમાં કોઈ પણ હઝરત અલી અ.ને એવા અકીદાની સાથે નથી પોકારતો કે હઝરત અલી અ. પોતાના કામમાં સંપૂર્ણ (દ્રઢ, નિશ્ચિત) છે અને ખુદાની જેમ આ સૃષ્ટિમાં ઈખ્તિયારનો હક્ક રાખે છે, જે પણ હઝરત અલી અ.ને પોકારે છે યા તો તેમનાથી કોઈ વસ્તુંની માગણી કરે છે, તે એમ સમજીને એવું કરે છે કે ઈમામ અ. અલ્લાહની અત્યંત નજીકના વલી છે. તથા અલ્લાહ અને તેની મખ્લુકની વચ્ચેની કડી (જોડાણ) છે. મૂર્તિઓ વગેરેની જેમ જેઓ પણ અલ્લાહની તરફથી હુજ્જત અને હાકિમ નથી, ખુદાવંદે આલમે તેમનાથી ઝરીઓ અને શફાઅતની માગણીને હરામ કરેલ છે. અલ્લાહે અંબિયા(પયગમ્બરો) અને અવલિયાએ કિરામથી ઝરીઆ અને શફાઅતની



https://downloadshiabooks.com/

માગણીથી રોક્યા નથી. બલ્કે સુરતુન્ નિસા આયત નં. ૬૪માં ખુદાવંદે આલમે ફરમાવ્યું છે કે,

**જયારે આ લોકો પોતાના પર ઝૂલ્મ કરી દેતા તો આપની સેવામાં હાજર થઈ અલ્લાહથી માફી માગતા અને રસુલ સ. પણ તેમના માટે મગફેરતની દુઆ કરતા, તો તેઓ અલ્લાહને તૌબા કબૂલ કરવાવાળો અને રહેમ કરવાવાળો પામતા.**

એક અન્ય જગ્યાએ ખુદાવંદે આલમ ફરમાવે છે કે,

**અય ઈમાનવાળાઓ! અલ્લાહથી ડરો અને તેની તરફ (કુરબતના) ઝરીઆની શોધ કરો.** (સુરતુલ માએદા આયત-૩૫)

**સવાલ-૧૫:** શું એ સહીહ છે કે શીઆઓ અવલિયા અને સાલેહિનની મોહબ્બતમાં હદ ઓળંગીને શીર્કના દરજજા સુધી પહોંચી જાય છે? મતલબ કે તેઓ અહલેબૈત અ.ને પોકારે છે અને તેમના માટે કુરબાની કરે છે તથા ખુદાની સરખામણીમાં તેમનાથી વધારે નિકટતા રાખે છે?

**જવાબ:** આ શીઆઓ પર જૂઠ અને બોહતાન(આળ) છે. શીઆઓ એ અકિદો રાખે છે કે અઈમ્મા અ. અલ્લાહના નેક બંદા છે અને અમે અહલેબૈત હ.થી એટલા માટે મોહબ્બત કરીએ છીએ કે તેઓ રાહેખુદામાં હદથી વધારે નિખાલસ હતા અને રાહે ખુદામાં ફના (આત્મ સમર્પણ)ની મંઝિલના સ્થાન પર હતા. ખુદાએ પણ તેમની સાથે મોહબ્બત અને ઈતાઅતનો હુકમ આપ્યો છે. જેમ કે કુરઆન મજીદમાં છે કે,

**અય મારા હબીબ! કહી દો, હું તબ્લીગે રિસાલતનું કોઈ મહેનતાણું નથી માગતો સિવાય કે અતિ નજીકના રિશ્તેદારોથી મોહબ્બત.**

**સવાલ-૧૬:** એ કઈ સૌથી શ્રેષ્ઠ ઝિયારત છે જે દૂરથી કોઈ પણ સમયે તમામ અઈમ્માએ અત્હાર અ.ની ઝિયારતની નિયતથી  પઢી શકાય છે. તથા દિવસમાં કયો સમય ઝિયારત પઢવા માટે શ્રેષ્ઠ છે?

**જવાબ: મફાતિહુલ જીનાન**માં જુમ્આના દિવસના આમાલમાં જે ઝિયારત આવેલી છે તે ઝિયારતને તમામ માસુમીન અ.ની ઝિયારતની નિયતથી પઢી શકાય છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૭:** શું ઝિયારત અને દુઆ સાંભળવાથી ઝિયારત અને દુઆ પઢવાનો સવાબ મળી જાય છે? યા તેના માટે પઢવું જરૂરી છે?

**જવાબ:** તેના માટે ઝિયારત અને દુઆ પઢવી જરૂરી છે. પઢવું ત્યારે જ સાચું કહેવાશે જયારે માણસ બોલે અને અક્ષરોને તેના ઉચ્ચાર (મખરજ) સાથે અદા કરે.

**સવાલ-૧૮:** શું ઝિયારત દરમિયાન પવિત્ર ઝરીહ મુબારક સુધી પ્રવેશવા માટે ઝાએરીને એક બીજાને ધક્કો મારવો અને તેના આ કાર્યથી ઝાએરીનના ચાલવાની વ્યવસ્થા અને બંદોબસ્તમાં દખલગીરી કરવી જાએઝ છે?

**જવાબ:** અગર આવું કરવામાં બીજાને તકલીફ પહોંચવા જેવી કોઈ શરઈ મનાઈ ન હોય તથા આવું કરવામાં ધમાલ-મસ્તી, લડાઈ-ઝઘડા, આલતું ફાલતું બોલ ચાલ અને કોઈ એવું વર્તન ન હોય જે પવિત્ર સ્થળને પાયમાલ કરે (ઠેસ પહોંચાડે), તો જાએઝ છે. નહિતર જાએઝ નથી.

**સવાલ-૧૯:** અમે નજફમાં રહીએ છીએ. ખાસ ખાસ મૌકાઓ પર જયારે અમે અમીરૂલ મોઅમેનીન અ.ની ઝિયારત માટે આવીએ છીએ. તો અતિશય ભીડના કારણે ઝાએરીનને તકલીફ પહોંચાડ્યા વિના ઝરીહ મુબારક સુધી નથી પહોંચી શકતા. તેથી અમે એ નિયત કરી લઈએ છીએ કે અમે કોઈ અન્ય સમયે ઝિયારત કરી લઈશું. દૂરથી આવેલા ઝાએરીનો માટે તકલીફદાયક નથી બનતા. અમારો સવાલ એ છે કે શું ઝાએરીન માટે તકલીફદાયક બનીને યા તેમને ધક્કા મારીને પણ ઝરીહ મુબારક સુધી પહોંચવું સહીહ છે? યા દૂરથી આવેલા ઝાએરીનને ઝરીહ સુધી પહોંચવા માટે તક આપવી સહીહ છે?

**જવાબ:** ઝિયારત માટે ઝરીહ મુબારક સુધી પહોંચવું જરૂરી નથી. બસ ભીડ અને ઝાએરીનને ધક્કો દેવાથી બચવા માટે એટલું પૂરતું છે કે ઝરીહ મુબારકની નજીક જયાં ભીડ ઓછી હોય ત્યાંથી ઝિયારત કરી લે.

**સવાલ-૨૦:** શું માસુમીન અ.ની ઝરીહ મુબારકને બોસા આપવા માટે ઝાએરીનને ધક્કા મારવા જાએઝ છે?

**જવાબ:** અગર આવું કરવામાં બીજાને તકલીફ પહોંચવા જેવી કોઈ શરઈ મનાઈ ન હોય તથા આવું કરવામાં ધમાલ-મસ્તી, લડાઈ-ઝઘડા, આલતું



https://downloadshiabooks.com/

ફાલતું બોલ ચાલ અને કોઈ એવું વર્તન ન હોય જે પવિત્ર સ્થળને પાયમાલ કરે (ઠેસ પહોંચાડે) તો જાએઝ છે. નહિતર જાએઝ નથી.

**સવાલ-૨૧:** કોઈ માસુમ અ.ના રોઝા મુબારકમાં કોઈ એક જગ્યાએ ઊભા રહી પૂરી ઝિયારત પઢી શકાય છે? યા કિતાબોમાં જણાવ્યા પ્રમાણેના ક્રમ મુજબ ઝિયારતના દરેક ભાગને તેની નક્કી જગ્યા પર જઈને પઢવા જરૂરી છે?

**જવાબ:** એક જગ્યાએ ઊભા રહી પૂરી ઝિયારત પઢવી જાએઝ છે. જો કે બેહતર એ છે કે જયાં સુધી શક્ય હોય ત્યાં સુધી તેના ક્રમ પ્રમાણે ઝિયારત પઢવામાં આવે. જે ઝિયારતની કિતાબોમાં બતાવેલ છે.

**સવાલ-૨૨:** દરેક હરમ શરીફમાં દાખલ થવા માટે ખાસ ઈઝને દુખુલ (પ્રવેશવા માટે પરવાનગી) છે. શું ઝાએરીન ઈઝને દુખુલને કબ્ર મુબારકની આજું બાજું પઢે? યા હરમ શરીફમાં દાખલ થતાં પહેલાં પઢે? યા ઝરીહ મુબારકમાં દાખલ થતાં પહેલાં પઢે?

**જવાબ:** બહેતર એ છે કે હરમ શરીફમાં દાખલ થતાં પહેલાં ઈઝને દુખુલ પઢવામાં આવે.

**સવાલ-૨૩:** જનાબે મીસમે તમ્માર, જનાબ કુમૈલ બિન ઝિયાદ અને અઈમ્મએ માસુમીન અ.ના અસ્હાબોની કબરોની ઝિયારત કરવા વિષે આપનો શું અભિપ્રાય છે? માસુમીન અ.ના અસ્હાબોની ઝિયારત બાદ પઢવામાં આવતી નમાઝ કોઈ શરઈ હેસિયત રાખે છે?

**જવાબ:** માસુમીન અ.ના અસ્હાબોની ઝિયારતની શરઈ પરવાનગી સાબિત છે. તેમની ઝિયારત બાદ નમાઝે ઝિયારત કસદે રજાઅ (સવાબના ઈરાદાથી) પઢવામાં આવે.

**સવાલ-૨૪:** શું રોઝા મુબારકની અંદર રાખવામાં આવેલ સજદાગાહને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવી જાએઝ છે? દાખલા તરીકે ઝરીહ મુબારકવાળી ઈમારતમાં રાખવામાં આવેલ સજદાગાહને ત્યાંથી સહનેશરીફમાં લઈ જવી યા સહને શરીફની સજદાગાહને ચેક પોઈન્ટવાળી જગાએ લઈ જવી જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબ:** અગર વક્ફિયતના હવાલાથી કોઈ મનાઈ ન હોય તો તેમ કરવામાં કોઈ વાંધો નથી.

**સવાલ-૨૫:** શું હરમ શરીફના ખાદિમના માટે ફૂરસદના સમયે દુઆ અને ઝિયારત પઢવી જાએઝ છે?

**જવાબ:** અગર તેમની ફરજ અને જવાબદારીમાં તેનાથી કોઈ અડચણ ન હોય તો જાએઝ છે.

**સવાલ-૨૬:** રોઝા મુબારકના ખાદીમોએ ઝાએરીન સાથે કેવી રીતે વર્તવું જોઈએ? આ અનુંસંધાને આપ રોઝા મુબારકના ખાદીમોને શું નસીહત ફરમાવો છો?

**જવાબ:** રોઝા મુબારકના ખાદીમને એ ધ્યાનમાં હોવું જોઈએ કે દરેક ઝાઈરે ઈમામ અ. હરમની સેવામાં નિયુક્ત ખાદીમનો મહેમાન છે. આમ છતાં પવિત્ર શરીઅતના એહકામ અને કાયદા પર અમલ કરવામાં આળસ ન કરવી જોઈએ. રોઝા મુબારકના ખાદીમ સહનશીલ સ્વભાવ, સારી વર્તણૂક અને વિશાળ હૃદયી હોવો જોઈએ. તેણે પોતાની વાતચીત પહેલાં પોતાના વર્તનથી અલ્લાહ અને તેના દીનની તરફ આમંત્રણ આપનાર હોવો જોઈએ. તેના વાણી અને વર્તનમાં દુશ્મની ન હોવી જોઈએ. હરમે મુબારક અને ઝાએરીનની સેવામાં અલ્લાહની ખુશ્નુદીનો મકસદ પહેલો હોવો જોઈએ. અલબત્ત તૌફિક આપવી અલ્લાહના હાથમાં છે.

**સવાલ-૨૭:** કેટલીક વખત રોઝા મુબારકના ખાદીમો ઝાએરીનને ઝરીહ મુબારક નજીક કેટલીક મખ્સુસ જગ્યાઓ પર ઠહેરવા અને ઝરીહ મુબારકની નજીક મજલીસે અઝા પઢવાથી રોકે છે. યા તેમને સહન શરીફમાં ખાવા-પીવાથી રોકે છે. તો શું ખાદીમો માટે ઝાએરીનને આવા કામથી રોકવા જાએઝ છે? યા ઝાએર જે વસ્તુંને યોગ્ય સમજતો હોય તેને તે અંજામ આપવામાં સંપૂર્ણ આઝાદ છે? જેમ કે જયાં ઝાએર નમાઝ પઢવા ચાહે યા ખાવા-પીવા ચાહે તેનાથી તેને રોકવો ના જોઈએ?

**જવાબ:** દરેક એ કામ જે હરમની પવિત્રતા, હરમ અને ઝાએરીનની સલામતી માટે ગોઠવવામાં આવેલ વ્યવસ્થાની વિરૂધ્ધ ન હોય તો તેને બજાવવા



https://downloadshiabooks.com/

ઝાએર માટે જાએઝ છે. તેના સિવાયના તમામ વિરોધી કામોથી ઝાએરને રોકવામાં આવે.

**સવાલ-૨૮:** અઈમ્મા અ.ના હરમ મુબારકમાં જે જગ્યા પુરૂષો માટે મખ્સુસ છે. શું ત્યાં ઓરતો અપંગ લોકોની વ્હીલ ચેરમાં બેસીને આવી શકે છે? જો કે તે ઓરતો ચાલી પણ શકતી હોય અને ઊભી પણ થઈ શકતી હોય?

**જવાબ:** એમ કરવું જાએઝ છે.

**સવાલ-૨૯:** ઓરતો જે અજ્ર અને સવાબ મેળવવા માટે પુરૂષોની મખ્સુસ જગામાં જાય છે. (દાખલા તરીકે, ઝરીહ મુબારક સુધી પહોંચે છે.) જે પુરૂષો માટે તકલીફનું કારણ બને છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** અગર એમ કરવાથી હરામમાં સપડાઈ જવાનું કારણ બને તો જાએઝ નથી. પરંતુ અમુક ખાસ હદ સુધી એમ કરવામાં કોઈ વાંધો નથી.

**સવાલ-૩૦:** એવો માણસ જે અઈમ્મા અ.ની કબ્ર મુબારકમાં મોટા અવાજથી ઝિયારત પઢે અને એટલા મોટા અવાજથી અહલેબૈત અ.ની શાનમાં અશ્આર અને દુરૂદ પઢે જેનાથી અન્ય ઝાએરીનની ઈબાદત પર અસર પડતી હોય તો એમ કરવું જાએઝ છે?

**જવાબ:** એટલી હદ સુધી અવાજ બુલંદ કરવામાં વાંધો નથી જેનાથી અન્ય ઝાએરીનને કોઈ તકલીફ ના પહુંચે અને તેઓ તે અવાજથી તંગ ન આવે. તથા હરમ પાકની પ્રતિષ્ઠાની સાથે સાથે હરમે અઈમ્મા અ.ની વ્યવસ્થાના વિરૂધ્ધ પણ ન હોય.

**સવાલ-૩૧:** શું અઈમ્મા અ.ના હરમની સેવા માટે નિયુક્ત લોકો માટે જાએઝ છે કે ઝાએરીનની ચેકીંગ વખતે સંવેદનશીલ ભાગોને હાથ લગાવે? જો કે તેઓ આવું જાણી બુઝીને ન કરે.

**જવાબ:** એમ કરવું જાએઝ નથી. પરંતુ અગર જરૂરત પડે અને ચેકીગ તે જગ્યાએ જરૂરી જણાય તો જાએઝ છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૩૨:** એવા ઝાએરીન જેઓ ભીડ દરમિયાન ઝરીહ મુબારક પર ઘણીવાર સુધી ઊભા રહે છે. શું હરમ શરીફના ખાદીમ તેમને આગળ વધવા માટે કહી શકે છે?

**જવાબ:** એમ કરવામાં કોઈ વાંધો નથી. ઝાએરીન માટે પણ જરૂરી છે કે તે હરમ શરીફના મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવેલ માર્ગદર્શન પર અમલ કરે.

**સવાલ-૩૩:** અગર હરમ શરીફના ખાદિમને કોઈ ઝાએર માટે  શક હોય કે તેણે ચોરી કરી છે. તો ખાદિમ તેનું ચેકીંગ કરી શકે છે?

**જવાબ:** અગર જરૂરત પડે તો તેમ કરવું જાએઝ છે. પરંતુ હરમની પ્રતિષ્ઠા અને ઝાએરની ઈજ્જત અને એહતેરામ જળવાઈ રહે.

**સવાલ-૩૪:** વિવિધ કાર્યક્રમોમાં ખાસ કરીને અઈમ્મા અ.ના વિલાદતના પ્રસંગોએ ઓરતો તરફથી ઊંચા અવાજો સંભળાય છે. જો કે તે અવાજોની સાથે સાથે તાળીઓના અવાજો પણ સંભળાય છે. તથા કેટલીક ખુશીઓનો અવાજ ચેકીંગની જગ્યાએથી પણ સંભળાય છે. શું હરમ શરીફના ખાદીમોએ તેમને મનાઈ કરવી જાએઝ છે?

**જવાબ:** અગર આ સમાજમાં તાળીઓ વગાડવી એ આ પાક જગ્યા અપમાનિત થવાનું કારણ ન બને તો તેવું કરવામાં કોઈ વાંધો નથી. પરંતુ ઝાએરીનને એ વાત તરફ ધ્યાન હોવું જોઈએ કે  તાળીઓના બદલે મોહંમદ સ. અને આલે મોહંમદ સ. પર દુરૂદ મોકલે. આ પ્રકારના સંજોગોમાં હરમ શરીફના મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવેલ માર્ગદર્શન પર અમલ કરવો જરૂરી છે.

**સવાલ-૩૫:** જો હરમ શરીફનો કોઈ ખાદિમ કોઈ ઝાએરને અઈમ્મા અ.ના હરમના દરવાજા પર કોઈ લખાણ લખતા જૂએ તો ખાદિમ હુકમોનું ફરમાન કરે છે. તેનો શું હુકમ છે?

**જવાબ:** હરમ શરીફના મેનેજમેન્ટ દ્વારા જણાવવામાં આવેલ માર્ગદર્શન પર અમલ કરવો જરૂરી છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૩૬:** કેટલાક ઝાએરીન હરમ મુબારકના દરવાજા પર પોતાનું નામ પેનથી યા અન્ય કોઈ વસ્તુંથી લખે છે. જેથી પોતાને મુબારક કરી શકે અને દરેક મુસીબતથી સલામત રહી શકે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** એમ કરવું જાએઝ નથી. જેવી રીતે કે હરમ મુબારકના કાયદાઓનું ઉલ્લંઘન કરવું પણ જાએઝ નથી.

## પ્રકરણ- ૨
## ઝિયારતની નિયત

**સવાલ-૩૭:** કોઈ માસુમ અ.ના રોઝા મુબારકની ઝિયારતની નિયત કેવી રીતે કરવામાં આવે છે?

**જવાબ:** નિયતને શબ્દોમાં બોલવા જરૂરી નથી. માસુમ અ.ની ઝિયારત માટે એટલું પૂરતું છે કે દિલમાં તેમની ઝીયારત કરવાનો ઈરાદો કરે અને ઝિયારત પઢે.

**સવાલ-૩૮:** શું મારા માટે જાએઝ છે કે માસુમ અ.ની ઝિયારતની નિયત આ રીતે કરૂં, હું ઈમામ અ.ની ઝિયારત કુરબતન એલલ્લાહ કરૂં છું?

**જવાબ:** નિયતની બતાવેલ રીત જાએઝ છે. કેમ કે ઝિયારતે ઈમામ અ. અલ્લાહની કુરબત(નિકટતા) માટેનો બેહતરીન વસીલો છે.

**સવાલ-૩૯:** ઈમામ અ.ની કબરની ઝિયારત બાદ પઢવામાં આવતી નમાઝની નિયત કેવી રીતે કરવી જોઈએ?

**જવાબ:** અગર માસુમ અ.મે કોઈ ઝિયારત પઢ્યા બાદ નમાઝ પઢવાનો હુકમ આપેલો હોય તો તે ઝિયારત બાદ નમાઝે ઝિયારતની નિયતથી નમાઝ અદા કરવામાં આવશે. અગર માસુમની તરફથી કોઈ એવો હુકમ કરવામાં આવ્યો ન હોય તો ઝાએર કબરવાળા માટે હદિયાની નિયતથી બે રકાત નમાઝ અદા કરે અને નમાઝ પઢ્યા બાદ કબરવાળાને હદિયો કરી દે.



https://downloadshiabooks.com/

## પ્રકરણ- 3
## તહારત અને નજાસતના મસાઈલ

**સવાલ-૪૦:** અગરકોઈ માસુમ અ.નો હરમ કોઈ કારણથી નજીસ થઈ જાય તો ઝાએરીનની શું જવાબદારી છે?

**જવાબ:** હરમની સેવા માટે નિયુક્ત ખાદીમને જાણ કરવી વાજીબ છે. જેથી તે જગાને પાક કરે.

**સવાલ-૪૧:** જે માણસના શરીર પર લોહી યા પેશાબ વગેરે જેવી કોઈ નજાસત લાગેલ હોય તો શું તેના માટે રોઝા મુબારકમાં પ્રવેશ કરવો જાએઝ છે?

**જવાબ:** અગર આ નજાસતના કારણે રોઝા મુબારકની કોઈ જગા નજીસ થવાનો ભય ન હોય તો જાએઝ છે.

**સવાલ-૪૨:** અગર કોઈ બાળક ડાયપર ન પહેર્યું હોય અને હરમ મુબારક તથા સહન શરીફમાં દાખલ થતાં જ બાળકના પેશાબ કરી દેવાનો ડર હોય તો, આ હાલતમાં આ બાળક અને બાળકને સાથે લાવનાર ઓરતને હરમ શરીફમાં દાખલ થતા રોકવી એ શરઈ રીતે જાએઝ છે?

**જવાબ:** પવિત્ર ઝિયારતગાહોની પ્રતિષ્ઠાની હિફાઝત કરવી વાજીબ છે. ઝાએરીન પર વાજીબ છે કે રોઝા મુબારકની સેવા માટે નિયુક્ત અમલદારના ઉપદેશ અને માર્ગદર્શન પર શરીઅતની હદમાં રહીને અમલ કરે. અગર કોઈ ઝાએર રોઝા મુબારકના વ્યવસ્થાપકોના ઉપદેશ પર અમલ ન કરે, તો હરમ શરીફની વ્યવસ્થાના અફસરો પર વાજીબ છે કે રોઝા મુબારકના એહતેરામ અને પવિત્રતાને વિશ્વાસપાત્ર બનાવે.

**સવાલ-૪૩:** કોઈ ઝાએરની સાથે આવેલ બાળક અગર રોઝા મુબારકમાં કોઈ જગ્યાને નજીસ કરી દે અને આ માણસ શરમ અને સંકોચના કારણે રોઝા મુબારકના ખાદીમને ન બતાવી શકે તો તેણે શું કરવું જોઈએ?



https://downloadshiabooks.com/

**જવાબ:** અગર આ જગાને નજીસ કરવાના લીધે રોઝા મુબારકના એહતેરામનો ભંગ થતો હોય અને તે ઝાએરને એ પણ ખબર હોય કે આ જગાના નજીસ હોવાની જાણ અગર કોઈ અન્ય માણસને કરવામાં આવે તો તે જગ્યાને પાક કરી દેશે. તો આવા સંજોગોમાં આ ઝાએર પર વાજીબ છે કે કોઈ પણ રીતે અન્ય કોઈ માણસને બતાવી દે કે હરમ શરીફમાં ફલાણી જગ્યા નજીસ થઈ છે.

**સવાલ-૪૪:** શું સંડાસની અંદરની જગ્યા પાક સમજવામાં આવશે? જો કે મોટા ભાગે તેમાં લોટાથી પાયખાનાની સફાઈ કરવામાં આવે છે.

**જવાબ:** જયાં સુધી સંડાસની જગ્યા નજીસ હોવાનું યકીન ન હોય, તે નજીસ સમજવામાં નહિ આવે.

**સવાલ-૪૫:** એ માણસ માટે શું હુકમ છે જે સંડાસમાં જાજરૂ કર્યા બાદ શક થાય કે જાજરૂ દરમિયાન પેશાબના થોડાક છાંટા તેના કપડા પર પડ્યા છે? તથા કપડા પર પડેલા છાંટાના બારામાં પણ નથી જાણતો કે આ છાંટા પાણીના છે કે પેશાબના?

એ હાલતમાં શું હુકમ છે કે જયારે નજાસતને ધોવા માટે ઉપયોગમાં લેવાએલ પાણીની સાથે ભળેલા નજાસતના છાંટા જમીન પર પડ્યા બાદ ફરી કપડાં પર લાગી જાય?

**જવાબ:** જયાં સુધી નજાસતનું સંપૂર્ણ યકીન ન થાય ત્યાં સુધી તે છાંટા પાક ગણવામાં આવશે.

**સવાલ-૪૬:** અગર શરીર યા કપડા પર દિરહમ બગલી (અંગુઠાના પ્રથમ વેંઢા) જેટલું ઈન્સાનનું લોહી લાગેલું હોય તો શરઈ રીતે તેના હોવા છતાં નમાઝ પઢી શકાય છે. તો સવાલ એ છે કે શરીર યા કપડા પર લાગેલ આ લોહી બીજી કોઈ વસ્તું ને લાગે તો તે નજીસ થશે કે નહિ?

**જવાબ:** ઈન્સાનનું લોહી સવાલમાં બતાવ્યા પ્રમાણેનું લાગેલું હોય છતાં નમાઝ પઢવી જાએઝ છે. એ શરતે કે તે લોહી હયઝ, ઈસ્તિહાઝા યા નિફાસનું લોહી ન હોય.પરંતું ઈન્સાનનું લોહી જે દિરહમ બગલીની બરાબર હોય અગર બીજી કોઈ વસ્તુંને લાગી જાય તો તે નજીસ થઈ જશે. નમાઝમાં દિરહમ



https://downloadshiabooks.com/

બગલીના બરાબર લોહનું માફ થવું એ લોહીનું પાક હોવાનું કારણ બનતું નથી.

## પ્રકરણ- ૪
## વઝૂના મસાઈલ

**સવાલ-૪૭:** એ પાણી જે ફક્ત પીવા માટે ખાસ હોય છે. જેમ કે, મસ્જીદ, પવિત્ર સ્થળો પર, સાર્વજનિક જગ્યાઓ પર, ઘરોમાં રાખવામાં આવેલ વોટર કુલરના પાણીથી વઝૂ કરવાનો શું હુકમ છે?

**જવાબ:** પોતાના ઘર તથા દરેક એ વોટર કુલરના પાણીથી વઝૂ કરવું જાએઝ છે જેના માલીક તરફથી વઝૂ કરવા માટે પરવાનગીની જાણ હોય. દરેક એ જગ્યાએ એવા પાણીથી વઝૂ કરવું જાએઝ નથી જે પાણીના માલીક તરફથી પરવાનગીની જાણ ન હોય. એ જ રીતે જયાંનું વોટર કુલર સાર્વજનિક ઉપયોગ માટે હોય અને તેનું પાણી પીવા માટે ખાસ હોય તો તેવા પાણીથી પણ વઝૂ કરવું જાએઝ નથી. જે માણસ શરઈ મસ્અલો ન જાણવાના કારણે એવા પાણીથી વઝૂ કરે તો તેની નમાઝ સહીહ છે.

**સવાલ-૪૮:** અહલેબૈત અ.ના રોઝા મુબારકમાં જે વોટર કુલર હોય છે તેમના પર લખેલું હોય છે કે આ વોટર કુલરનું પાણી ફક્ત પીવા માટે છે. શું તે પાણીથી વઝૂ કરવું સહીહ છે? ખાસ કરીને ઈમામ હુસૈન અ.ના ચેહલુમના સમયે તથા ૧૫ શાબાન જેવા ખાસ ખાસ પ્રસંગોએ વઝૂખાના સુધી પહોંચવું ખૂબ જ મુશ્કેલ હોય છે. તથા વધારે પડતી ભીડના કારણે કપડા યા શરીર નજીસ થવાનો ડર પણ હોય છે. આવી પરિસ્થિતિમાં એ વોટર કુલરોના પાણીથી વઝૂ કરવું જાએઝ છે?

**જવાબ:** સવાલમાં પહેલા વાક્યમાં જણાવેલ છે તેને ધ્યાનમાં રાખતા તે પાણીથી વઝૂ કરવું જાએઝ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૪૯:** શું એ જાએઝ છે કે માણસ એક મસ્જીદના વઝૂખાનામાં વઝૂ કરે અને નમાઝ માટે બીજી મસ્જીદ યા હરમે  પાકમાં જાય?

**જવાબ:** જે મસ્જીદનું પાણી ફક્ત તે જ મસ્જીદમાં નમાઝ પઢનારાઓ માટે વક્ફ યા મખ્સુસ ન હોય તો મસ્જીદના પાણીથી વઝૂ કરી કોઈ પણ જગ્યાએ જઈ નમાઝ પઢી શકાય છે.

**સવાલ-૫૦:** સમયની તંગીના કારણે વઝૂ યા ગુસ્લના બદલામાં કરવામાં આવેલ તયમ્મુમથી કુરઆનના અક્ષરોને સ્પર્શ કરવા જાએઝ છે?

**જવાબ:** વઝૂ યા ગુસ્લના બદલામાં કરવામાં આવેલ તયમ્મુમથી ફક્ત તે જ નમાઝ પઢવી સહીહ છે જેનો સમય તંગ થઈ ચૂક્યો હોય.

**સવાલ-૫૧:** શું વઝૂ કરતી વખતે ઓછામાં ઓછા પાણીનો ઉપયોગ કરવો વાજીબ છે?

**જવાબ:** દરેક કામમાં ઈસરાફ(વેડફવું) અને કોઈ વસ્તુંને બરબાદ કરવી એ હરામ અને નિંદનીય (તિરસ્કારને પાત્ર) કામ છે. આ રીતે વઝૂમાં પણ જરૂરતથી વધારે પાણીનો ઉપયોગ ઈસરાફ અને પાણીનો દુર્વ્યયમાં સમાવેશ થાય છે. જેથી વઝૂ કરવામાં ઓછામાં ઓછા પાણીનો ઉપયોગ વાજીબ છે.

**સવાલ-૫૨:** વઝૂમાં છૂટથી પાણીનો ઉપયોગ ઈસરાફના દાયરામાં આવે છે જે હરામ છે. જો કે બીજી બાજુ મુસ્તહબ છે કે વઝૂ દરમિયાન વઝૂના ભાગોમાંથી દરેક ભાગને સારી રીતે ધોવામાં આવે. હવે ઈસરાફથી બચવા અને વઝૂના દરેક ભાગોને સારી રીતે ધોવાના હુકમ, આ બંને પર એક સાથે કેવી રીતે અમલ કરવામાં આવે?

**જવાબ:** વઝૂના ભાગોમાંથી દરેક ભાગને તર કરવા એટલે કે ભીના કરવા માટે જે પાણીની જરૂરત પડે છે, વઝૂ માટે તેનાથી વધારે પાણીનો ઉપયોગ એ ઈસરાફ કહેવાશે અને તે હરામ છે.

**સવાલ-૫૩:** શું માત્ર કુરઆનમજીદની આયાતને સ્પર્શ કરવા માટે વઝૂ સાથે હોવું જરૂરી છે? યા કુરઆનના પાનાને યા ગીલાફ (પૂંઠું યા કપડાનું કવર)ને સ્પર્શ કરવા માટે પણ વઝૂ સાથે હોવું જરૂરી છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** માત્ર કુરઆનમજીદના શબ્દોને (જેમાં હરકાત-ઝબર-ઝેર-પેશ પણ સામેલ છે.)ને સ્પર્શ કરવા વઝૂ સાથે હોવું જરૂરી છે.

**સવાલ-૫૪ઃ** દુઆએ જવશને કબીર અને દુઆએ કદહ વગેરે જેવી મહાન દુઆઓને ઉઠાવવા માટે મારે વઝૂની હાલતમાં હોવું જરૂરી છે?

**જવાબઃ** વાજીબ નથી.

**સવાલ-૫૫ઃ** ઈત્ર ઔદ (એટલે કે અગરબત્તીવાળી ખુશ્બુ) થી પોતાને સુગંધિત કર્યા બાદ વઝૂ કરવું સહીહ છે?

**જવાબઃ** સહીહ છે.

**સવાલ-૫૬ઃ** કોઈ ઓરતના નખો પર નેઈલ પોલીશ લગાવીને વઝૂ કરવાનો શું હુકમ છે?

**જવાબઃ** આવી સ્ત્રના વઝૂ અને નમાઝ બંને સહીહ નથી. કેમ કે આ પોલીશ પાણીને નખો સુધી પહોંચાડવામાં રૂકાવટ બને છે. વઝૂને સહીહ કરવા માટે પાણીનું વઝૂના દરેક ભાગમાં પહોંચવું જરૂરી છે.

યાદ રહે કે કોઈ પણ ઓરતે નખો પર નેઈલ પોલીશ લગાવવી એ ઝીનત અને મેક-અપમાં સમજવામાં આવે છે. કોઈ પણ નામેહરમને બતાવવા માટે નેઈલ પોલીશનો ઉપયોગ યા અન્ય કોઈ મેક-અપ કરવો હરામ છે. જેથી કોઈ ઓરત નખ પર પોલીશ લગાવે તો તેને પોતાના બાકી શરીરની જેમ પોલીશ કરેલા નખોને નામેહરમથી છૂપાવવા વાજીબ છે.

**સવાલ-૫૭ઃ** વઝૂ કરતી વખતે અગર મોંઢામાંથી લોહી નીકળી આવે તો શું વઝૂ છોડીને લોહીવાળી જગ્યાને સાફ કરવી જરૂરી છે.? યા લોહીવાળી જગ્યાને ધોયા વગર વઝૂને ચાલુ રાખી શકાય છે?

**જવાબઃ** લોહીવાળી જગ્યાને ધોયા વિના વઝૂ ચાલું રાખવું જાએઝ છે. પરંતું મોંઢામાંથી નીકળતા લોહીથી વઝૂના ભાગોમાંથી કોઈ ભાગ નજીસ થઈ જાય તો તે નજીસ જગાને પાક કરવી વાજીબ છે. અગર કોઈ તે વઝૂના મારફતે તેને પાક કરી લે તો પણ જાએઝ છે અને વઝૂ સહીહ છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૫૮:** અગર માથું યા પગ ભીના હોય તો શું તે જ હાલતમાં વઝૂ કરવું સહીહ છે?

**જવાબ:** અગર માથા યા પગ પર એટલી ઓછી ભીનાશ હોય કે તેના પર મસહ કરવાથી એક અલગ નવી ભીનાશ જણાઈ આવે તો વઝૂ સહીહ છે. આવી જ રીતે અગર માથા યા પગો પરની ભીનાશ એક ટીપું યા થોડાક ટીપા બરાબર હોય અને મસહ કરવાથી તે ટીપાં મસહના પાણી સાથે ભળીને નાબૂદ થઈ જાય ત્યારે પણ વઝૂ સહીહ છે.

**સવાલ-૫૯:** જે માણસ વાજીબ નમાઝના સમયથી પહેલાં તિલાવતે કુરઆન યા મુસ્તહબ નમાઝ યા ઈસ્તિખારા યા ઝિયારત યા અન્ય કોઈ ઈરાદાથી વઝૂ કરે છે. શું તેના માટે નમાઝનો સમય દાખલ થવાના બાદ આ જ વઝૂથી વાજીબ નમાઝ પઢવી જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૬૦:** શું ગુસ્લે ઝિયારત કર્યા પછી નમાઝ વગેરે માટે વઝૂ કરવું જરૂરી છે?

**જવાબ:** ગુસ્લે ઝિયારત કરવાનો ઘણો સવાબ છે. પરંતું ગુસ્લે ઝિયારતના લીધે વઝૂ કરવામાં કોઈ છૂટ નથી. માટે ગુસ્લે ઝિયારત કર્યા પછી નમાઝ વગેરે માટે વઝૂ કરવું જરૂરી છે.

**સવાલ-૬૧:** કેટલીક ઓરતો નામેહરમ પુરૂષોની સામે વઝૂ કરે છે અને વઝૂ દરમિયાન તેમના હાથ ઊઘાડા થઈ જાય છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** જાએઝ નથી. પરંતું તે ઓરતોનું વઝૂ સહીહ છે.

**સવાલ-૬૨:** સફર દરમિયાન ઓરતોને કેટલીક વખત એવી જગ્યાએ વઝૂ કરવું પડે છે કે જયાં પુરૂષો પણ હાજર હોય છે. વઝૂ અને મસહ કરતી વખતે નામેહરમ પુરૂષોની તે ઓરતો પર નજર પડતી હોય છે. શું આવી હાલતમાં ઓરતનું મોજા પર મસહ કરવું જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** મોજા પર મસહ કરવા સહીહ નથી. આ ઓરત માટે જરૂરી એ છે કે પોતાના પગ પર એ રીતે મસહ કરે કે કોઈ નામેહરમ પુરૂષ તેને ના જોઈ રહ્યો હોય.

**સવાલ-૬૩:** અગર વઝૂના અંગો પર દિરહમ બગલી(અંગુઠાના પહેલા વેંઢા)થી ઓછું લોહી એ રીતે જામી જાય કે અગર તેના પર પાણી નાખવામાં આવે તો તે જામેલું જ રહે. પરંતું તેને કાઢી દેવામાં આવે તો ફરીથી લોહી નીકળવાનું ચાલું થઈ જાય છે. શું તે જામેલા લોહી પર વઝૂ કરવું જાએઝ છે?

**જવાબઃ** લોહી નજીસ છે. ચાહે તે જામેલું હોય યા વહેતું હોય. ચાહે દિરહમ બગલી જેટલું હોય યા સોયની અણી જેટલું હોય. તે લોહી પર વઝૂ કરવું જાએઝ નથી. અગર સવાલમાં જણાવેલ જામેલું લોહીથી આપનો મતલબ ઝખમના ઉપર બનેલ લોહીના રંગનું પડ હોય તો, તે લોહી નથી.

## પ્રકરણ- ૫
## જનાબત, હયઝ અને નિફાસના મસાઈલ

**સવાલ-૬૪:** જનાબતવાળા પર કઈ વસ્તુંઓ હરામ છે?

**જવાબઃ** જનાબતવાળા પર કેટલીક વસ્તુંઓ હરામ છે.

(૧) **'અલ્લાહ'** શબ્દને અડકવું અને આ જ રીતે **અલ્લાહના નામોને** તથા **અલ્લાહના સીફાતી નામો** (અલ્લાહના ગુણો)ને પણ સ્પર્શવું હરામ છે. એહતિયાતન **માસુમીન અ.ના મુબારક નામોને** અડકવાનો પણ આ જ હુકમ છે.

(૨) કુરઆન મજીદના અક્ષરોને સ્પર્શ કરવો.

(૩) મસ્જીદમાં દાખલ થવું, ચાહે મસ્જીદમાં કોઈ વસ્તું લેવા માટે દાખલ થવું હોય તો પણ હરામ છે. પરંતું પસાર થવાના હેતુંથી ઠહેર્યા વગર એક દરવાજાથી પસાર થઈ બીજા દરવાજામાંથી બહાર નીકળી જાય તો હરામ નથી.



https://downloadshiabooks.com/

(૪) મસ્જીદોમાં ઠહેરવું.

(૫) એહતિયાતે વાજીબ મસ્જીદમાં કોઈ વસ્તું રાખવી. અગર કોઈ વસ્તું પસાર થવાની હાલતમાં ઠહેર્યા વગર રાખવામાં આવે યા ખુદ મસ્જીદની બહાર રહીને રાખવામાં આવે તો તે પણ હરામ છે.

(૬) મસ્જીદુલ હરામ અને મસ્જીદે નબવીમાં દાખલ થવું ચાહે મસ્જીદમાંથી પસાર થવાનો હેતું જ કેમ ન હોય, તો પણ જાએઝ નથી.

(૭) તે આયાતો જેની તિલાવતથી સજદો વાજીબ થઈ જાય તેને પઢવી હરામ છે. એહતિયાત એ છે કે તે સુરાઓ પણ ન પઢવા જોઈએ જેમાં સજદાની આયતો છે. તે સુરા આ મુજબ છે.

(૧) સુરાએ સજદા

(૨) સુરાએ હા-મીમ સજદા

(૩) સુરાએ નજમ

(૪) સુરાએ અલક

**સવાલ-૬૫:** ઓરત પર હૈઝની હાલતમાં કઈ વસ્તુંઓ હરામ છે?

**જવાબ:** હયઝની હાલતમાં ઓરત પર સમાગમ(સંભોગ) તથા જે વસ્તુંઓ જનાબતવાળા પર હરામ છે. તે હયઝની હાલતમાં પણ હરામ છે. જે સવાલ-૬૪ના જવાબમાં આપવામાં આવેલ છે.

**સવાલ-૬૬:** નિફાસની હાલતમાં ઓરત પર કઈ વસ્તુંઓ હરામ છે?

**જવાબ:** જાહેર એ છે કે વાજીબાત, હરામ, મુસ્તહબ અને મકરૂહ વસ્તુંઓ માટેના જે હુકમો હયઝની હાલતમાં ઓરત માટે સાબિત છે તે જ હુકમો નિફાસવાળી ઓરત પર પણ સાબિત છે. થોડાક કામ એવા છે જે હયઝની હાલતમાં ઓરત પર હરામ છે. પરંતુ તે કામ હાલતે નિફાસમાં હરામ હોવા મહલ્લે ઈશ્કાલ છે. તેથી એહતિયાત એ છે કે ઓરત હાલતે નિફાસમાં તેવા કામોથી દૂર રહે. તે કામો નીચે મુજબ છે.

(૧) તે આયાતોની તિલાવત કરવી જેમાં વાજીબ સજદો છે.

(૨) મસ્જીદમાં દાખલ થવું અને ઠહેર્યા વગર પાછું ફરવું.



https://downloadshiabooks.com/

(૩) મસ્જીદોમાં ઠહેરવું.

(૪) મસ્જીદમાં કોઈ વસ્તું રાખવી.

(૫) મસ્જીદુલ હરામ અને મસ્જીદે નબવીમાં દાખલ થવું ચાહે મસ્જીદમાંથી પસાર થવાનો હેતું જ કેમ ન હોય.

**સવાલ-૬૭:** શું હયઝ યા જનાબતની હાલતમાં કોઈ માસુમ અ.ના રોઝા મુબારકમાં દાખલ થવું જાએઝ છે?

**જવાબ:** સહને શરીફમાં તથા હોલ વગેરેમાં દાખલ થવું જાએઝ છે. જેનું મસ્જીદ હોવું સાબિત નથી. પરંતું એહતિયાતે વાજીબની બીના પર રોઝાએ મુબારકના જે હોલ યા કમરામાં ઝરીહ મુબારક છે, તેમાં દાખલ થવું જાએઝ નથી.

**સવાલ-૬૮:** એક ઓરતે મન્નત માની કે ખાસ સમયમાં ૪૦ દિવસ સળંગ ઈમામ હુસૈન અ.ની ઝિયારત કરીશ અને દરેક ઝિયારતની નમાઝ પણ પઢીશ. પરંતું મન્નત પૂરી કરવાનો સમય આવ્યો તો તે ઓરતના માસિક પીરીયડના દિવસો શરૂ થઈ ગયા. તો આવી હાલતમાં તેણી ઝિયારતની નમાઝ માટે કોઈને નાયબ (વકિલ) બનાવી શકે છે? અગર જાએઝ હોય તો શું મુસ્તહબ નમાઝો માટે પણ કોઈને અજીર(મહેનતાણું લઈને કામને અંજામ આપનાર) બનાવી શકે છે?

**જવાબ:** આવી પરિસ્થિતિમાં આ ઓરત ફક્ત ઝિયારત કરે અને નમાઝ ના પઢે. જીવતા માણસના તરફથી ઝિયારત અને ઝિયારતની નમાઝના માટે કોઈને અજીર બનાવી શકે છે.

**સવાલ-૬૯:** શું હયઝ અને જનાબતની હાલતમાં અઈમ્મએ માસુમીન અ.ની ઓલાદ અને તેમના અસ્હાબોના હરમોમાં દાખલ થવું જાએઝ છે?

**જવાબ:** આ હરમોના દરેક એ ભાગમાં જવું જાએઝ છે જે મસ્જીદ નથી. એ શરતે કે આવું કરવું હરમની બેહુરમતી ન સમજવામાં આવતી હોય.

**સવાલ-૭૦:** શું હાલતે હયઝમાં ઓરતનું દુઆ અને ઝિયારતનું પઢવું જાએઝ છે? શું તેમ કરવાથી તેને સવાબ મળશે?



https://downloadshiabooks.com/

**જવાબ:** હાલતે હયઝમાં ઓરતનું દુઆ અને ઝિયારતનું પઢવું જાએઝ છે. ઈન્શાઅલ્લાહ તેનાથી સવાબ પણ મળશે.

**સવાલ-૭૧:** હાલતે હયઝમાં તિલાવતે કુરઆન બાબતે કેટલાક સવાલ છે.

(૧) શું હાલતે હયઝમાં ઓરતનું કુરઆને મજીદની તિલાવત કરવી હરામ છે? યા મકરૂહ છે? યા જાએઝ છે? ખાસ કરીને એ સુરાઓને પઢવાનો શું હુકમ છે જેમાં સજદાની આયતો છે?

(૨) હયઝની હાલતમાં ઓરતનું એ સુરાઓને પઢવાનો શું હુકમ છે જેમાં મુસ્તહબ સજદા છે?

(૩) શું હયઝની હાલતમાં ઓરતે કુરઆનમજીદના નાના સુરાઓની તિલાવત કરવી જાએઝ છે?

**જવાબ:** (૧) હયઝની હાલતમાં ઓરતના માટે કુરઆન મજીદની તિલાવત જાએઝ છે. આ અમલ મકરૂહ નથી. હયઝની હાલતમાં એ આયતો પઢવી હરામ છે જેમાં વાજીબ સજદો છે. તે આયતો આ મુજબ છે. સુરએ સજદા આયત-૧૫, સુરા હા-મીમ સજદા આયત-૩૭, સુરએ નજમ આયત-૬૨, સુરએ અલક આયત-૧૯. હયઝની હાલતમાં ઓરત માટે જરૂરી છે કે આયતના અક્ષરોને અડવાથી દૂર રહે.

(૨) જાએઝ છે.

(૩) જાએઝ છે. જો કે સુરએ અલકની એ આયત પઢવી જાએઝ નથી જેમાં વાજીબ સજદો છે.

**સવાલ-૭૨:** શું હયઝની હાલતમાં ઓરત માટે ગુસ્લે જુમ્આ તથા અન્ય મુસ્તહબ ગુસ્લો કરવા મુસ્તહબ છે?

**જવાબ:** ગુસ્લે જુમ્આ તથા અન્ય મુસ્તહબ ગુસ્લો હાલતે હયઝમાં પણ મુસ્તહબ છે. પરંતું માસિક પૂરૂં થવા પહેલાં ગુસ્લે જુમ્આનું સહીહ હોવું ઈશ્કાલ છે. તેથી સવાબ મેળવવા માટે ગુસ્લે જુમ્આ બજાવી લાવે.

**સવાલ-૭૩:** શું હયઝની હાલતમાં ઓરતે ભીના હાથે સજદાગાહને અડકવું જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** તેમ કરવામાં કોઈ વાંધો નથી.

**સવાલ-૭૪:** શું હયઝ અને જનાબતની હાલતમાં હઝરત ઈમામ મુસા કાઝીમ અ. અને ઈમામ અલી રઝા અ.ના રોઝા મુબારકની નીચેની જમીનમાં બનેલા હોલમાં દાખલ થવું જાએઝ છે?

**જવાબઃ** ઈમામની કબર મુબારકની નીચેની જમીનના હોલમાં તથા મસ્જીદમાં જેનો સમાવેશ થાય છે તે હોલ સિવાય બાકીની જમીનમાં બનાવેલા હોલમાં જવું જાએઝ છે.

## પ્રકરણ- ૬
## ઈસ્તિહાઝાના મસાઈલ

**સવાલ-૭૫:** શું ઈસ્તિહાઝા કલીલા માટે વઝૂના બાદ કુરઆન મજીદના અક્ષરોને અડકવા અને કુરઆનમજીદની તિલાવત કરવી જાએઝ છે?

**જવાબઃ** જાએઝ છે.

**સવાલ-૭૬:** શું હાલતે ઈસ્તિહાઝામાં ઓરત માટે મસ્જીદ અને માસુમીન અ.ના હરમમાં દાખલ થવું જાએઝ છે?

**જવાબઃ** જાએઝ છે.

**સવાલ-૭૭:** હાલતે ઈસ્તિહાઝામાં ઓરત પર કઈ વસ્તુંઓ હરામ છે?

**જવાબઃ** પોતાની જવાબદારી મુજબ વઝૂ અને ગુસ્લ કરવા પહેલાં કુરઆન મજીદના શબ્દોને તથા **'અલ્લાહ'**ના શબ્દને અડકવું હરામ છે. એહતિયાતે વાજીબની બિના પર અન્ય અલ્લાહના નામો, અલ્લાહના સિફાતી નામો અને માસુમીન અ.ના નામોને અડકવું પણ હરામ છે.



https://downloadshiabooks.com/

## પ્રકરણ- ૭
## નમાઝના મસાઈલ

**સવાલ-૭૮:** શું માસુમીન અ.ના હરમ મુબારકમાં નમાઝ પઢવી મુસ્તહબ છે?

**જવાબ:** માસુમીન અ.ના હરમ મુબારકમાં નમાઝ પઢવી મુસ્તહબ છે. જો કે એક કૌલ(કથન) મુજબ કોઈ માસુમીન અ.ના રોઝા મુબારકમાં નમાઝ પઢવી એ મસ્જીદમાં નમાઝ પઢવાથી વધારે અફઝલ છે. રિવાયતોમાં છે કે અમીરૂલ મોઅમેનીન અ.ના હરમ મુબારકમાં એક નમાઝ પઢવાનો સવાબ બે લાખ નમાઝોની બરાબર છે.

**સવાલ-૭૯:** ઝિયારતની નમાઝ પઢવી મુસ્તહબ છે કે વાજીબ?

**જવાબ:** મુસ્તહબ છે.

**સવાલ-૮૦:** હું ઝિયારતની નમાઝ કેવી રીતે પઢું?

**જવાબ:** ઝિયારતની નમાઝ બે રકાત છે.

**સવાલ-૮૧:** શું ઝિયારતની નમાઝમાં ફક્ત સુરએ ફાતેહા (અલ્હમ્દ) પઢવો જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૮૨:** અઈમ્મએ અત્હાર અ.ની ઝિયારત પૂરી કર્યા બાદ મોમીનીન બે રકાત નમાઝે ઝિયારત પઢે છે. સવાલ એ છે કે,

(૧) શું આ નમાઝ ઝિયારતનો ભાગ છે?

(૨) શું ઝિયારત બાદ પઢવામાં આવતી નમાઝને બેસીને પઢવી જાએઝ છે?

**જવાબ:** (૧) આ નમાઝ ઝિયારતનો ભાગ નથી. પરંતું ઝિયારતના આદાબમાંથી છે.



https://downloadshiabooks.com/

(૨) જાએઝ છે. પરંતું બેસીને પઢવાની હાલતમાં દરેક બે રકાતને એક રકાત ગણે અને બે વખત બેસીને નમાઝ પઢે. બીજી નમાઝને સવાબ પ્રાપ્ત કરવાની નિયતથી પઢે.

**સવાલ-૮૩:** શું નવાફિલ નમાઝમાં ફક્ત સુરએ ફાતિહા પઢી શકાય?

**જવાબ:** જાએઝ છે. પરંતું એ નવાફિલ જેમાં કેટલાક સુરાઓ અને ખાસ આયતો પઢવી મુસ્તહબ છે તે નવાફિલમાં તે સુરાઓ અને ખાસ આયતોને પઢવી જોઈએ. કેમ કે તે નમાઝનો સવાબ મેળવવા માટે તેને તે જ રીતે પઢવામાં આવે જેવી રીતે રિવાયતોમાં આવેલ છે.

**સવાલ-૮૪:** મુસ્તહબ નમાઝો (જેમ કે ચાર રકાત નમાઝ યા ચાર રકાતથી વધારે)ને શું ભેગી અદા કરવી જોઈએ? યા બે-બે રકાત કરીને પઢવી જોઈએ?

**જવાબ:** બે-બે રકાત કરીને અદા કરે.

**સવાલ-૮૫:** શું મુસ્તહબ નમાઝોને બેસીને પઢવી જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૮૬:** જયારે ઝાએર હરમમાં દાખલ થાય અને ઝિયારત પૂરી કર્યા બાદ વાજીબ નમાઝનો સમય દાખલ થઈ જાય તો આવી પરિસ્થિતિમાં નમાઝે વાજીબ પહેલાં પઢે યા નમાઝે ઝિયારતને?

**જવાબ:** બેહતર છે કે વાજીબ નમાઝને પહેલાં પઢે.

**સવાલ-૮૭:** નમાઝ પઢનાર માણસની આગળથી પસાર થવાનો શું હુકમ છે? અગર કોઈ નમાઝ પઢનારની આગળથી પસાર થઈ જાય તો નમાઝ પઢનારે આવા સંજોગોમાં શું કરવું જોઈએ?

**જવાબ:** નમાઝીના આગળથી પસાર થનાર માણસ માટે કોઈ વસ્તું નથી. પરંતું નમાઝ પઢનાર માટે મુસ્તહબ છે કે અગર તેની સામે દિવાલ યા નમાઝીઓની કોઈ સફ નથી અને એવી જગ્યાએ ઊભો રહી નમાઝ પઢી રહ્યો હોય જયાં લોકોની અવર જવર હોય તો, એટલું પૂરતું છે કે પોતાની સામે લાકડી યા દોરી રાખી દે યા પોતાની સામે લીટી દોરી દે.



https://downloadshiabooks.com/

**સવાલ-૮૮:** કેટલાક લોકો મફાતિહુલ જીનાન વગેરે જેવી દુઆઓની કિતાબોમાંની દુઆઓ અને ઝિયારતોને બતાવ્યા મુજબ કરતાં તેમાં વધારા યા ઘટાડા સાથે પઢે છે, યા કેટલાક શબ્દોને પુનરાવર્તન (રીપીટ) કરે છે, યા તેમને ટૂકડા ટૂકડા કરીને તિલાવત કરે છે, યા પૂરી દુઆના બદલે કેટલોક ભાગ તિલાવત કરે છે, યા કેટલીક દુઆ યા ઝિયારતનો વધારો કરે છે જે માસુમીન અ.થી નકલ નથી હોતી. આમ કરવાનો તેમનો હેતું ધ્યાન દોરવાનું તથા દિલથી લગાવ પેદા કરવાનો અને નમ્રતામાં વધારો કરવાનો હોય છે.

હાલમાં એવું જોવામાં આવ્યું છે કે કુરઆન મજીદના સુરાઓને ટૂકડા ટૂકડા કરી તિલાવત કરવામાં આવે છે. તિલાવત દરમિયાન કેટલીક દુઆઓનો વધારો કરવામાં આવે છે. જેમ કે સુરએ અન્આમ અને સુરએ યાસીનનો ખતમ. આ સુરાઓના ખતમ શરીફ હાજત તલબ કરવા યા બરકત માટે સમૂહમાં કરવામાં આવે છે. જેથી આના અનુંસંધાનમાં કેટલાક સવાલો છે.

(૧) દુઆ અને ઝિયારતોમાં ઘટાડો યા વધારો યા પુનરાવર્તન કરવાનો યા તેને ટૂકડે ટૂકડે પઢવાનો શું હુકમ છે?

(૨) નવી દુઆઓ અને ઝિયારતો બનાવવાનો શું હુકમ છે?

(૩) શું દુઆઓ અને ઝિયારતોને એ જ રીતે પઢવી બેહતર છે જેવી રીતે માસુમીન અ.થી વારીદ થએલી છે? યા દિલથી લગાવ પેદા કરવા અને નમ્રતામાં વધારો કરવા તથા પૂરતું ધ્યાન દોરવા માટે ફેરફાર કરી શકાય છે? આ જ રીતે કુરઆન મજીદના સુરાઓમાં સંપૂર્ણપણે તે જ રીતે તિલાવત કરવી જોઈએ જેવી રીતે કુરઆનમાં છે? યા વચ્ચે દુઆનો વધારો કરી શકાય છે?

(૪) સુરએ અન્આમ અને સુરએ યાસીન સામૂહિક રીતે ખત્મ શરીફ પઢવાનો શું હુકમ છે?

**જવાબ:** (૧) અગર આ કામને માસુમીન અ. તરફ નિસ્બત આપવામાં ન આવે અને અર્થ પણ એનો એ જ રહેતો હોય તો એવું કરવામાં કોઈ હરજ નથી.

(૨) અગર આ કામની નિસ્બત માસુમીન અ.ની તરફ ન આપવામાં આવે તો કંઈ વાંધો નથી.



https://downloadshiabooks.com/

(૩) બેહતર એ છે કે જેવી રીતે તે દુઆઓ, ઝિયારતો અને કુરઆન મજીદના સુરાઓ છે તેવી જ રીતે તેને પઢવામાં આવે.

(૪) જાએઝ છે.

**સવાલ- ૮૯:** જોવામાં આવ્યું છે કે કેટલાક લોકો માસુમીન અ.થી રિવાયત કરવામાં આવેલ દુઆઓમાં કેટલાક એવા શબ્દોનો વધારો કરે છે જે શબ્દો માસુમીન અ.મે કહેલા હોતા નથી. જેમ કે **અલ્લાહુમ્મ કુન્ લે વલિય્યેક અલ્ હુજ્જત ઈબ્નિલ હસન અલયહે વ અલા આબાએહિત્ તય્યેબિનત્ તાહેરીન.** આ દુઆમાં **તય્યેબિનત્ તાહેરીન** અસલ દુઆમાં નથી. એ જ રીતે કેટલાક એકવચનને બહુવચનમાં બદલી દે છે. જેમ કે **અરઝુક્નિ હજ્જ બયતેકલ હરામ**ને **અરઝુક્ના હજ્જ બયતેકલ હરામ**માં તબદિલ કરી દે છે. યા **રબ્બિગ્ફિરલી**ના બદલે **રબ્બનગ્ફિર લના**માં બદલી દે છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** સવાબ પ્રાપ્ત કરવાની ઉમ્મિદથી આવું કરવામાં કોઈ હરજ નથી.

**સવાલ-૯૦:** કાળા કપડામાં નમાઝ પઢવાનો શું હુકમ છે?

**જવાબ:** મશહુર કૌલ (કથન) મુજબ મકરૂહ છે. પરંતું અહલેબૈત અ.ના સોગમાં પહેરેલા કાળા કપડામાં નમાઝ પઢવી મકરૂહ નથી.

**સવાલ-૯૧:** દુઆ પઢતી વખતે કઈ શરતોનું પાલન કરવું જરૂરી છે? સ્ત્રી માટે હિજાબ પહેરવો અને હયઝથી પાક હોવું જરૂરી છે?

**જવાબ:** ઉપર જણાવ્યા મુજબ કામો દુઆમાં શરત નથી. દુઆ અને ઝિક્રે ખુદા હર હાલમાં જાએઝ છે.

**સવાલ-૯૨:** દુઆએ કુમૈલના કેટલાક વાક્યોને વારંવાર પઢવાનો શું હુકમ છે? જ્યારે કે ઈમામ અ.મે આ વાક્યોને વારંવાર નથી પઢ્યા. તેઓ દુઆને આપણાથી વધારે સમજે છે.

**જવાબ:** આમ કરવામાં કોઈ હરજ નથી. કેમ કે જે વસ્તું ઈમામ અ.થી નકલ છે તે દુઆના શબ્દો છે. દુઆને પઢવાની કેફિયત ઈમામ અ.થી મન્કુલ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૯૩:** શું સ્ત્રી માટે માસુમીન અ.ની ઝિયારત દરમિયાન દુઆ યા તિલાવતે કુરઆન કરતી વખતે અવાજને બુલંદ કરવો જાએઝ છે? ખાસ કરીને એવા સંજોગોમાં કે તેણીનો અવાજ સૂરીલો (પસંદ પડે તેવો) હોય?

**જવાબ:** કોઈ પણ સ્ત્રી નામેહરમ પુરૂષને પોતાનો અવાજ સંભળાવવો જાએઝ નથી. જયારે આ દુઆ વગેરે પઢવાની ઢબ યા વાતચીતનો અંદાજ જાહેર રીતે સાંભળનારને જોશ અપાવતો હોય ત્યારે.

**સવાલ-૯૪:** શું સ્ત્રી માટે તિલાવતે કુરઆન યા દુઆ પઢતી વખતે માથાનું ઢાંકવું વાજીબ છે?

**જવાબ:** અગર તે સ્ત્રી નામેહરમ પુરૂષની સામે ન હોય તો વાજીબ નથી.

**સવાલ-૯૫:** અગર કોઈ માણસ સહીહ રીતે કુરઆનમજીદની તિલાવત નથી કરી શકતો તો તેના માટે કુરઆનમજીદની તિલાવત કરવાનો શું હુકમ છે?

જવાબ: અગર કોઈ માણસ સહીહ રીતે કુરઆનમજીદની તિલાવત નથી કરી શકતો તો શીખવા અને સહીહ તિલાવત કરવા માટે કોશીશ કરવાની નિયતથી તિલાવત કરે તો કોઈ હરજ નથી.

**સવાલ-૯૬:** દુઆએ જવશને કબીર વગેરે જેવી લાંબી દુઆઓને એક જ વખતમાં પૂરી પઢવાના બદલે અલગ અલગ સમયમાં થોડી થોડી પઢીને પૂરી કરવી જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૯૭:** શું ઝિયારતની નમાઝ વાજીબ છે? જેવી રીતે ઝિયારતે આશૂરાની નમાઝ? અગર વાજીબ છે તો એ માણસ માટે શું હુકમ છે જેણે ઝિયારતે આશૂરા પઢી હોય, પરંતું નમાઝે ઝિયારતે આશૂરા ન પઢી હોય? શું તેના પર નમાઝે ઝિયારતની કઝા કરવી જરૂરી છે?

**જવાબ:** ઝિયારતની નમાઝ વાજીબ નથી, ન તેની કઝા વાજીબ છે.

**સવાલ-૯૮:** શું નમાઝ દરમિયાન માસુમીન અ.ની કબર મુબારકની તરફ પીઠ કરવી જાએઝ છે? એટલે કે નમાઝ વખતે માસુમીન અ.ની કબર મુબારકના આગળ ઊભા રહીને નમાઝ પઢવી જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** નમાઝ દરમિયાન યા તેના સિવાય પણ કોઈ પણ સંજોગોમાં માસુમીન અ.ની કબર મુબારકની તરફ પીઠ કરવી એ બેહુરમતી, બેઅદબી યા તૌહિનમાં ગણાતી હોય તો માસુમીન અ.ની કબર મુબારકની તરફ પીઠ કરવી જાએઝ નથી. પરંતુ અગર નમાઝી કબરથી ઘણો જ દૂર હોય યા કબરે માસુમ અ. અને નમાઝીની વચ્ચે દિવાલ યા પડદો હોય જેના કારણે પીઠ કરવી એ બેઅદબીમાં ન ગણાતી હોય તો કોઈ હરજ નથી. યાદ રહે કે માસુમ અ.ની કબર મુબારક પર રાખવામાં આવેલ ઝરીહ યા કબર મુબારક પર રાખેલ ચાદર યા પડદાનો સમાવેશ થતો નથી.

**સવાલ-૯૯:** એવા કયા કામો છે જે કોઈ માસુમ અ.ના રોઝા મુબારકની ઝિયારત દરમિયાન ઝાએરના માટે ઝિયારત અને નમાઝમાં દિલથી લગાવ પેદા કરવાનો અને નમ્રતામાં વધારો યા  વ્યાકૂળ થવાનું કારણ બની શકે છે?

**જવાબઃ** નબીએ અકરમ સ. અને અઈમ્મએ અત્હાર અ.ની ઝિયારત દરમિયાન અગર ઈન્સાન તે મહાન હસ્તિઓએ દીને ખુદાની તબ્લીગ અને તેના ફેલાવા માટે ઉઠાવવામાં આવેલ તકલીફો અને રંજો-ગમ તથા અલ્લાહની બારગાહમાં તે હસ્તિઓના ખુશુઅ-ખુઝુઅ (દિલથી લગાવ પેદા કરવા તથા નમ્રતા દાખવવી)ને દિમાગમાં રાખે તો તેનાથી દિલ નરમ થઈ જશે. તેનાથી ગમગીની છવાઈ જશે. યાદ રહે કે કોઈ પણ દિલમાં ત્યાં સુધી ગમગીની અને નરમાશ પેદા થતી નથી જયાં સુધી તે દિલ પાક ન થાય. જેમ કે અમીરૂલ મોઅમેનીન અ.મે પણ પોતાના કેટલાક બયાનોમાં તેનો ઈશારો કરેલ છે

આ જ રીતે નમાઝ દરમિયાન ઈન્સાન પોતાના રબને યાદ કરવો, ખુદાની મખ્લુક હોવાના કારણે પોતાની દુન્યવી અને આખેરતની જીંદગીના તમામ કામોમાં અલ્લાહના મોહતાજ હોવાનું  યાદ રાખવામાં આવે, ખુદાની બારગાહમાં પોતાની હાજરીને દિમાગમાં રાખીને બાઅદબ ઊભો રહે, તથા ખુદાથી પોતાની રાજો-નિયાઝ (ભેદ)ની વાતો કરવામાં આવે, આયાતો અને દુઆઓ વગેરેને તેના અર્થ ધ્યાનમાં રહે તે રીતે પઢવામાં આવે, એ પણ આ બારામાં ખૂબ જ ફાયદાકારક છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૦૦:** શું નવાફિલને બેસીને, સૂઈને, ચાલતાં ચાલતાં, ગાડીમાં, રૂકુઅ અને સજદામાં ઝૂક્યા વગર, કિબ્લા રૂખ થયા વગર પઢવી જાએઝ છે? શું આ હાલતમાં રૂકુઅના માટે આંખોને બંધ કરવી અને સજદા માટે બંધ આંખોને વધારે દબાવવાથી રૂકુઅ અને સજદા થઈ જાય છે? શું આ તમામ કામો નમાઝે શબ, નમાઝે શીફા અને નમાઝે વિતરમાં પણ અંજામ આપી શકાય છે?

**જવાબ:** પંજગાના નમાઝોની નવાફિલ તથા અન્ય નવાફિલને કોઈ પણ મજબૂરી વગર ચાલતાં ચાલતાં બજાવવી જાએઝ છે. ચાલતી વેળા નવાફિલ પઢતાં રૂકુઅ અને સજદા માટે માથું ઝુકાવવું જોઈએ. એહતિયાતે વાજીબની બિના પર રૂકુઅ કરતાં સજદામાં વધારે ઝૂકાવવામાં આવે. આ જ રીતે નવાફિલને કોઈ પણ મજબૂરી વગર બેસીને પણ પઢી શકાય છે. જો કે બેસીને નવાફિલ પઢવાના સંજોગોમાં બાકાયદા રૂકુઅ અને સજદો કરવાનો રહેશે. માથાના ઈશારાથી રૂકુઅ અને સજદા કરવા પૂરતા નથી. સવારી અને ચાલવાની હાલતમાં નવાફિલ પઢતી વખતે કિબ્લાની દિશાનો ખ્યાલ રાખવો જરૂરી નથી. એહતિયાતે વાજીબની બિના પર અગર સુકુન અને ઠહેરવાની હાલતમાં હોય તો કિબ્લાનો ખ્યાલ રાખવો જરૂરી છે. ચાહે આ રીતે બેસવાની હાલતમાં હોય.

**સવાલ-૧૦૧:** જે માણસના જીમ્મે કઝા નમાઝો વાજીબ હોય, શું તેના માટે મુસ્તહબ નમાઝો પઢવી જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે. પરંતું તેમ કરવાથી કઝા નમાઝોની અદાયગીમાં આળસ અને લાપરવાહી મકસદ હોય તો જાએઝ નથી.

**સવાલ-૧૦૨:** શું નમાઝે ઝિયારતથી પહેલાં અઝાન અને એકામહ કહી શકાય છે?

**જવાબ:** મુસ્તહબ નમાઝોમાં અઝાન અને એકામહ નથી. અને ઝિયારતની નમાઝ પણ મુસ્તહબ નમાઝોમાંથી છે.

**સવાલ-૧૦૩:** કોઈ માસુમીન અ.ની ઝિયારત દરમિયાન પઢવામાં આવતી મુસ્તહબ નમાઝોનો સવાબ જીવતા માણસને હદિયો કરવો સહીહ છે?

**જવાબ:** સહીહ છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૦૪:** શું કોઈ હયાત માણસ જીવતા માણસ માટે હદિયા કરવાના હેતુંથી નમાઝ પઢી શકે છે? જેમ કે હું માસુમીન અ.ની ઝિયારત માટે જાઉં તો ત્યાં જઈને મારા હયાત મા-બાપ માટે બે રકાત હદિયાની નમાઝ પઢી શકું?

**જવાબ:** કોઈ પણ મુસ્તહબ અમલ બજાવવો અને તેને કોઈ પણ હયાત માણસને હદિયો કરવો જાએઝ છે. જેમ કે મય્યતને પણ હદિયો કરી શકાય છે. કેટલાક મુસ્તહબ આમાલમાં હયાત માણસની તરફથી નાયબ બનવું પણ જાએઝ છે. જેમ કે હજ-ઉમરાહ. તથા એવા માણસની તરફથી તવાફ કરવા જે મક્કાએ મોકર્રમામાં ન હોય. રસુલે અકરમ સ. અને અઈમ્મા અ.ની કબર મુબારકની ઝિયારત અને નમાઝે ઝિયારત જેવા આમાલ હયાત માણસની નિયાબતમાં બજાવી શકાય છે.

**સવાલ-૧૦૫:** અગર પુરૂષ નમાઝ શરૂં કરી હોય અને સ્ત્રી તેની બાજુંમાં તેની જ સફમાં ઊભી રહે યા પુરૂષની આગળ ઊભી રહીને નમાઝ શરૂં કરી દે તો આ સંજોગોમાં માત્ર સ્ત્રીની નમાઝ બાતિલ થશે કે પુરૂષની પણ નમાઝ બાતિલ થશે? અગર સ્ત્રી નમાઝ પઢી રહી હોય અને પુરૂષ તેની બરાબર બાજુંમાં આવી નમાઝ શરૂં કરી દે છે તો તેનો શું હુકમ છે?

**જવાબ:** એહતિયાતે વાજીબની બિના પર બંનેની નમાઝ બાતિલ છે. કેમ કે સ્ત્રીનું પુરૂષની આગળ યા બાજુંમાં ન હોવાની શરતનું નમાઝના શરૂંથી અંત સુધીમાં પાલન થવું જરૂરી છે.

**સવાલ-૧૦૬:** નમાઝમાં પુરૂષ અને સ્ત્રીની વચ્ચે કેટલું અંતર હોવું જોઈએ?

**જવાબ:** બિનાબર એહતિયાત સ્ત્રી પુરૂષની પાછળ ઊભી રહે ચાહે એટલી જ પાછળ કેમ ન ઊભી હોય કે સ્ત્રીની સજદાની જગ્યા પુરૂષના સજદાના દરમિયાન ઢીંચણ રાખવાની જગ્યાના બરાબર હોય. અગર સ્ત્રી પુરૂષના બરાબર ઊભી હોય તો બંને વચ્ચે પરદો હોવો જરૂરી છે. યા બંનેની વચ્ચે લગભગ સાડા ચાર મીટરનું અંતર હોવું જોઈએ. અગર આટલું અંતર હોય તો એક જ લાઈનમાં ઊભા રહેવાથી નમાઝ બાતિલ થશે નહિ. જો કે સ્ત્રી પુરૂષની આગળ હોય અને બંને વચ્ચે ઉપર જણાવેલ મુજબનું અંતર હોય તો કોઈ હરજ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૦૭:** શું નમાઝમાં પુરૂષ અને સ્ત્રી વચ્ચે અંતર રાખવાની શરતથી પવિત્ર સ્થાનોમાં અને મેહરમ હોય તેઓને કોઈ છૂટ છે?

**જવાબ:** નમાઝમાં પુરૂષ અને સ્ત્રી વચ્ચે અંતર રાખવાની શરતમાં મેહરમ અને નામેહરમ તથા તથા પવિત્ર ઝિયારતગાહો તથા અન્ય સ્થળોમાં કોઈ છૂટછાટ નથી. પરંતું પ્રતિકૂળ સંજોગોમાં તથા મક્કાએ મોકર્રમામાં અતિશય ભીડના વખતે ઉપર જણાવેલ અંતર રાખવું જરૂરી નથી.

**સવાલ-૧૦૮:** હરમે ઈમામ અ.માં નમાઝ માટે સ્ત્રીઓની ખાસ જગામાં કેટલીક સ્ત્રીઓ પોતાની સાથે સમજદાર બાળકોને લાવે છે. જે બાળક સ્ત્રીની બાજુંમાં ઊભા રહીને નમાઝ અદા કરે છે. શું આ બાળકની નમાઝ માતા અને અન્ય સ્ત્રીઓ જે આ બાળકની લાઈનમાં ઊભી છે તેમની નમાઝને બાતિલ કરી દેશે?

**જવાબ:** આ હુકમ બાલિગ પુરૂષોને લાગું પડે છે. જેથી સ્ત્રીની નમાઝ સહીહ છે. પરંતું એ તરફ ઈશારો કરવો જરૂરી છે કે બિનાબર એહતિયાતે લાઝિમ અગર બાળક એવી હાલતમાં છે કે નામેહરમ સ્ત્રી તરફ નજર અને શેહવતને ભડકાવી શકવાનું કારણ બની શકે છે તો તે સ્ત્રીએ સમજદાર બાળકથી પોતાનું શરીર અને વાળોને છૂપાવવા વાજીબ છે.

**સવાલ-૧૦૯:** આપણે એ વાત સ્વીકારીએ છીએ કે સ્ત્રીનું ઘરમાં નમાઝ પઢવું એ મસ્જીદ અને હરમ પાકમાં નમાઝ પઢવાથી બેહતર છે. શું આ હુકમ આજના જમાનામાં પણ લાગું પડશે? જો કે માસુમીન અ.ના હરમ મુબારક અને મસ્જીદ એ ઈલ્મ મેળવવાનો કિલ્લો છે. ઈસ્લામી તેહઝીબનો મદરસો છે. હરમ મુબારકમાં નમાઝ બાદ દીની તકરીર થાય છે તથા રૂહાની વાતાવરણ હોય છે. આ બંને કારણોના લીધે સ્ત્રીની નમાઝ હરમપાક અને મસ્જીદમાં પઢવી એ ઘરની સરખામણીમાં અફઝલ થઈ શકે છે?

**જવાબ:** અમારી દ્રષ્ટિએ સ્ત્રીના માટે એ જગ્યાએ નમાઝ પઢવી બેહતર છે જે તેના માટે સતર(છૂપાવા)નું કારણ બને. નામેહરમની નજરથી દૂર રહી શકે. કેટલીક વખત આ જાતનું વાતાવરણ મસ્જીદ અને હરમ પાકમાં જોવા મળે છે.



https://downloadshiabooks.com/

પરંતું કેટલીક વખત જોવા મળતું નથી. તો એવા સંજોગોમાં ઘરમાં નમાઝ પઢવી બેહતર રહેશે.

**સવાલ-૧૧૦:** શું કુનુતની હાલતમાં અંગુઠી ઉઠાવવી મુસ્તહબ છે? મતલબ કે અકીક વગેરેની તરફ નજર કરે.

**જવાબ:** અમને એવી કોઈ દલીલ નથી મળી જે આ કામને મુસ્તહબ હોવાનું સાબિત કરે.

**સવાલ-૧૧૧:** મારો સવાલ નમાઝ દરમિયાન સ્ત્રીના હિજાબના બારામાં છે. અગર સ્ત્રી એવી જગા પર નમાઝ પઢી રહી હોય જયાં કોઈ નામેહરમ તેને જોતો ન હોય. યા આ જગ્યાએ અંધારૂં હોય તો શું સ્ત્રી માટે પોતાનું શરીર યા માથાનો કેટલોક ભાગ ખૂલ્લો રાખવો જાએઝ છે? યા તેવા સંજોગોમાં પણ તેના પર એવી જ રીતે પૂરા શરીરને ઢાંકવું જરૂરી છે જેવી રીતે કે કોઈ નામેહરમ જોઈ રહ્યો હોય ત્યારે ઢાંકવું વાજીબ છે?

**જવાબ:** સ્ત્રી પર નમાઝ દરમિયાન પોતાના પૂરા શરીરને ઢાંકવું વાજીબ છે. સિવાય ચહેરાનો એ ભાગ જેનો પરદો આમ રીતે વાજીબ નથી. જયારે કે છાતીનો પરદો પણ વાજીબ છે. બિના બર એહતિયાત મુસ્તહબ (ચહેરાનો) જેટલો ભાગ વઝૂમાં ધોવામાં આવે છે તેના સિવાયના ભાગને પણ ઢાંકે. એ જ રીતે હાથોને કાંડા સુધી ઢાંકવું વાજીબ છે. જો કે હાથ (હથેળી અને પંજા)ને ઢાંકવું વાજીબ નથી. પગોને પીંડળીઓથી લઈને પગની પાની સુધી ઢાંકવો વાજીબ છે. અગર કોઈ નામેહરમ જોતો ન હોય તો કદમ (પગની પાની)ને ઢાંકવી વાજીબ નથી. પરંતું કોઈ નામેહરમ જોઈ રહ્યો હોય તો બંને પગોને પાની સુધી ઢાંકવા વાજીબ છે. સ્ત્રી પર વાજીબ છે કે એવી ચાદર ઓઢે જે તેની ચામડીના રંગને ઢાંકે. તથા ચાદરની અંદરથી શરીર દેખાય નહિ, ચાહે ચામડીનો રંગ જાહેર ન પણ થાય.

**સવાલ-૧૧૨:** નમાઝ દરમિયાન વાળ સિવાય અગર ઓરતના શરીરનો કોઈક ભાગ ખૂલ્લો થઈ જાય. દાખલા તરીકે, ઓરત જયારે કુનુત માટે હાથ ઊંચા કરે છે ત્યારે કાંડા નીચેનો થોડોક ભાગ ખૂલ્લો થઈ જાય છે. આવા સંજોગોમાં નમાઝનો શું હુકમ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** અગર અજાણતાથી કોઈક ભાગ ખૂલ્લો થઈ જાય તો તે ઓરતની નમાઝ સહીહ છે. જયારે તેને ખ્યાલ આવી જાય ત્યારે તુરત જ તે ભાગને ઢાંકી દે.

**સવાલ-૧૧૩:** ઝાએરીન એ કારણે નમાઝ મોડી પઢે કે તે ઈમામ હુસૈન અ.ની સેવામાં મશગુલ હતો. શું તેમ કરવું સહીહ છે?

**જવાબઃ** એવું નહિ કરવું જોઈએ. નમાઝને એટલી મોડેથી અદા કરવી કે કઝા થઈ જાય તો જાએઝ નથી.

**સવાલ-૧૧૪:** શું નવાફિલને મોટા અવાઝથી પઢવી જોઈએ કે ધીમા અવાજે?

**જવાબઃ** નવાફિલ મોટા અવાજે યા ધીમા અવાજે પઢવા માટે અખ્તિયાર છે. (બંને રીતે પઢી શકે છે.)

**સવાલ-૧૧૫:** આજ કાલ મસ્જીદોમાં બુઝુર્ગ લોકો માટે ખુરશીઓ રાખવામાં આવે છે. જેઓ બીમારીના કારણે રૂકુઅ અને સજદા મુશ્કિલથી અદા કરે છે. કેટલાક લોકોને વધારે સમય સુધી ઊભા રહેવું મુશ્કિલ હોય છે. આવી પરિસ્થિતિમાં તેઓ ખુરશીના આગળના ભાગ પર પેશાની (કપાળ) અને બંને હાથ રાખીને સજદો કરે છે. જેના લીધે સજદાના સાત ભાગો જે સજદાની હાલતમાં જમીન પર રાખવા જરૂરી હોય છે. તે જમીનને સ્પર્શ થતા નથી. જાહેર રીતે બે ઘુંટણ જમીન પર ટેકાતા નથી. તો અહીં સવાલ એ છે કે,

(૧) આવી ખુરશીઓ પર નમાઝ પઢવાનો શું હુકમ છે?

(૨) અગર આ તરીકો સહીહ નથી તો બીમાર લોકો માટે ખુરશી પર નમાઝ પઢવાનો સહીહ તરીકો શું છે?

**જવાબઃ** નમાઝીની જુદી જુદી હાલત હોય છે. કેટલાક સંજોગોમાં ખુરશી પર બેસીને નમાઝ પઢવી સહીહ હોય છે. જેમ કે અગર નમાઝી જમીન પર સજદો કરવા મજબૂર હોય તો આવી પરિસ્થિતિમાં તેને ઈખ્તિયાર છે કે ઊભા રહીને નમાઝ પઢે અને સજદા ઈશારાથી કરે. યા સજદા માટે ખુરશી પર બેસીને આગળ પડેલા મેજ પર એવી વસ્તું પર સજદો કરે જેના પર સજદો કરવો સહીહ



https://downloadshiabooks.com/

હોય. તેના સિવાય પણ કેટલાક સંજોગો હોય છે. જેનો ઝીક્ર મીન્હાજુસ્ સાલેહીનમાં છે.

**સવાલ-૧૧૬:** આજ કાલ કેટલીક ખુરશીઓ નમાઝ માટે તૈયાર કરવામાં આવે છે. નીચે જણાવેલ સંજોગમાં તે ખુરશીઓ પર નમાઝ પઢવાનો શું હુકમ છે?

એવો માણસ જે ઊભા રહીને નમાઝ પઢી શકે છે. તે ખુરશી પર બેસીને નમાઝ પઢે છે. કેમ કે પોતાના શરીરમાં થાક અને કમજોરીનો એહસાસ કરે છે. તો શું તેનું આ સંજોગોમાં (ખુરશી) પર બેસીને નમાઝ પઢવી સહીહ છે?

**જવાબ:** આવા માણસ માટે ખુરશી પર બેસીને નમાઝ પઢવી સહીહ નથી.

**સવાલ-૧૧૭-૧:** જે માણસ ઊભા રહીને રૂકુઅ અને સજદા નથી કરી શકતો. શું તેના પર ઊભા રહીને નમાઝ પઢવી વાજીબ છે? તથા રૂકુઅ અને સજદા ઈશારાથી કરે. યા તેને ઊભા રહીને નમાઝ પઢવાનો ઈખ્તિયાર છે?

**જવાબ:** અગર તે માણસ એટલા પ્રમાણમાં ઝુકવાની તાકત નથી રાખતો જેથી સહીહ રીતે રૂકુઅ કરી શકે તો ઊભા રહીને રૂકુઅ માટે ઈશારો કરવો પૂરતો છે. આવી હાલતમાં બેસીને નમાઝ પઢવી પર્યાપ્ત (પૂરતી) નથી. અગર સજદો કરવા માટે પણ શક્તિ ધરાવતો નથી, એટલે કે ત્યાં સુધી ઝુકી નથી શકતો કે સહીહ રીતે સજદો અદા કરી શકે, તો આવી હાલતમાં તેના માટે ઈખ્તિયાર છે કે ઊભા રહીને નમાઝ પઢે અને સજદો ઈશારાથી કરે. યા નમાઝ બેસીને પઢે અને સજદો ખુરશીના સામે મેજ પર કરે.

**સવાલ-૧૧૭-૨:** અગર કોઈ માણસનો પ્રયત્ન ઊભા રહીને નમાઝ પઢવાનો હોય પરંતુ તે બીજી રકાતમાં થાકી જાય, તો શું તેના પર વાજીબ છે કે નમાઝની શરૂંઆત ઊભા રહીને કરે અને જયારે થાકનો એહસાસ થાય તો બેસી જાય. યા શરૂંથી જ બેસીને નમાઝ પઢવી જાએઝ છે?

**જવાબ:** નમાઝની શરૂંઆત ઊભા રહીને કરે. જયારે ઊભા રહી શકવા માટે શક્તિમાન ન હોય ત્યારે બેસી જાય. અગર થોડીવાર બેસ્યા પછી ફરી ઊભા રહેવા માટે હિંમત આવી જાય તો ઊભા થઈ જાય અને જો ઊભા રહીને રૂકુઅ બજાવી શકે તેમ હોય તો વાજીબ છે કે ઊભા રહીને રૂકુઅ બજાવી લાવે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૧૭-૩:** અગર કોઈ માણસની હાલત ઊભા રહીને નમાઝ પઢવાની હોય પરંતું શરઈ હુકમની જાણકારી ન હોવાના લીધે બેસીને નમાઝ પઢતો રહે તો તેની ભૂતકાળની નમાઝો માટે શું હુકમ છે જે બેસીને પઢી હોય?

**જવાબ:** ભૂતકાળની નમાઝોની કઝા કરશે.

**સવાલ-૧૧૮:** અગર કોઈ માણસ ઊભા રહીને તકબીરતુલ એહરામ કહેવા માટે શક્તિમાન હોય પરંતું ત્યાર પછી તે બેસી નથી શકતો. અગર બેસે તો પણ ખૂબ જ મુશ્કેલીથી બેસી શકે છે. અગર ખુરશી પર બેસે છે તો બીજી રકાત માટે ઊભો થઈ નથી શકતો. તો શું આ માણસનો અમલ ખુરશી પર બેસીને નમાઝ પઢવાનો રહેશે?

**જવાબ:** અગર ઊભા રહીને રૂકુઅ કરવા શક્તિમાન હોય તો આવા સંજોગોમાં તકબીરતુલ એહરામ બેસીને કહે અને રૂકુઅ ઊભા રહીને બજાવી લાવે.

**સવાલ-૧૧૯:** એક માણસે નમાઝ પઢી જેના કપડા પર લોહી હતું. પરંતું તેને નજાસતની જાણકારી ન હતી. યા તેને તે બાબતનું ઈલ્મ ન હતું કે કપડા પર લોહી હોય તો નમાઝ બાતિલ થાય છે. લોહીનું પ્રમાણ દિરહમ બગલીથી વધારે (અંગુઠાના પહેલા વેંઢાથી વધારે) હોય તો શું તેણે ફરી નમાઝ પઢવી પડશે?

**જવાબ:** અગર તે જાહિલે કાસીર હોય તો તેની નમાઝ બાતિલ છે. અગર જાહિલે મુકસ્સર હોય અને નમાઝનો સમય બાકી હોય તો બિના બર એહતિયાત તે ફરી નમાઝ પઢે. અગર નમાઝનો સમય પૂરો થઈ ગયો હોય તો એહતિયાતન નમાઝ કઝા કરે.

**સવાલ-૧૨૦:** હરમ પાકમાં ઝરીહ મુબારકની પાસે જે જગ્યા નમાઝ પઢવા માટે મખ્સુસ હોય છે ત્યાં નમાઝ પઢવાનો શું હુકમ છે? જો કે કેટલાક ઝાએરીન ત્યાં ઊભા રહીને ઝિયારત અદા કરે છે. યા ત્યાં બેસીને ઝિક્રે ઈલાહી કરે છે યા તસ્બીહ પઢે છે. ત્યાં જ અન્ય ઝાએરીન જેઓ નમાઝે ઝિયારત અદા કરવા માટે ઈંતેજાર કરી રહ્યા હોય છે. તો શું હરમના ખાદીમ માટે જાએઝ છે કે આ નમાઝીઓને ત્યાંથી હટાવે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** હરમે અઈમ્મા અ.માં જે જગા મસ્જીદ માટે હોવી સાબિત હોય ત્યાં કોઈ બંદો પહેલાં આવી નમાઝ અને તાઅકિબાતે નમાઝ અદા કરવા ઈચ્છતો હોય તો તેને ત્યાંથી હટાવવો જાએઝ નથી. પરંતું તે જગા પર આવનાર માણસ નમાઝ માટે નથી આવ્યો તો એહતિયાત તેમાં છે કે જે બંદો નમાઝ પઢવા માટે તે જગ્યાની ઈચ્છા કરે તો તેના માટે તે જગા ખાલી કરી દેવી જોઈએ.

જે જગા મસ્જીદ માટે હોવી સાબિત ન હોય ત્યાં પહેલાં આવનાર માણસ અગર ઝિયારત અને ઝિયારતે નમાઝ પઢવા ચાહતો હોય તો તેને ત્યાંથી હટાવવો જાએઝ નથી. ત્યાં સુધી કે અવ્વલ સમયમાં નમાઝે જમાઅત અદા કરવા માટે પણ ત્યાંથી હટાવવો જાએઝ નથી. અગર આ જગાએ પહેલાં આવનાર માણસ ઝિયારત સિવાય અન્ય કોઈ અમલ બજાવી લાવવા ઈચ્છે છે તો એહતિયાત વાજીબ એ છે કે અગર બીજો કોઈ માણસ ઝિયારત અને નમાઝે ઝિયારત અદા કરવા ચાહે તો તેના માટે નમાઝે જમાઅતના સમય સિવાય તે જગા ખાલી કરવામાં આવે.

**સવાલ-૧૨૧:** ભીડ દરમિયાન હરમ પાકની અંદર રસ્તામાં નમાઝ પઢવાનો શું હુકમ છે? અગર ઝાએર માટે રસ્તામાં નમાઝ પઢવી જાએઝ નથી તો હરમે પાકના ખાદિમ તેની નમાઝને તોડી દે. યા પછી તેને વિનંતી કરે?

**જવાબઃ** તેના (ખાદિમ)ના માટે જરૂરી છે કે હરમ પાકના વહિવટીઓ દ્વારા આપવામાં આવેલ માર્ગદર્શન પર અમલ કરે. નમાઝ તોડવી જાએઝ નથી.

## પ્રકરણ- ૮
## સજદાના મસાઈલ

**સવાલ-૧૨૨:** મેં સાંભળ્યું છે કે આપ બે યા બેથી વધારે સજદાગાહ જે એક બીજાના ઉપર હોય તેના પર સજદો કરવાની રજા નથી આપતા. જો આ બે કે બેથી વધારે સજદાગાહની ઊંચાઈ મેળવેલી ચાર આંગળીઓથી વધારે ન હોય. શું આ વાત સાચી છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** વાત એવી નથી જે અમે કહી છે. જે મસ્જીદો, રોઝા મુબારક, ઈમામ બારગાહ વગેરે જેવી જાહેર જગ્યાઓ પર વકફ કરવામાં આવેલ સજદાગાહ વિષે છે.

અગર નમાઝીને આ સજદાગાહો વકફ કરનારના હેતું વિષે યકિન નથી કે આ સજદાગાહો કયા સાર્વજનિક આશય અને ઉદ્દેશથી વકફ કરવામાં આવી છે? કે તેનો આશય સજદા કરવાની જગ્યાને ઊંચી કરવા માટે પણ આ સજદાગાહોનો ઉપયોગ કરી શકાય છે? કે નથી કરી શકાતો? તો બિનાબર એહતિયાત સજદો કરવાની જગ્યાને ઊંચી કરવા માટે બીજી સજદાગાહનો ઉપયોગ ન કરવામાં આવે. પરંતું એ વાતનું યકિન થઈ જાય કે વકફ કરવાનો સાર્વજનિક આશય અને ઉદ્દેશમાં એ વાત પણ સામેલ છે કે સજદાની જગા ઊંચી કરવા માટે આ સજદાગાહોનો ઉપયોગ કરી શકાય છે. તો પછી તેમ કરવામાં વાંધો નથી.

**સવાલ-૧૨૩:** કેટલાક ઝાએરીન એકથી વધારે સજદાગહ પર સજદો કરે છે. તો સવાલ એ છે કે સજદાની જગ્યા કેટલા પ્રમાણમાં ઊંચી હોવી જોઈએ?

**જવાબઃ** વાજીબ છે કે સજદાની જગા બે ઘુંટણ અને પગના અંગુઠાની જગાથી ચાર મેળવેલી આંગળીઓથી વધારે ન હોય.

**સવાલ-૧૨૪:** એ સજદાગાહ જેના પર શબ્દ જલાલત યા કોઈ માસુમનું નામ યા કરબલા મુકદ્દસા લખેલું હોય તેના પર સજદો કરવો જાએઝ છે?

**જવાબઃ** કોઈ વાંધો નથી.

**સવાલ-૧૨૫:** અગર કોઈ સજદાગાહ પર શબ્દ જલાલત યા કોઈ માસુમનું નામ લખેલું હોય તો તે બાજુંને પલટાવી બીજી બાજું જયાં કંઈ જ લખેલું ના હોય તેના પર સજદો કરવો જાએઝ છે? શું આ બેહુરમતીની હદમાં આવે છે?

**જવાબઃ** આવું કરવામાં કોઈ હરજ નથી અને તે બેહુરમતીની હદમાં નથી આવતું.

**સવાલ-૧૨૬:** અગર નમાઝથી નમાઝ દરમિયાન એવી વસ્તું ખોવાઈ જાય જેના પર સજદો કરવો સહીહ છે. જેમ કે નમાઝ દરમિયાન બાળકે સજદાગાહને



https://downloadshiabooks.com/

લઈ લીધી. તો શું તેના માટે એવી જાએ નમાઝ પર સજદો કરવો જાએઝ છે જે કપડામાંથી બનાવેલ હોય.

**જવાબઃ** અગર તેની પાસે એવી કોઈ વસ્તું નથી જેના પર સજદો કરવો સહીહ છે. જેમ કે કાગળ જે રૂ યા કપાસથી તૈયાર કરવામાં આવે છે. યા તેની આજું બાજું પણ એવી કોઈ વસ્તું નથી જે કિબ્લાથી હટ્યા વગર લઈ શકે. તો આવી હાલતમાં એવી વસ્તું પર સજદો કરવો જાએઝ છે જેના પર હાલતે ઈખ્તિયારમાં સજદો કરવો જાએઝ નથી. જેમ કે જાએ નમાઝ, પત્થર, હાથની હથેળી. આ સુરતમાં કોઈ ફર્ક નથી કે નમાઝનો સમય તંગ હોય વધારે હોય.

**સવાલ-૧૨૭:** તે સંગે મરમર (આરસ પહાણ) જે હરમપાકમાં લગાવેલા છે તેના પર સજદો કરવાનો શું હુકમ છે?

**જવાબઃ** જાએઝ છે.

**સવાલ-૧૨૮:** સજદાગાહ જેના પર વારંવાર સજદો કરવાના કારણે તેનો રંગ કાળા જેવો થઈ જાય છે. તેના પર સજદો કરવાનો શું હુકમ છે?

**જવાબઃ** અગર એ કાળા રંગનું પાતળું પડ બની જાય તો તેના પર સજદો કરવામાં કોઈ હરજ નથી.

**સવાલ-૧૨૯:** કેટલીક વખત અમારા માટે સજદાગાહ પર સજદો કરવો મુશ્કીલ બની જાય છે. જેમ કે કામના સમયે. તો તેવા સમયે અમે ટીશ્યું પેપર પર સજદો કરીએ છીએ. શુ આમ કરવું જાએઝ છે?

**જવાબઃ** ટીશ્યું પેપર પર સજદો કરવો જાએઝ નથી. પરંતુ જયારે એ વાતનું ઈલ્મ હોય કે ટીશ્યું પેપર એ વસ્તુંમાંથી બનાવવામાં આવ્યું છે કે જેના પર સજદો કરવો જાએઝ છે. જેમ કે લાકડું, યા ઝાડના પાંદડા, યા ઝાડની ડાળી પરની છાલમાંથી બનાવેલ હોય. તો ટીશ્યું પેપર પર સજદો કરવો જાએઝ છે. આવા સંજોગોમાં તેમના માટે જાએઝ છે કે લાકડાની તસ્બીહ, યા પત્થર યા ખજૂરના પત્તોથી બનાવેલી ચટાઈ પર સજદો કરે.

**સવાલ-૧૩૦:** કેટલીક વખત હું નમાઝ પઢવા ચાહું છું ત્યારે મારા ખિસ્સામાં કેટલાક સફેદ કાગળ હોય છે. શું આ સફેદ કાગળ પર સજદો કરવો જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** હા, આ કાગળો પર સજદો કરવો જાએઝ છે. એ શરતે કે તે પાક હોય. તેને લાકડી યા તેને ભળતી કોઈ વસ્તુંમાંથી બનાવી હોય જેના પર સજદો કરવો જાએઝ છે. આ રીતે સફેદ કાગળને કપાસ યા રૂથી બનાવેલ હોય તો પણ જાએઝ છે.

## પ્રકરણ- ૯
## મુસાફિરની નમાઝના મસાઈલ

**સવાલ-૧૩૧:** મુસાફિર પર કસ્ર નમાઝ કયારે થાય છે?

**જવાબઃ** મુસાફિર પર ચાર રકાતી નમાઝને બે રકાત પઢવી ત્યારે વાજીબ થાય છે જયારે આ બે શરતો હોય.

(૧) રહેઠાણના સ્થળેથી **૪૪ કિલોમીટર** આવવા જવાના યા એક તરફ જવાનો ઈરાદો કરે.

(૨) હદ્દે તરખ્ખુસ સુધી પહોંચી જવાથી. (મુસાફિર જે શહેરમાં રહે છે ત્યાંથી એટલું અંતર સફર કરે કે મુસાફિર તે શહેરના રહેવાસીઓની નજરથી દેખાતો બંધ થઈ જાય. તેની ખાસ નીશાની એ છે કે તે પોતે પણ શહેરવાસીઓને ન જોઈ શકે.) દાખલા તરીકેઃ

નજફે અશરફનો રહેવાસી કરબલાએ મોઅલ્લાની સફર કરવાનો ઈરાદો કરે અને શહરે નજફ પૂરૂં થયા બાદ ૩ કિલોમીટર જેટલી સફર એ રીતે પૂરી કરે કે નજફ શહેર તેની નજરોથી દેખાતું બંધ થઈ જાય. એટલું અંતર નમાઝ કસર થવા માટે પૂરતું છે. બસ ખાન રબા (નજફ અને કરબલાની વચ્ચેની એક જગાનું નામ છે.)માં હાલના સમયમાં નમાઝ કસ્ર છે. જો કે ખાનરબા અને નજફે અશરફની વચ્ચે ૨૨ કિલોમીટરથી ઓછું અંતર છે.

**સવાલ-૧૩૨:** નાના શહેરોમાં શરઈ અંતરનું માપ ક્યાંથી ગણવામાં આવશે?



https://downloadshiabooks.com/

**જવાબ:** નાના શહેરોમાં શરઈ અંતરનું માપ શહેરના અંતિમ છેડાથી ગણવામાં આવે છે.

**સવાલ-૧૩૩:** એ મોટા શહેરો જે હદથી વધારે મોટા હોય છે. તેમાં શરઈ અંતરનું માપ ક્યાંથી ગણવામાં આવશે?

**જવાબ:** એ મોટા શહેરો જે હદથી વધારે મોટા હોય છે, તેમાં શરઈ અંતરનું માપ પોતાના કસ્બા યા મોહલ્લાના અંતિમ છેડાથી ગણવામાં આવે છે. પરંતુ આ ત્યારે જ કે તે પોતાનો કસ્બો યા મોહલ્લો પાર કરે અને જો તે મુસાફિર કહેવાતો હોય ત્યારે જ તે પોતાના કસ્બા યા મોહલ્લાના અંતિમ છેડાથી શરઈ અંતર ગણશે.

**સવાલ-૧૩૪:** કેટલાક ઝાએરીન ઈમામ હુસૈન અ.ની ઝિયારત માટે કરબલા પગપાળા ચાલતા પોતાની સફર થોડાક દિવસોમાં પૂરી કરે છે. રસ્તામાં તેમની નમાઝનો શું હુકમ છે?

**જવાબ:** તે ઝાએરીન જે થોડુંક અંતર પસાર કર્યા બાદ રાત્રે પોતાના ઘરોમાં પાછા ફરે છે. પછી બીજા દિવસે ફરી પગપાળા ચાલે છે. અગર તેમનો ઈરાદો ૨૨ કિલોમીટર અંતર પસાર કરવાનો હતો પછી તેઓ પાછા ફરતા હોય તો તેમની નમાઝ કસર થશે. અગર ૨૨ કિલોમીટર અંતર કાપ્યા પહેલાં આકસ્મિક પાછા ફરવાનું થાય તો તેઓ કસ્ર નમાઝ પઢી ચૂક્યા છે તે બિના બર એહતિયાતે લાઝીમ અગર નમાઝનો સમય બાકી હોય તો નમાઝને બીજીવાર પૂરી પઢે. અગર નમાઝનો સમય બાકી ન હોય તો કઝાની નિયતથી પૂરી નમાઝ પઢે.

અગર તે ઝાએરીન ૨૨ કિલોમીટર અંતરની મુસાફરી કરવાનો ઈરાદો જ રાખતા ન હતા યા નિશ્ચિત ન હતા. જેમ કે તેમની નિયત એ હતી કે જયારે થાકી જઈશું ત્યારે ઘેર પાછા ફરીશું. તો તેઓ પૂરી નમાઝ પઢશે.

પછી પહેલા દિવસનું કાપેલું અંતર અને બીજા દિવસે જેટલું અંતર કાપવાનો ઈરાદો રાખે છે તે અગર ૨૨ કિલોમીટર થઈ જાય તે નમાઝ કસ્ર થવા માટે પૂરતું છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૩૫:** એક માણસ આખું વર્ષ દરરોજ પોતાના કામ માટે શરઈ અંતર સફર કરે છે. અગર આ દરમિયાન તેને પોતાના કામ સિવાય કોઈ બીજી સફર જેમ કે પવિત્ર સ્થળોની ઝિયારત માટે સફર કરવી પડે છે. તો તે નમાઝ કસ્ર પઢશે યા પૂરી?

**જવાબ:** આવો માણસ કસીરૂસ્સફર છે. એ જયાં પણ સફર કરશે નમાઝ પૂરી પઢશે. ત્યાં સુધી કે પ્રવાસ, પર્યટન માટે જે સફર કરે છે ત્યાં પણ પૂરી નમાઝ પઢશે.

**સવાલ-૧૩૬: કસીરૂસ્સફર** માટે શું શરતો છે, જે પોતાના કામ માટે પોતાના કામની જગ્યાએ સફર કરે છે? એવી જગ્યાએ સફર કરે છે જયાં તેનું કોઈ ઠેકાણું ન હોય?

**જવાબ:** અગર તેના કામ કરવાની જગ્યા **૪૪ કિલોમીટર** યા તેનાથી વધારે દૂર છે અને દર મહિને **૧૦ વખત સફર** કરે, યા બે કે ત્રણ સફર એવી કરે જેમાં તે ૧૦ દિવસ રહે, જો કે તેનો એ ઈરાદો હોય કે એક વરસમાં છ મહિના યા બે વરસમાં ત્રણ મહિના એવી રીતે સફર કરશે તો એવો માણસ **કસીરૂસ્સફર** છે.

અગર તેના કામ કરવાની જગ્યા નક્કી નથી પરંતું ૪૪ કિલોમીટર આવવા જવાના યા ફક્ત જવા માટે અંતર કાપે અને દર મહિને ૧૦ વખત આવી સફર કરે યા હર મહિને બે કે ત્રણ સફર એવી કરે કે ૧૦ દિવસ સફરમાં રહે અને તેનો એ ઈરાદો હોય કે એક વરસમાં છ મહિના યા બે વરસમાં ત્રણ મહિના એવી સફર કરશે તો આવો માણસ જયાં પણ સફર કરશે તેની નમાઝ અને રોઝા પૂરા થશે. ચાહે તેની સફર એવા કામમાં ન પણ હોય જેમ કે પ્રવાસ-પર્યટન યા ઝિયારત યા બીમારીના ઈલાજ માટે સફર કરે.

**સવાલ-૧૩૭:** અગર માણસ સફરની હાલતમાં બસની સીટ પર હોય અને ડ્રાયવર તેમને એટલી મોહલત નથી આપતો કે તેઓ બસથી ઉતરીને નમાઝ અદા કરી શકે. તો શું વાજીબ નમાઝ બસની સીટ પર બેસીને અદા કરી શકે છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** નમાઝને પૂરી શરતો સાથે તમામ અરકાન સાથે શક્ય હોય તો જરૂરી છે કે પૂરી શરતો અને તમામ અરકાન સાથે નમાઝ પઢે. ઉદાહરણ તરીકે સીટોની વચ્ચેની ખાલી પડેલી જગ્યામાં નમાઝ પઢે. અગર શરતો અને તમામ અરકાન સાથે નમાઝ અદા નથી કરી શકતો તો અગર ઊભો શકતો હોય તો ઊભા રહીને નમાઝ પઢે. અગર એટલી હદ સુધી રૂકુઅ માટે ઝૂકી નથી શકતો જેવી રીતે જાહેરમાં રૂકુઅ કરવામાં આવે છે તો તેના બદલે ઈશારાથી રૂકુઅ કરે. એવી જ રીતે જો સજદો બજાવી લાવી નથી શકતો તો તેના બદલે ઈશારો કરે.

દરેક હાલતમાં ઈચ્છિત છે કે તે સંપૂર્ણ શરતો અને પૂરા અરકાન સાથે નમાઝ પઢે યા ન પઢે. પરંતુ કિબ્લાની દિશાનો ખ્યાલ કરે, જયારે પણ બસ કિબ્લાની દિશાથી હટી જાય તો તે કિબ્લા તરફ રૂખ કરે. અગર કિબ્લાની દિશા તરફ રૂખ કરવું શક્ય ન હોય તો એ દિશામાં રૂખ કરે કે કિબ્લા તેની જમણી યા ડાબી બાજુની વચ્ચે રહે.

અગર કિબ્લાની દિશાની ખબર જ ન હોય તો તેને જાણવાની કોશીશ કરે અને તેને કિબ્લાની દિશાના બારામાં જે ગુમાન હોય તેના પર અમલ કરે. અગર કિબ્લાની દિશા જાણવી મુશ્કેલી હોય તો જે બાજું કિબ્લા હોવાનું અનુંમાન હોય એ બાજું રૂખ કરી નમાઝ પઢે.

અગર પૂરી નમાઝમાં માત્ર તકબીરતુલ એહરામના સમયે જ કિબ્લા ખ્યાલ કરી શકે તેમ હોય તો તેના પર સંતોષ માને. આ તમામ એહકામ એ સુરતમાં છે કે નમાઝનો સમય તંગ હોય. પરંતુ જો સમય ઘણો હોય મતલબ કે બસમાંથી ઉતર્યા બાદ નમાઝને તમામ શરતો સાથે બજાવવી શક્ય હોય તો બસની અંદર નમાઝ અદા કરવી સહીહ નથી. ખાસ કરીને કેટલીક શરતો પરિપૂર્ણ ન હોય.

**સવાલ-૧૩૮ઃ** સફરમાં પંજગાના નમાઝોની નવાફિલો પઢવાનો શું હુકમ છે?

**જવાબઃ** મુસાફિર માટે અસ્રની નવાફિલો માફ છે. ઈશાની નવાફિલ રજાઈ(સવાબ) નિયતથી બજાવી લાવે. તથા બાકી નવાફિલ જેમ કે નમાઝે શબ, ફજ્ર અને મગરીબની નવાફિલ સફરમાં પણ મુસ્તહબ છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૩૯:** શું મક્કા, મદીના, કરબલા, નજફ, કાઝમૈન અને સામર્રામાં નમાઝ કસ્ર છે કે નહિ?

**જવાબ:** ચાર જગ્યાઓ પર મુસાફિરને પૂરી અને કસ્ર નમાઝ પઢવામાં ઈખ્તિયાર છે. (૧) મક્કા મોઅઝઝમા, (૨) મદીનએ મુનવ્વરા, (૩) કૂફા અને (૪) કરબલાએ મોઅલ્લામાં કબ્રે ઈમામ હુસૈન અ.ની આજું બાજું સાડા અગ્યાર મીટર સુધી. તે સિવાય અન્ય જગાઓ પર નમાઝ કસ્ર છે.

**સવાલ-૧૪૦:** મુસાફિર કોઈ જગ્યાએ મુકીમ (સ્થાયી રહેઠાણ) કયારે કહેવાય છે?

**જવાબ:** અગર માણસ કોઈ જગ્યાએ સળંગ દસ દિવસ ઠહેરવાનો દ્રઢ નિશ્ચય અને ઈરાદો રાખતો હોય યા તેને ઈલ્મ હોય કે ફલાણી જગ્યાએ દસ દિવસથી વધારે ઠહેરશે.ચાહે દસ દિવસ ઠહેરવું તેના ઈખ્તિયારમાં ન પણ હોય તો આવો માણસ મુકીમ (સ્થાયી રહેઠાણ) કહેવાશે.

**સવાલ-૧૪૧:** શું મારા માટે જાએઝ છે કે દસ દિવસ આ રીતે રહું. દાખલા તરીકે, પાંચ દિવસ નજફે અશરફમાં અને પાંચ દિવસ કૂફામાં રહું?

**જવાબ:** એક જગા દસ દિવસ રહેવાની શરત છે. અગર દસ દિવસને બે જગ્યાએ વહેંચીને રોકાય, પાંચ દિવસ નજફે અશરફમાં અને પાંચ દિવસ કૂફામાં તો તેની નમાઝ કસ્ર થશે.

**સવાલ-૧૪૨:** અગર કોઈ માણસ નજફે અશરફમાં દસ દિવસ ઠહેરવાનો ઈરાદો કર્યો હોય તો શું તેના માટે મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલા જવું જાએઝ છે?

**જવાબ:** મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલા માટે જવું એ દસ દિવસના રહેઠાણમાં કોઈ મુશ્કેલી નથી કરતું. પરંતુ શરત એ છે કે આખો દિવસ મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલામાં ન રહે. (યા તેનાથી થોડોક ઓછો સમય જેમ કે ઝવાલ બાદ મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલા જાય અને મગરીબ બાદ એક કલાક પછી પાછા ફરે તો આવા સંજોગોમાં મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલા જવું એ દસ દિવસના ઠહેરવામાં મુશકેલી ઊભી કરશે. અગર બે કે ત્રણ કલાક માટે જાય તો કોઈ મુશ્કેલી નથી.) પરંતુ તેની પણ શરત છે કે એકથી વધારે વાર



https://downloadshiabooks.com/

પોતાના સ્થાયી રહેઠાણ પરથી ના નીકળે. તેનાથી એવું જાહેર ન થાય કે આ માણસ બે જગ્યાએ રહે છે. આ શરતને ધ્યાનમાં રાખી મસ્જીદે કૂફા યા મસ્જીદે સહલા જઈ શકે છે. જેનું અંતર શરઈ અંતરથી ઓછું છે.

**સવાલ-૧૪૩:** જે માણસ પોતાના રહેઠાણમાં પૂરી નમાઝ અદા કરી પછી તેની દસ દિવસ રોકાવાની નિયત બદલાઈ ગઈ. તો શું તે જયાં સુધી રહેઠાણની જગ્યા છોડતો નથી ત્યાં સુધી ચાર રકાતી નમાઝ અને રોઝા પૂરા અદા કરશે?

**જવાબ:** ચાર રકાતી નમાઝ પૂરી પઢશે અને રોઝા પણ રાખશે.

**સવાલ-૧૪૪:** અગર કોઈ માણસે કોઈ શહેરમાં દસ દિવસ ઠહેરવાનો દ્રઢ નિશ્ચય કર્યો અને નવમી રાતના મજબૂરીની હાલતમાં ત્યાં ઠહેરવાની નિયતને ખતમ કરી દીધી. તો તેની આવનારી નમાઝો અને રોઝા માટે શું હુકમ છે?

શું ઠહેરવાની નિયત ખતમ કર્યા બાદથી જ તેની નમાઝ કસ્ર કરશે અને રોઝા નહિ રાખે? યા એ શરતની સાથે એની નમાઝ અને રોઝા કસ્ર થશે જયારે તે પોતાના રહેઠાણથી શરઈ અંતર પૂરૂં કરશે? તે રાતની નમાઝનો શું હુકમ છે?

**જવાબ:** જયાં સુધી તે આ શહેરમાં છે અને નવી સફર શરૂં નથી કરતો તેના રોઝા અને નમાઝ પૂરી થશે.

**સવાલ-૧૪૫:** અગર હું ઝિયારતથી પરત ફરી રહ્યો છું અને નમાઝનો સમય શરૂં થઈ જાય. જો હું સફરની તમામ નમાઝો ન પઢી હોય અને ઘેર પહોંચ્યા બાદ નમાઝનો સમય બાકી હોય તો શું નમાઝ કસ્ર અદા કરૂં? યા પૂરી નમાઝ પઢું?

**જવાબ:** જયાં સુધી નમાઝનો સમય બાકી છે ત્યાં સુધી પૂરી નમાઝ અદા કરે.

**સવાલ-૧૪૬:** જે માણસને કસ્ર નમાઝ પઢવાની હોય, અગર તે ભૂલથી પૂરી નમાઝ પઢે. યા ત્રીજી યા ચોથી રકાતના રૂકુઅ બાદ યાદ આવ્યું કે તેને તો કસ્ર નમાઝ પઢવાની હતી. શું આ સંજોગોમાં તેના માટે જાએઝ છે કે આ ચાર રકાતી નમાઝની નિયતને કઝા માફીઉલ ઝીમ્માની તરફ બદલી દે?



https://downloadshiabooks.com/

**જવાબ:** જાએઝ નથી. જો કે એક રકાત વધી જશે તો તેની નમાઝ બાતિલ થઈ જશે. બિના બર એહતિયાત વાજીબ એક રકાત વધારે ન પણ હોય તોયે નમાઝ બાતિલ થશે.

**સવાલ-૧૪૭:** એક માણસને કસ્ર નમાઝ પઢવાની હતી. પરંતું મસઅલાની જાણકારી ન હોવાના લીધે તેણે પૂરી નમાઝ પઢી દીધી. તો તેનો શું હુકમ છે?

**જવાબ:** અગર તેને હકિકતમાં આ મસઅલાની જાણ ન હતી કે મુસાફિર પર કસ્ર નમાઝ વાજીબ હોય છે. તો તેના પર કઝા નમાઝ કે ફરી પઢવી વાજીબ નથી. પરંતું તેને ઈલ્મ હતું કે મુસાફિર પર કસ્ર નમાઝ વાજીબ છે. પરંતું કેટલીક શરતોથી અજાણ હતો. દાખલા તરીકે, તેને એ ઈલ્મ ન હતું કે મુસાફિર અગર આવવા જવાનું ૪૪ કિલોમીટર અંતર પસાર કરે પછી જ તેના પર કસ્ર વાજીબ થાય. તેના ખ્યાલમાં આવવા જવાનું અંતર ૪૪ કિલોમીટરથી શરઈ સફર સાબિત ન હતું. યા તેના ખ્યાલમાં હરમ મુબારક અને ઈમામ હુસૈન અ.ની સહનમાં માણસને કસ્ર યા પૂરી નમાઝ પઢવા માટે ઈખ્તિયાર છે અને તેણે પૂરી પઢી દીધી. જો સમય દરમિયાન તેને ખ્યાલ આવી જાય તો બિના બર એહતિયાત નમાઝ બીજી વાર પઢે. અગર સમય પૂરો થઈ ગયા બાદ તેને જાણ થાય તો કઝા વાજીબ નથી.

**સવાલ-૧૪૮:** અગર મુસાફિર ભૂલથી બે રકાતના બદલે ચાર રકાત નમાઝ પઢી લીધી તો તેની નમાઝ સહીહ છે?

**જવાબ:** અગર નમાઝનો સમય બાકી છે તો બીજીવાર નમાઝ પઢવી વાજીબ છે. સમય ખતમ થયા બાદ તેને ધ્યાનમાં આવ્યું તો બિના બર એહતિયાત કઝા વાજીબ છે.

**સવાલ-૧૪૯:** અગર કોઈ માણસ ભૂલી જાય કે તે સફરમાં છે. યા ભૂલી જાય કે મુસાફિરે કસ્ર નમાઝ પઢવાની છે અને પૂરી નમાઝ પઢી લે તો તેને શું કરવું જોઈએ?



https://downloadshiabooks.com/

**જવાબઃ** અગર સમય દરમિયાન તેને યાદ આવી જાય કે તે મુસાફિર છે તો બીજીવાર કસ્ર નમાઝ પઢે. અગર સમય ખતમ થયા બાદ યાદ આવે તો કઝા વાજીબ નથી.

**સવાલ-૧૫૦:** અગર કોઈ માણસ શહેરમાં જ હોય અને નમાઝનો સમય શરૂ થઈ જાય અને તેણે નમાઝ પઢ્યા વગર સફર શરૂ કરી દે તો શું તે કસ્ર નમાઝ પઢશે યા પૂરી?

**જવાબઃ** અગર હદ્દે તરખ્ખુસ પસાર કરી નાખેલ હોય અને નમાઝનો સમય બાકી હોય તો કસ્ર નમાઝ પઢશે.

**સવાલ-૧૫૧:** ઝિયારતથી પરત આવતાં ડ્રાયવર નમાઝ માટે બસ રોકી નહિ. અને જયારે હું ઘેર પહોંચ્યો તો નમાઝનો સમય પૂરો થઈ ગયો હતો. આવા સંજોગોમાં મારા પર જે નમાઝ કઝા થઈ છે તેને હું કસ્ર કઝા પઢું યા પૂરી નમાઝ પઢું?

**જવાબઃ** આ નમાઝને કસ્ર કઝા કરે. કેમ કે સફર દરમિયાન નમાઝનો સમય પૂરો થઈ ગયો હતો.

**સવાલ-૧૫૨:** નમાઝનો સમય પૂરો થવાના પહેલાં મેં સફર શરૂ કરી અને ઝોહર-અસરની નમાઝ પઢી નહિ. તો શું હું તેની કઝા કસ્ર પઢું યા પૂરી અદા કરૂં?

**જવાબઃ** અગર નમાઝનો આખર સમય હતો અને તે પોતાના શહેરમાં જ હતો કે નમાઝનો સમય પૂરો થઈ ગયો તો પૂરી નમાઝ કઝા કરશે. અગર આખર સમયે પોતાના શહેરથી નીકળી સફરની હાલતમાં હતો ત્યારે નમાઝનો સમય પૂરો થઈ ગયો તો કસ્ર કઝા કરશે.

**સવાલ-૧૫૩:** અગર દિકરો બાપની રાજીખુશી વિના યા બાપના મનાઈ કરવા છતાં સફર કરે અને તેની સફર વાજીબ ન હોય તો શું દિકરો પોતાની નમાઝ કસ્ર અને પૂરી બંને પઢશે. યા ફક્ત કસ્ર નમાઝ પઢશે?

**જવાબઃ** ઉપરના સંજોગોમાં અગર દિકરાની સફર બાપના માટે તકલીફનું કારણ હોય તો તેની સફર હરામ છે. જેથી સફર દરમિયાન તે પૂરી નમાઝ પઢશે. તે સિવાયના સંજોગમાં કસ્ર પઢશે.



https://downloadshiabooks.com/

## પ્રકરણ- ૧૦
## નમાઝે જમાઅતના મસાઈલ

**સવાલ-૧૫૪:** હરમે માસુમીન અ. યા મસ્જીદમાં અગર જમાઅત થઈ રહી હોય તો ફૂરાદા નમાઝ પઢવી જાએઝ છે?

**જવાબ:** અગર ફૂરાદા નમાઝ પઢનારની નમાઝમાં ઈમામે જમાઅતની બેહુરમતી થતી હોય, જો કે ઈમામે જમાઅત ઈજજતને લાયક હોય તો ફૂરાદા નમાઝ પઢવી હરામ છે. પરંતું નમાઝ બાતિલ થતી નથી. અગર ફૂરાદા નમાઝ પઢવામાં ઈમામે જમાઅતની બેહુરમતીનું કારણ ન હોય તો ઈશ્કાલ નથી.

**સવાલ-૧૫૫:** અઈમ્મએ માસુમીન અ.ના રોઝા મુબારકમાં અગર ઝાએર નમાઝી અને મરસીયાખાની કરનારની વચ્ચે રૂકાવટ ઊભી થાય તો કોને પ્રાધાન્ય આપવું જોઈએ? શું હરમ પાક અને સહને શરીફના રવાકમાં તેમની સ્થિતિ અલગ રહેશે? શું નમાઝે જમાઅત અને અન્ય પ્રસંગોના સમયને જોતાં તેમની સ્થિતિ અલગ અલગ રહેશે?

**જવાબ:** હરમે અઈમ્મા અ.માં જે જગા મસ્જીદ માટે હોવી સાબિત છે. તે જગ્યાએ પહેલાં આવનાર બંદો નમાઝ અદા કરવા ચાહે યા તાઅકિબાતે નમાઝ પઢવા ઈચ્છતો હોય તો બીજા માણસે તેને ત્યાંથી ખસેડવો જાએઝ નથી. અગર આ જગા પર પહેલાં આવનાર માણસ નમાઝ સિવાય ઝિયારત, મરસિયાખાની યા અન્ય ઈબાદત કરવા ચાહે તો આવા સંજોગોમાં અગર કોઈ બંદો નમાઝ પઢવા ચાહે તો એહતિયાત છે કે તે જગા નમાઝી માટે ખાલી કરી દેવી જોઈએ.

અગર આ જગા મસ્જીદ માટે હોવી સાબિત ન હોય અને પહેલાં આવનાર માણસ અગર ઝિયારત અને ઝિયારતે નમાઝ પઢવા ચાહતો હોય તો તેને ત્યાંથી ખસેડવો જાએઝ નથી. ત્યાં સુધી કે અવ્વલ સમયમાં નમાઝે જમાઅત અદા કરવા માટે પણ ત્યાંથી હટાવવો જાએઝ નથી. અગર આ જગાએ પહેલાં આવનાર માણસ ઝિયારત સિવાય અન્ય કોઈ અમલ બજાવી લાવવા ઈચ્છે છે (જેમ કે મજાલીસે અઝા) તો આવા સંજોગોમાં બીજો કોઈ માણસ નમાઝે જમાઅત સિવાય ઝિયારત અને નમાઝે ઝિયારત અદા કરવા ચાહે તો મજલીસે



https://downloadshiabooks.com/

અઝા પઢનારે એહતિયાતની બિના પર તેના માટે તે જગા ખાલી કરવામાં આવે.

**સવાલ-૧૫૬:** કેટલાક લોકો નમાઝ બા જમાઅત માટે પોતાની જગ્યા સુરક્ષિત કરવા પોતાની કોઈ વસ્તું તે જગા પર રાખી દે છે. અગર તે વસ્તું નમાઝના પહેલા કેટલાક કલાકો સુધી પડી રહે તો શું આ માણસને તે જગ્યાએ નમાઝ પઢવાનો હક સુરક્ષિત રહી શકે છે?

**જવાબ:** તેનાથી તેનો શક સુરક્ષિત નથી થતો.

**સવાલ-૧૫૭:** અગર તે વસ્તું/સામાન નમાઝીઓની સંખ્યાથી વધારે હોય અને તે સામાન નમાઝીઓને તકલીફરૂપ હોય તો શું તે સામાનને હટાવવો જાએઝ છે?

**જવાબ:** અગર નમાઝની સફમાં જે ઈત્તેસાલ(જોડાણ) શરત છે તેમાં દખલરૂપ હોય અને નમાઝે જમાઅતનો સમય દાખલ થઈ ગયો હોય તો તેને હટાવવો જાએઝ છે.

**સવાલ-૧૫૮:** શું અઈમ્મએ માસુમીન અ.ના રોઝા મુબારકમાં ફૂરાદા નમાઝ પઢવાનો વધારે સવાબ અને ફઝીલત છે? યા અન્ય જગ્યાએ જેમ કે મસ્જીદમાં જમાઅતની સાથે નમાઝ પઢવી વધારે અફઝલ છે?

**જવાબ:** જમાઅતની સાથે નમાઝ પઢવી અફઝલ છે.

**સવાલ-૧૫૯:** નમાઝે જમાઅતમાં શરત છે કે પુરૂષો અને સ્ત્રીઓની વચ્ચે એવી આડ(અવરોધ) હોય જે પરદાનું કામ કરે. શું તે અવરોધ કાચ યા જાળી હોઈ શકે છે જેની બીજી બાજું જોઈ શકાતું હોય? અગર તે અવરોધ એટલો ઊંચો નથી તો શું તે પૂરતો છે? મતલબ કે અગર કોઈ માણસ ઊભો થાય તો તે અવરોધની પાછળથી જોઈ શકે છે?

**જવાબ:** અગર સ્ત્રીઓ પુરૂષોની પાછળ હોય તો કોઈ અવરોધની જરૂરત નથી. અગર સ્ત્રીઓ પુરૂષોની એક બાજુએ ઊભી હોય તો તે સમયે કોઈ અવરોધ હોવો જરૂરી છે. પરંતું એ જરૂરી નથી કે તે અવરોધ એવો હોય કે બીજી બાજું જોઈ ન શકાય.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૬૦-૧:** અગર કોઈ માણસ જમાઅતની સફમાં ઊભો હોય તો તેના માટે નમાઝથી અલગ થઈને ફૂરાદા નમાઝ અદા કરવી જાએઝ છે?

**જવાબ:** તેનો જવાબ સવાલ-૧૫૪ના જવાબમાં આપેલ છે.

**સવાલ-૧૬૦-૨:** અગર તે માણસ ચાલું નમાઝે જમાઅતમાંથી અલગ થઈ ગયો હોય તો તે સફમાં અન્ય નમાઝીઓની નમાઝનો શું હુકમ છે?

**જવાબ:** અગર બીજી કોઈ તરફથી ઈત્તેસાલ(જોડાણ) હોય તો કોઈ હરજ નથી. નહિતર તેનું જમાઅતથી અલગ થઈ જવું એ રૂકાવટમાં ગણાશે. જે જમાઅતના જોડાણમાં અડચણરૂપ છે.

**સવાલ-૧૬૧:** હું ઈમામે જમાઅત સાથે ત્રીજી રકાતમાં નમાઝે ઈશા પઢી રહ્યો હતો. મને જાણ થઈ કે જે નમાઝી મારી આગળ અને જમણી-ડાબી બાજુએ છે તેઓ નમાઝે મગરીબ પઢી રહ્યા છે. તેઓ સલામ ફેરવવા માટે બેસી રહ્યા. તેવા સંજોગોમાં મારી જમાઅત અને નમાઝનો શું હુકમ છે?

**જવાબ:** નમાઝે જમાઅત સહીહ હોવામાં એટલું પૂરતું છે કે જે માણસ આપની આગળ ઊભો છે તેની સાથે તમારૂં જોડાણ હોય અગર તે વધારે અંતર ન હોય તો. નહિતર તમે જમાઅતથી જૂદા થઈ જશો. પરંતું નમાઝ સહીહ છે.

**સવાલ-૧૬૨:** જે માણસ નમાઝે જમાઅતની સાથે નમાઝ પઢી રહ્યો હોય તેનું કપાળ બેકાબૂ (અચાનક) સજદાની જગ્યાએથી ઉઠી જાય અને બીજી વાર કપાળને જમીન પર રાખવું શક્ય હોય તો તેના માટે શું હુકમ છે? શું તે ઈમામે જમાઅતની રાહ જૂએ? યા જમાઅતથી અલગ થઈ જાય? યા બીજીવાર ઈમામે જમાઅતનું અનુંસરણ કરતાં સજદામાં ઈમામની સાથે થઈ જાય?

**જવાબ:** ઈમામે જમાઅતનું અનુંસરણ કરતાં સજદામાં ઈમામની સાથે થઈ જાય.



https://downloadshiabooks.com/

## પ્રકરણ- ૧૧
## સફરમાં રોઝાના એહકામ

**સવાલ-૧૬૩:** મક્કાએ મોકર્રમા, મદીનએ મુનવ્વરા, નજફે અશરફ જેવા પવિત્ર શહેરોમાં જેણે દસ દિવસ રોકાવાની નિયત ન હોય તો તેના માટે રોઝો રાખવો જાએઝ છે?

**જવાબ:** દસ દિવસ રોકાયા વગર રોઝો રાખવો સહીહ નથી. પરંતું અગર સફરમાં રોઝો રાખવાની મન્નત માની હોય તો જાએઝ છે. અને મદીનએ મુનવ્વરામાં કઝાએ હાજતના ત્રણ રોઝા જાએઝ છે.

**સવાલ-૧૬૪:** સફરમાં મન્નતના રોઝા રાખનાર માટે રોઝાની હાલતમાં શરઈ અંતર પસાર કરવું જાએઝ છે? યા શરઈ અંતર પસાર કરવાના લીધે રોઝો બાતીલ થઈ જાય છે?

**જવાબ:** અગર તેણે સફરમાં રોઝા મન્નત માની હતી તો રોઝો સહીહ છે. નહિતર શરઈ અંતર પસાર કરવાથી રોઝો બાતિલ નથી થઈ જતો.

## પ્રકરણ- ૧૨
## ઈબાદતોને હદિયો કરવાના મસાઈલ

**સવાલ-૧૬૫:** શું નમાઝ યા રોઝા યા હજની સુરતમાં અદા કરવામાં આવેલી ઈબાદત હયાત ઈન્સાનને હદિયો કરવો જાએઝ છે?

**જવાબ:** નમાઝ અને બીજી ઈબાદતો મય્યત તરફથી ફી સબિલિલ્લાહ અદા કરવી જાએઝ છે. પરંતું હયાત ઈન્સાન તરફથી અદા કરવી જાએઝ નથી. ચાહે હયાત ઈન્સાન ખુદ તે ઈબાદત બજાવી લાવવા માટે લાચાર જ કેમ ન હોય સિવાય હજ. અગર હયાત ઈન્સાન હજ માટે હેસિયત ધરાવતો હોય યા હજ તેના પર વાજીબ થઈ ચૂક્યું હોય અને પોતે હજ અદા કરવા લાચાર હોય કોઈ બીજો માણસ તેના તરફથી હજ બજાવી શકે છે. પરંતું મુસ્તહબ ઈબાદતોનો



https://downloadshiabooks.com/

સવાબ હયાત યા મરહુમ બંનેને હદિયો કરી શકાય છે. કેટલાક મુસ્તહબાત જેમ કે હજ યા ઉમરાહ, તવાફ પણ હયાત ઈન્સાનની નિયાબતમાં (તરફથી) અદા કરવા સહીહ છે ચાહે ઈન્સાન મક્કાએ મોકર્રમામાં હાજર ન પણ હોય. આ જ રીતે નબીએ કરીમ સ. અને અઈમ્મએ માસુમીન અ.ની ઝિયારત અને ત્યાર બાદ અદા કરવામાં આવતી નમાઝનો સવાબ હયાત ઈન્સાનને હદિયો કરવો જાએઝ છે.

**સવાલ-૧૬૬:** શું મુસ્તહબાતોમાં  હયાત ઈન્સાનની નિયાબત જાએઝ છે? ચાહે તે કોઈ પણ પ્રકારના મુસ્તહબાતો હોય. જેમ કે સદકા, માસુમીન અ.ની ઝિયારત, મુસ્તહબ નમાઝો વગેરે.

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૧૬૭:** શું તિલાવતે કુરઆન મજીદનો સવાબ માસુમીન અ. યા સાહેબે કરામત વ્યક્તિઓ જેવી કે હઝરત અબ્બાસ અ., ઉમ્મુલ બનીન સ. વગેરેની રૂહોને પણ હદિયો કરી શકાય છે?

**જવાબ:** જાએઝ છે.

**સવાલ-૧૬૮:** શું ખત્મે કુરઆનનો સવાબ નબીએ અકરમ સ., અઈમ્મએ અત્હાર અ. અને ઈમામે ઝમાન અજ્જલલ્લાહો ફરજહુશ્ શરીફની પાક રૂહોને હદિયો કરવો જાએઝ છે? અગર તેમ કરવું જાએઝ હોય તો કુરઆન પઢવાનું શરૂ કરે તે વખતે તેની નિયત કરવી જરૂરી છે? યા કુરઆન મજીદ ખત્મ કર્યા બાદ પણ નિયત કરી શકે છે?

**જવાબ:** આ પાક હસ્તિઓની નિયાબતની નિયત કરીને ખત્મે કુરઆન શરૂ કરવી જાએઝ છે. અગર તેમની નિયાબતનો ઈરાદો (નિયત) ના પણ કરવામાં આવે તો જયારે કુરઆન ખતમ કરી લે તો તેનો સવાબ તેમની પાક રૂહોને હદિયો કરી શકાય છે.

**સવાલ-૧૬૯:** હું મારા પિતાને ખત્મે કુરઆનનો સવાબ કેવી રીતે આપું? શું એ જાએઝ છે કે કુરઆન મજીદની તિલાવતને કેટલાક ભાગમાં વહેંચું અને તે દરેક ભાગની તિલાવતને કોઈ ખાસ માણસને હદિયો કરૂં?



https://downloadshiabooks.com/

**જવાબઃ** આપ કુરઆન મજીદની તિલાવતના પહેલાં પોતાના પિતાની નિયાબતમાં કુરઆન મજીદની તિલાવતની નિયત કરે. યા કુરઆન મજીદની તિલાવત કરે અને તેનો સવાબ પોતાના પિતાની રૂહને હદિયો કરે. કુરઆન મજીદની તિલાવતને અલગ અલગ ભાગોમાં વહેંચવી જાએઝ છે.

**સવાલ-૧૭૦:** શું મય્યતને હદિયો કરવા માટે દિલમાં નિયત કરવી પૂરતી છે? યા ઝબાનથી નિયતના શબ્દો ઉચ્ચારવા જરૂરી છે? શું કોઈ કામ કરવા પહેલાં નિયત કરવી પૂરતી છે? યા કામ પૂરૂં થયા પછી પણ નિયત કરી શકાય છે?

**જવાબઃ** દિલથી નિયત પૂરતી છે. કુરબતનની નિયતથી અમલ બજાવી લાવવો. પછી મય્યતને હદિયો કરવો જાએઝ છે.

**સવાલ-૧૭૧:** અગર કોઈ માણસ પોતાના પિતાને કોઈ અમલના સવાબનો હદિયો કરવા ચાહે છે. તો શું તે અમલના સવાબનો હદિયો તેમને જ આપવો બેહતર છે કે તેમાં બીજા લોકોનો સમાવેશ કરી શકે છે? દાખલા તરીકે તે અમલના સવાબને પોતાના પિતા અને મોમીનોને હદિયો કરી શકે છે?

**જવાબઃ** બધા જ માટે હદિયો કરવો બેહતર છે.

## પ્રકરણ- ૧૩
## ખોવાએલી વસ્તુના મસાઈલ

**સવાલ-૧૭૨:** શું કેટલાક લોકોની ખોવાએલ સામાનને ઉપાડવો વાજીબ છે?

**જવાબઃ** વાજીબ નથી.

સવાલ-૧૭૩: કેટલીક વખત ઝાએરીન ઝિયારત દરમિયાન પોતાની કોઈ વસ્તુંઓ ખોઈ બેસે છે જે અમને મળે છે. શું આવા સંજોગોમાં અમારા પર વાજીબ છે કે તે વસ્તુંઓની હિફાઝત કરીએ? તથા તેના વિષે અન્ય લોકોને જાણ કરીએ? રોઝા મુબારકના ગુમશુદા વિભાગમાં જમા કરાવી દઈએ?



https://downloadshiabooks.com/

**જવાબઃ** (૧) જે માણસ તે વસ્તું ઉઠાવી છે, સીધી રીતે તેના પર વાજીબ નથી કે લોકોને જાણ કરે. પરંતું તેની નિયાબતમાં કેટલાક લોકોને આ વિષે જાણ કરી દે તો એ પૂરતું છે. અગર તે માણસને સંતોષ થઈ જાય કે ફલાણો માણસ પોતાના વતીથી લોકોને જાણ કરશે તો આવા સંજોગોમાં જેણે વસ્તુંઓ ઉઠાવી હોય તેના ગરદન પરથી આ વાજીબ સાકિત થઈ જાય છે કે તે લોકોને જાણ કરે. કેમ કે બીજો કોઈ માણસ ખુશીથી પોતાના જીમ્મે આ વાજીબ અદા કરવાની જીમ્મેદારી લઈ લીધી છે.

(૨) અગર આ ખોવાએલી વસ્તુંની કોઈ નિશાની ન હોય જેનાથી તે વસ્તુંના દાવેદાર તેની ઓળખ આપી શકે. જેમ કે સિક્કાદાર ચાંદી તથા આજ કાલના જમાનામાં ફેકટરીઓમાં જે વસ્તુંઓ તૈયાર કરવામાં આવે છે. તો આવા સંજોગોમાં ઉઠાવનાર માટે જાએઝ છે કે તેને પોતાની માલિકીમાં લે. ચાહે તેની કિંમત એક દિરહમ હોય યા તેનાથી વધારે હોય. પરંતું એહતિયાતે મુસ્તહબ છે કે ઉપાડનાર માણસ તે વસ્તુંઓને તેના માલિકની તરફથી સદકો કરી દે.

પરંતું તે વસ્તુંની કોઈ નિશાની હોય જેના મારફતે તે વસ્તુંનો માલિક તેની ઓળખ કરી શકે. આ વસ્તુંની કિંમત એક દિરહમથી ઓછી હોય તો ઉપાડનાર માટે વાજીબ નથી તે ગુમશુદા વસ્તું માટે જાહેરાત કરે અને તેના માલિકની તપાસ કરે. પરંતું આ સંજોગોમાં  આ વસ્તુંને પોતાની માલિકીમાં લેવી મહલ્લે ઈશ્કાલ છે. જો કે એહતિયાતે વાજીબ છે કે  તે આ વસ્તુંને તેના માલિકની તરફથી સદકો આપી દે.

અગર આ ગુમશુદા વસ્તુંની કોઈ નિશાની હોય જેના લીધે તેના માલિક સુધી પહોંચી શકાતું હોય અને તેની કિંમત એક દિરહમ યા તેનાથી વધારે હોય તો આ ગુમશુદા વસ્તુંના બારામાં જાહેરાત કરે અને તેના માલિકની તપાસ કરવી વાજીબ છે. અગર તેના માલિક સુધી પહોંચી શકાય તેમ ન હોય અને તે વસ્તું હરમે મક્કામંથી ઉપાડી હતી તો બિનાબર એહતિયાત તે વસ્તું પોતાની માલિકીમાં લઈ શકતો નથી.

**સવાલ-૧૭૩-૧:** શું તે વસ્તું ઉપાડવાની સાથે જ તે વસ્તુંને તેના માલિક વતીથી સદકો કરી દેવો જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબઃ** અગર આ વસ્તુંના માલિક સુધી પહોંચવા માટે હતાશ થઈ જાય તો હાકિમે શરઈની રજાથી સદકો આપી શકે છે. અગર અચાનક તે વસ્તુંનો માલિક મળી જાય, તો તેવા સંજોગોમાં તે વસ્તુંનો માલિક તે વસ્તું ઉઠાવનારના સદકાથી રાજી થઈ જાય યા તે વસ્તુંને ઉઠાવનાર પાસેથી તેની માગણી કરે.

**સવાલ-૧૭૪:** ગુમશુદા વસ્તુંની કેટલા સમય સુધી શરઈ રીતે એલાન કરવું જરૂરી છે?

**જવાબઃ** જે દિવસે વસ્તું ઉઠાવી હોય તે દિવસથી લઈને એક વર્ષ સુધી એલાન કરવું જરૂરી છે.

**સવાલ-૧૭૫:** દિરહમનું પ્રમાણ શું છે જે ગુમશુદા વસ્તુંની કિંમતમાં જણાવેલ છે?

**જવાબઃ** દિરહમ ૧૨.૬ ચણા(૨.૫ ગ્રામ) સિક્કાદાર ચાંદીના બરાબર છે.

**સવાલ-૧૭૬:** ઈમામ હુસૈન અ.ના ચેહલુમના મૌકા પર ઝાએરીન હુસૈની મૌકિબ (ઝાએરીનના આરામ માટેના સ્ટોલ યા કેમ્પ) માં આરામ માટે ઠહેરે છે. અતિશય થાકના લીધે પોતાની જરૂરી વસ્તુંઓ ભૂલી જાય છે. આ વસ્તુંઓના તેના માલિક સુધી પહોંચાડવી અતિશય મુશ્કેલ બની જાય છે. કેમ કે તેમાં એવી કોઈ નિશાની નથી હોતી કે જેના લીધે તેના માલિક સુધી પહોંચાડી શકાય. આવા સંજોગોમાં હુસૈની મૌકિબની શું જીમ્મેદારી બને છે?

**જવાબઃ** અગર આ ગુમશુદા વસ્તુંઓના માલિક સુધી તે વસ્તુંઓ પહોંચાડવા માટે નિરાશ થઈ જાય તો તેની નિયાબતમાં દીનદાર ફકીરોને સદકો આપી દે.

**સવાલ-૧૭૭:** હું મસ્જીદમાં નમાઝ અદા કરવા ગયો. નમાઝથી પરવારીને હું જયારે મસ્જીદની બહાર નીકળ્યો તો ભૂલથી બીજા કોઈના જૂતા પહેરી લીધા અને જેના ભૂલથી મેં જૂતા પહેરી લીધા હતા તેણે ભૂલથી મારા જૂતા પહેરી લીધા. કેમ કે બંને જૂતા એક બીજાથી મળતા આવતા હતા સિવાય કે રંગ. બીજા દિવસે એ તરફ મારૂં ધ્યાન ગયું. તો આવા સંજોગોમાં શું એ જૂતા જે હું ભૂલથી પહેરી લીધા હતા તે મારા માટે પહેરવા જાએઝ છે યા હરામ?



https://downloadshiabooks.com/

**જવાબ:** એ જૂતાના માલિકની મંજૂરીનું યકિન હોય તો તમારા માટે એ જૂતાનો ઉપયોગ કરવો જાએઝ છે. અગર તે જૂતાના માલિકની મંજૂરીનું યકિન નથી તો તે મજહુલુલ માલિક (જેના માલિકની જાણ ના હોય)છે.

## પ્રકરણ- ૧૪
## અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરના મસાઈલ

**સવાલ-૧૭૮:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરનો ઓછામાં ઓછો શું મરતબો(દરજજો) છે? અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર એ વાજીબે અયની છે યા વાજીબે કિફઈ?

**જવાબ:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરનો પહેલો દરજજો એ છે કે નેકીના કામ છોડી દેનાર અને બૂરાઈના કામ અંજામ આપનાર સાથે એવી વર્તણૂંક કરે જેનાથી એવું જાહેર થાય કે દાવત આપનાર તેનાથી દિલથી ખૂબ જ નફરત કરે છે. તેનાથી રાજી નથી. જેમ કે નેકીના કામ છોડી દેનાર અને બૂરાઈના કામ અંજામ આપનારથી દૂરી યા નારાજી બતાવે, યા તેનાથી વાતચીત કરવાનું બંધ કરી દે, યા આના જેવા કોઈ કામ કરે. ખુદ એવું કોઈ કામ ન કરે જેનાથી એ જાહેર થાય કે ફલાણા તરફથી અંજામ આપવામાં આવતા કામ પસંદ કરવા લાયક નથી. ત્યાં સુધી અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર વાજીબે અયની છે. કોઈ બીજા દ્વારા આ કામ અંજામ આપવાથી તમારા પરથી સાકિત થશે નહિ. અમીરૂલ મોઅમેનીન અ. મે ફરમાવ્યું કે, રસુલેખુદા સ. અમને હુકમ આપ્યો છે કે, ગુનેગાર લોકોથી મોં બગાડીને મળો. (એટલે કે કપાળ પર કરચલીઓ પડી હોય.)

**સવાલ-૧૭૯:** હું કોઈ પણ ઈમામ અ.ના હરમમાં કામના સમયે (યાને કે ઓરતોની ચેકીંગ દરમિયાન) કેટલાક કામ હરામ જોવું છું. દાખલા તરીકે, ઓરતોએ નખની પોલીશ લગાવેલી હોય છે, યા ભભકાદાર મોજા પહેરેલા હોય, યા સહીહ રીતે હિજાબ કરેલો હોતો નથી, આવા સંજોગોમાં હું માત્ર



https://downloadshiabooks.com/

ચેકીંગમાં ધ્યાન આપું અને આ ઓરતોને અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર માટે શરીઅતના પાક એહકામો પર અમલ કરવાની નસીહત ન કરૂં, તો શું મને તેના ગુનાહ થશે?

**જવાબ:** અગર અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની શરતો પૂરી થતી હોય તો વાજીબ છે. આવા સંજોગોમાં અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરને છોડી દેવું હરામ અને ગુનાહને લાયક છે. અગર શરતો પૂરી થતી ન હોય તો અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર વાજીબ નથી. પરંતું આવા સમયે હરમ પાકની વ્યવસ્થા કમિટીના આદેશો પર અમલ કરવો જરૂરી છે.

**સવાલ-૧૮૦:** અગર એક ઝાએર અબા યા મોજા નથી પહેરતી. તો શું હરમ પાકના ખાદીમો માટે જાએઝ છે કે તેને ઈમામ અ.ના હરમમાં દાખલ ન થવા દે?

**જવાબ:** હરમ પાકની વ્યવસ્થાપક કમિટી પર જરૂરી છે કે રોઝાએ મુબારકના કામોમાં છૂટછાટની સાથે આ બારામાં પણ ખાસ નિયમો બનાવે.

**સવાલ-૧૮૧:** કેટલીક વાર અમે જોઈએ છીએ તથા સાંભળીએ છીએ કે કેટલાક લોકો બૂરાઈ(ગુનાહ)નું કામ કરી રહ્યા છે. તો આવા સમયે આ લોકોને બૂરાઈથી રોકવાથી મસીહત કરનારને મુશ્કેલીનો સામનો કરવો પડે તો નસીહત કરનારની શું જીમ્મેદારી બને છે?

**જવાબ:** અગર આપને એ વાતનો સંદેહ હોય કે આપના મનાઈ કરવાથી તેના પર અસર થશે અને તે માણસ બૂરાઈ કરવાથી રોકાઈ જશે. તો તેને મનાઈ કરવી વાજીબ છે. નહિતર બિના બર એહતિયાતે વાજીબ અગર નુકશાનનો ડર ન હોય તો તેનાથી નફરતનો ઈઝહાર કરવો જરૂરી છે. અગર તેને યકિન હોય કે નેકી પર અમલ કરવો અને બુરાઈને છોડી દેવાને પાક શરીઅતમાં ખૂબ જ મહત્ત્વ છે. આ પવિત્ર અમલ ખાતર તે નુકશાનને બરદાશ્ત કરવાની તાકત રાખે છે. તો પછી અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની વાજીબાત સાકિત થતી નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૧૮૨:** કેટલીક વખત જોવામાં આવે છે કે કેટલીક ઓરતોએ હિજાબ કરેલો હોય છે. આમ છતાં તેમના થોડાક વાળ દેખાય છે. તથા કેટલીક ઓરતો મોજા પહેરતી જ નથી. તો આવા સંજોગોમાં અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરને બજાવી લાવવા માટે શું હુકમ છે?

**જવાબ:** વાળ અને પગોને છૂપાવવા શરઈ રીતે વાજીબ છે. અગર કોઈ શરઈ મજબૂરીનું કારણ હોય તો તેમને રોકવું વાજીબ નથી. અગર માણસને એટલો સંદેહ હોય કે તેમને મનાઈ કરવાથી કંઈક અસર થશે તો રોકવું વાજીબ છે.

**સવાલ-૧૮૩:** એ ઓરતો જેઓ હિજાબ નથી કરતી તેમને નસીહત કરવાનો કયા તરીકો અપનાવવામાં આવે?

**જવાબ:** કુરઆનમજીદમાં હિજાબને લગતી આયતો બયાન કરવી એ બેહતર વસીલો છે. અગર એ ઓરત અલ્લાહ તઆલા અને આખેરત પર ઈમાન રાખતી હશે તો નજીકમાં જ ઈન્શાઅલ્લાહ બેહિજાબીથી રોકાઈ જશે.

**સવાલ-૧૮૪:** અગર કોઈ જવાન અને વૃધ્ધ માણસ કોઈ જ શરઈ મજબૂરી વગર દાઢી મૂંડાવી હોય તો તે માટે અમારી શું જવાબદારી છે?

**જવાબ:** અગર કોઈ માણસ કોઈ જ શરઈ મજબૂરી વિના દાઢી મૂંડાવી હોય અને અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની શરતો પર અમલ શક્ય હોય તો તેની રહેનુમાઈ કરવી જરૂરી છે. જેથી અલ્લાહની સામે એ કહી શકે કે હું તેના પર હુજ્જત પૂરી કરી હતી.

**સવાલ-૧૮૫:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની સાચી રીત કઈ છે?

**જવાબ:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર કરવા માટેના કેટલાય દરજ્જા (પગથિયા) છે. જેનું વિગતેથી વર્ણન અમલીયાના રીસાલામાં આપેલ છે. દરેક દરજ્જામાં કડક અને નરમના કેટલાય દરજ્જાઓ છે. વાજીબ છે કે પહેલા અને બીજા દરજ્જા (પગથિયા)થી શરૂઆત કરવામાં આવે. જો કે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે કયો રસ્તો વધારે અસરકારક અને ઓછી



https://downloadshiabooks.com/

તકલીફવાળો રહેશે. પછી ધીમે ધીમે સખ્ત્રી અને કડક રસ્તો અપનાવવામાં આવે.

**સવાલ-૧૮૬:** મેં કોઈ માણસને ગલત વઝૂ કરતાં જોયો. તો શું તેને માર્ગદર્શન આપવું વાજીબ છે?

**જવાબ:** અગર શક્ય હોય તો વાજીબ છે.

**સવાલ-૧૮૭:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની શરતોમાંથી એક શરત છે કે અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર કરનારની બોલચાલ સામેવાળા પર અસરકારક સંદેહ રાખતી હોય. આ શરતનો શું મતલબ છે?

**જવાબ:** આ શરતથી મુરાદ એ છે કે સામેવાળા અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરને ગંભીરતાથી લે તથા જે કામ કરવા માટે તેણે હુકમ કર્યો છે તેને બજાવી લાવે. તથા જેની તેને મનાઈ કરી હોય તે કામ ન કરે. અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરથી લાપરવાહી ન કરે અને તેની એહમિયત પણ ન ઘટાડે. સંદેહથી મતલબ એ છે કે જેને અક્કલ કબૂલ કરે અને સામેવાળો એ કામ કરવા માટે ચિંતિત હોય. સંદેહનો એ મતલબ નથી થતો કે કમજોર સંદેહ હોય અને અક્કલ કબૂલ ન કરે.

**સવાલ-૧૮૮:** હઝે ઈલ્મિયાના વિદ્યાર્થીઓ પર લોકોની હિદાયત કરવી અને તેમને નેકીનો હુકમ આપવો તથા બૂરાઈથી રોકવું વાજીબ છે?

**જવાબ:** દરરોજના જરૂરી શરઈ એહકામમાં જાહિલની હિદાયત કરવી દરેક એ માણસ પર વાજીબ છે જે તે શરીઅતના એહકામોને જાણતો હોય. પરંતુ એ શરતની સાથે કે એ વાજીબાતની અદાયગીમાં કોઈ નુકશાન ન થાય યા મુશ્કેલી ઊભી ન થાય. આ રીતે અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની શરતો પૂરી થતી હોય તો દરેક માણસ પર અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર વાજીબ છે.

**સવાલ-૧૮૯:** શું અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરનો મતલબ એ છે દરેક ગલતી જેને હું જોઉં તેનાથી રોકવું વાજીબ છે?



https://downloadshiabooks.com/

અગર આવું જ હોય તો મારી આખી જીંદગી માત્ર અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરમાં જ પસાર થઈ જશે. કેમ કે હું ખૂબ જ વધારે બૂરાઈઓ અને ગલતીઓને જોઉં છું.

ઘણા ખરા લોકોને જોઉં છું જેઓ સહીહ વઝૂ નથી કરતા, કેટલાક નજાસતથી દૂર રહેવાને એહમિયત નથી આપતા. ઘણા ખરા દાઢી મૂંડાવે છે, મોટા ભાગના લોકો મગરીબ, ઈશા અને સુબ્હની નમાઝમાં સુરએ અલ્હમ્દ અને બીજો સુરો મોટા અવાજથી નથી પઢતા. ઘણી ખરી છોકરીઓ પોતાના પગોને નામેહરમથી નથી છૂપાવતી. કેમ કે તે એ મસઅલાથી તે નાવાકેફ છે કે પગોને છૂપાવવા વાજીબ છે. યા હિજાબના મસઅલાને એહમિયત નથી આપતી. તો શું આ બધાને નેકીનો હુકમ આપવો વાજીબ છે?

જવાબઃ કેટલાક દાખલા જે આપે સવાલમાં રજૂ કર્યા છે તે જાહિલને હિદાયત કરવાના વિષયમાં છે. આ એહકામોમાં જાહિલને તે કામોની હિદાયત કરવી વાજીબ છે. અગર અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરનું સારૂં પરિણામ મળી શકે તેમ હોય, કોઈ ભય યા નુકશાનનો અંદેશો પણ ન હોય તો આ કામ દરેક લોકો પર વાજીબ છે.

અગર આપે એવા માણસને જોયો જે ગલત વઝૂ કરી રહ્યો છે તો તેને સહીહ વઝૂ બતાવવું વાજીબ છે. એ જ રીતે નમાઝ વગેરેમાં કોઈ ગલતી જૂએ તો તેને હિદાયત કરવી જરૂરી છે.

દાઢી મૂંડાવવા બાબતે કોઈને રોકવો વાજીબ નથી. કેમ કે સંદેહ છે કે તેણે કોઈ કારણથી દાઢી મૂંડાવી હોય. જયારે કે દાઢી મૂંડાવવાની હુરમત બિના બર એહતિયાત છે. જેના માટે દાઢી રાખવી તકલીફનું કારણ હોય તો તેના માટે દાઢી મૂંડાવવી જાએઝ છે. અગર આવી વસ્તુંઓનો એહતેમાલ હોય તો દાઢી મૂંડાવવાથી રોકવો વાજીબ નથી.

અગર કોઈને નમાઝમાં સુરએ ફાતેહા અને બીજી સુરા ખામોશીથી પઢતા જૂએ જેમાં મોટા અવાજે પઢવું વાજીબ છે. તો પણ તેને રોકવો વાજીબ નથી. કેમ કે સંદેહ છે કે તે ભૂલથી ખામોશીની સાથે પઢી રહ્યો હોય.



https://downloadshiabooks.com/

અગર પરિણામ મળવાની શક્યતા હોય તોઓરતોનું નામેહરમથી પગો ન છૂપાવવાથી રોકવું વાજીબ છે. પરંતુ એવો સંદેહ હોય કે તેને કોઈ શરઈ મજબૂરીના કારણે પગોને નામેહરમથી નથી છૂપાવ્યા, તો તેણીને રોકવી વાજીબ નથી. દાખલા તરીકે તે ઓરત જે મુજતહીદની તકલીદ કરતી હોય તેમનો ફતવો હોય કે નામેહરમથી પગ છૂપાવવા વાજીબ નથી. આ રીતે એવા કેટલાય કામોમાં અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરની શરતો લાગું નથી પડતી. તેથી દીનમાં સમજ-બૂઝ જરૂરી છે. જેથી હિદાયત કરનારને પોતાની શરઈ કામોની જાણકારી હોય.

**સવાલ-૧૯૦-૧:** પાક શરીઅતના એહકામોને કઈ હદ સુધી જાણવા જરૂરી છે?

**જવાબ:** જે મસઅલાની ઈન્સાનને હર હંમેશ જરૂરત પડતી હોય તેને શીખી લેવા વાજીબ છે.

**સવાલ-૧૯૦-૨:** અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર વાજીબ થવાની શું હદ છે?

**જવાબ:** કોઈ પણ વાજીબને તર્ક કરનાર માણસને તે વાજીબની અદાયગીનો હુકમ આપવો વાજીબ છે. તથા કોઈ પણ હરામ કામ કરનાર માણસને હરામથી મનાઈ કરવી વાજીબ છે, જયારે કોઈ પણ જાતનું નુકશાન થવાનો અંદેશો ન હોય તથા અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કરનું પરિણામ મળી શકે તેમ હોય તો. જેની વિગતવાર ચર્ચા રિસાલએ અમલીયામાં આપેલી છે. અગર પરિણામની કોઈ શકયતા ન હોય તો નફરત જાહેર કરવી વાજીબ છે.

**સવાલ-૧૯૧:** શું અમ્ર બિલ માઅરૂફના કોઈ દરજજામાં મારપીટ કરવી જાએઝ છે? અગર જાએઝ હોય તો શું તેના માટે શરઈ હુકમની પરવાનગી જરૂરી છે?

**જવાબ:** બિના બર એહતિયાત મારપીટ જાએઝ નથી. પરંતુ હાકિમે શરઈની પરવાનગીથી જાએઝ છે.

**સવાલ-૧૯૨:** તે ઓરતો જેઓ શરઈ હિજાબની પાબંદ નથી હોતી. તેમના શરીરના અવયવો નજરે પડે છે. શું આમ કરવું જાએઝ છે?



https://downloadshiabooks.com/

**જવાબ:** આવી ઓરતોને અમ્ર બિલ માઅરૂફ તથા નહિ અનિલ મુન્કર કરવું વાજીબ છે. હરમ પાકની વ્યવસ્થાપક કમિટી પર વાજીબ છે કે આવી ઓરતો માટે કાયદા બનાવે. ઝાએરીને તેના પર અમલ કરવો વાજીબ છે.

**સવાલ-૧૯૩:** શું હરમ પાકમાં ઓરતોનું મોજા અને અબા (ચાદર) વગર પ્રવેશ કરવો જાએઝ છે?

**જવાબ:** આ સવાલનો જવાબ સવાલ-૧૯૨ના જવાબમાં આપવામાં આવેલ છે.

**સવાલ-૧૯૪:** કેટલાક નવાઈ પમાડે તેવા પ્રકારના અમલ જેમ કે શોઅબદાબાજી (નજરબંદી, જાદુગરી) વગેરે અગર હરમ પાકમાં જોવા મળે તો તેમની સાથે કેવું વર્તન કરવું જોઈએ?

**જવાબ:** આ માટે અઈમ્મા અ.ના હરમના કાયદા કાનુન પર અમલ કરવો જોઈએ. તેની પાબંદી કરવી જરૂરી છે. તેવા કાયદાઓનો વિરોધ ન કરવામાં આવે.

**સવાલ-૧૯૫:** ઝિયારતગાહો પર ભીખ માગવાવાળાઓ મોટી સંખ્યામાં જોવા મળે છે. તેમની સાથે કેવું વર્તન કરવામાં આવે?

**જવાબ:** તેનો જવાબ સવાલ-૧૯૪ના જવાબમાં આપેલ છે.

**સવાલ-૧૯૬:** કેટલીક ઓરતો શૃંગાર અને મેકપ કરીને હરમે પાકમાં આવે છે. આવી ઓરતો સાથે કેવું વર્તન કરવામાં આવે.

**જવાબ:** આનો જવાબ સવાલ-૧૯૨ના જવાબમાં આપેલ છે તે મુજબ અમલ કરવો જોઈએ. કેમ કે આ સવાલ પણ તેના મુજબનો છે.

**સવાલ-૧૯૭:** હરમ પાકના અંદર અને બહાર ઘણી ઓરતો સૂઈ રહેલી હોય છે. જે ત્યાંથી પસાર થતા લોકોને પોતાની તરફ ધ્યાન આકર્ષિત કરે છે. આ બારામાં આપણી શું જવાબદારી છે?

**જવાબ:** આ બારામાં અઈમ્મા અ.ના હરમ પાકની વ્યવસ્થાપક કમિટી તરફથી આપવામાં આવેલ સુચનાઓ પર અમલ કરવો જરૂરી છે.



https://downloadshiabooks.com/

## પ્રકરણ- ૧૫
## ઝિયારત માટે પગપાળા જવાના એહકામ

**સવાલ-૧૯૮:** ઈમામ હુસૈન અ.ની ઝિયારત માટે પગપાળા કરબલા જવાવાળા કેટલાક ઝાએરીન થોડાક ડગલા પોતાના માતા-પિતા, ઘરવાળાઓ અને દોસ્તો માટે હદિયા અને ઈસાલે સવાબની નિયતથી ચાલે છે. શું આ અમલનો સવાબ તે ઝાએરીનને પણ મળશે?

**જવાબ:** જી હા! ઈન્શાઅલ્લાહ તેનો સવાબ તે ઝાએરીનને પણ મળશે.

**સવાલ-૧૯૯:** અગર કોઈ નવજવાનને તેના મા-બાપ દહેશતગર્દી(આતંકવાદી) અને ધમાકાઓના ડરથી કરબલા પગપાળા જવાની મનાઈ કરે છે. તો શું તેનું પગપાળા કરબલા જવું જાએઝ છે?

**જવાબ:** અગર મા-બાપનું મનાઈ કરવું તેમની સહાનુંભૂતિ (મોહબ્બત)ના કારણે હોય તો તેમની આજ્ઞાનું પાલન કરવું જરૂરી છે. ખાસ કરીને જયારે આ નવજવાન માટે બીજા કોઈ દિવસે ઝિયારત કરવી શક્ય હોય.

**સવાલ-૨૦૦:** દર વર્ષે ચેહલુમના સમયે કરબલાના રસ્તા પર બે વસ્તુંઓ સામે આવે છે.

(૧) કેટલાક ઝાએરીન એ રસ્તા પર ચાલે છે જે વાહનો માટે ખાસ હોય છે. જો કે તેઓ જાણે છે કે વાહનો માટે તે એક અને માત્ર એક રસ્તો છે.

(૨) ઝાએરીનની સેવા કરવાવાળા કેટલાક લોકો ગાડીઓની ઝડપ ઓછી કરવા માટે રસ્તામાં રૂકાવટ (આડ) રાખી દે છે. શું તેમના માટે આમ કરવું જાએઝ છે?

જવાબ: (૧) સઘળા લોકોએ એ રીતે સફર કરવી જોઈએ કે પગપાળા ચાલનાર તથા ગાડીઓ માટે કોઈ મુશ્કેલી ન થાય.

(૨) અગર ટ્રાફિક પોલીસવાળા તેની પરવાનગી આપી હોય તો કોઈ હરજ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૦૧:** ઝાએરીનની સેવા કરવાવાળા લોકો જે પાણી ઝાએરીનો માટે પીવા માટે રાખેલ હોય, શું તેનાથી વઝૂ કરવું જાએઝ છે?

**જવાબ:** અગર તે પાણી પીવા માટે ખાસ હોય તો તેનાથી વઝૂ કરવું જાએઝ નથી.

**સવાલ-૨૦૨:** કરબલા જવાવાળા કેટલાક ઝાએરીનને સફર દરમિયાન સૂવાની હાલતમાં સ્વપ્રદોષ (એહતેલામ) થઈ જાય છે. તેના પછી તેને નીચે જણાવેલ કેટલાક પ્રશ્નોનો સામનો કરવો પડે છે.

(૧) પોતાના મુજનિબ થવાની જાણ કરવામાં શરમ અનુંભવે છે. શું તે આવી હાલતમાં ગુસ્લના બદલે તયમ્મુમ કરી શકે છે?

(૨) અગર કડકડતી ઠંડી અને ગરમ પાણી નહિ મળવાની હાલતમાં ગુસ્લ કરવું શક્ય ન હોય તો આવા સંજોગોમાં ગુસ્લના બદલે તયમ્મુમ કરવું જાએઝ છે?

(૩) અગર પોતાના રહેઠાણમાં ગરમ પાણી ન હોય અને બીજા કોઈ રહેઠાણમાં ગરમ પાણી હોય તો શું તેણે ત્યાં જવું જરૂરી છે? યા તેણે તયમ્મુમ કરવું જોઈશે?

**જવાબ:** (૧) દીનના મામલામાં કોઈ શરમ ન હોવી જોઈએ. તેથી તેણે ગુસ્લ કરવું જરૂરી છે જેથી એ કામો અંજામ આપી શકે જેના માટે જનાબતથી પાકીઝગી હોવી શર્ત છે. જેમ કે, નમાઝ પઢવી, મસ્જીદમાં દાખલ થવું વગેરે.. હા, અગર પાણી હોય યા પાણીના ઉપયોગથી તેને નુકશાન થવાનો ડર હોય તો તયમ્મુમ કરવું જરૂરી છે.

(૨) આ હાલતમાં તયમ્મુમ કરવું જાએઝ છે. જયારે સવાલમાં જણાવેલ હાલત બાકી ન રહે તો ગુસ્લ કરવું વાજીબ છે.

(૩) અગર કોઈ મુશ્કેલીનો સમનો કર્યા વગર બીજી જગ્યાએ ગુસ્લ કરવું શક્ય હોય તો ગુસ્લ કરવું જરૂરી છે. નહિતર તયમ્મુમ કરવું જાએઝ છે.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૦૩:** લાંબી મુસાફરીના કારણે પગપાળા ચાલનાર ઘણા ઝાએરીનના પગોમાં છાલા પડી જાય છે. કેટલીક વખત તેના પર તેઓ મલમ-પટ્ટી કરે છે. જેથી લોહી વગેરે ના નીકળે. સવાલ એ છે કે,

(૧) શું પગ પર મસહ કરવા પટ્ટી હટાવવી જરૂરી છે?

(૨) પટ્ટી હટાવવામાં કષ્ટ અને દુઃખ પહોંચે તો શું પટ્ટી પર મસહ કરવો સહીહ છે?

(૩) શું એવા ઝખમ પર મસહ કરવો જાએઝ છે જેના પર લોહી લાગેલું હોય?

**જવાબ:** (૧) અગર પટ્ટી હટાવીને એક આંગળી જેટલી જગ્યામાં મસહ કરવો શક્ય હોય તો તેને હટાવવું વાજીબ છે. જો આ શક્ય ન હોય તો પટ્ટી પર જ મસહ કરે.

(૨) આ સંજોગોમાં પટ્ટી પર મસહ કરવો કાફી છે.

(૩) અગર મસહ કરવાની જગ્યા નજાસતથી પાક હોય તો મસહ કરવો વાજીબ છે. નહિતર તયમ્મુમ કરી લે.

**સવાલ-૨૦૪:** કેટલાક ઝાએરીન થાકના કારણે નમાઝના સમયે સૂઈ રહેલા હોય છે. શું ઈમામ બારગાહની વ્યવસ્થા કમિટીએ તેમને જગાવવું જરૂરી છે?

**જવાબ:** અગર તેમનું સૂઈ રહેવું એ આળસ અને નમાઝને હલકી સમજવામાં ગણતરી થતી હોય તો અમ્રબિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના લીધે તેમને જગાડવા જરૂરી છે.

**સવાલ-૨૦૫:** કરબલાના રસ્તામાં પગપાળા ચાલનારો માટે જે નિયામ વહેંચવામાં આવે છે તે શું ગાડીમાં સવાર થએલા લોકોએ લેવું જાએઝ છે?

**જવાબ:** અગર તે પગપાળા ચાલનાર ઝાએરીનો માટે ખાસ ન હોય તો લઈ શકે છે.

**સવાલ-૨૦૬:** કરબલા જતી વખતે કેટલીક વાર ઓરતો બીમાર થઈ જાય છે. શું કોઈ પુરૂષ ડોકટર માટે તેણીને ઈન્જેકશન લગાવવું જાએઝ છે?

**જવાબ:** અગર લેડી ડોકટર હાજર હોય તો જાએઝ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૦૭:** કેટલાક ઝાએરીનને બીમારીના કારણે ઈન્જેકશન લગાવવું જરૂરી હોય છે. સવાલ એ છે કે,

(૧) અગર ઈંજેકશન લગાવ્યા બાદ નીકળતા લોહીથી કપડાં નજીસ થાય તો શું તેને પાક કરવા જરૂરી છે? અગર તેની પાસે કોઈ બીજો પોશાક ન હોય તો શું હુકમ છે?

(૨) જયાં લોહી નીકળ્યું છે તે જગ્યાને રૂમાલ વગેરેથી સાફ કરવું પૂરતું છે? યા પાણીથી પાક કરવું જરૂરી છે?

**જવાબ:** (૧) અગર લોહી અંગુઠાના પહેલા વેંઢાના માપથી વધારે ન હોય અને તેની સાથે બહારથી અન્ય કોઈ નજાસત ન લાગેલી હોય તો તે(લોહી)ના હોવા છતાં નમાઝ પઢવામાં કોઈ હરજ નથી. અગર લોહીનું પ્રમાણ તેનાથી વધારે હોય તો જે આમાલોમાં તહારત શર્ત છે તેને બજાવી લાવવા માટે તેને પાક કરવું યા બદલવું વાજીબ છે.

(૨) આ કેસમાં શરઈ રીતે પાણી વગર તહારત થઈ શકતી નથી.

**સવાલ-૨૦૮:** કેટલીક વખત ઝાએરને રોઝા મુબારકમાં દાખલ થયા બાદ પંજગાના નમાઝમાંથી કોઈ નમાઝનો સમય થઈ જાય છે. તો આવા સંજોગોમાં ઝાએરને વાજીબ નમાઝ ઓર નમાઝે ઝિયારતમાંથી કઈ નમાઝને પહેલાં પઢવી જોઈએ?

**જવાબ:** અફઝલ એ છે કે વાજીબ નમાઝને પહેલાં પઢે. ત્યાર બાદ નમાઝે ઝિયારત બજાવી લાવે.

**સવાલ-૨૦૯:** કરબલાના રસ્તામાં ઝાએરીનની સેવા માટે લાગેલા કેમ્પ યા મોકીબ વગેરેમાં જે માણસ ઈમામે જમાઅત તરીકે ફરજ બજાવે છે તમેને અમે જાણતા નથી, તો શું તેની પાછળ નમાઝ પઢવી સહીહ છે?

**જવાબ:** અગર આપણને તેના આદિલ હોવાનું કોઈ પણ રીતે ઈલ્મ થઈ જાય તો તેમના પાછળ નમાઝ પઢવી જાએઝ છે.

**સવાલ-૨૧૦:** હર સાલ પગપાળા જવાવાળા ઝાએરીનની સેવા માટે ઘણા મોમીનો પોતાના ઈલાકાથી દૂર કેમ્પસ અને મવાકિબ લગાવે છે. તથા પોતાના



https://downloadshiabooks.com/

ઘરોથી ઘણે દૂર આવેલા ઈમામ બારગાહોમાં ઝાએરીનની સેવા માટે જાય છે. ત્યાં કેટલીક મુદ્દત સુધી રહે છે. કેટલાક સાત દિવસ તો કેટલાક તેનાથી વધારે સમય માટે રહે છે. સવાલ એ છે કે,

(૧) શું આ તેમનો અમલ વ્યવસાય-ધંધો ગણવામાં આવશે?

(૨) તેમની નમાઝ પૂરી થશે યા કસ્ર?

**જવાબ:** (૧) તેમનો આ અમલ નમાઝ પૂરી થવા માટે પૂરતો નથી.

(૨) જયાં સુધી એક જગા પર દસ દિવસ સુધી રહેવાનો ઈરાદો ન કરે, તેની નમાઝ કસ્ર થશે.

**સવાલ-૨૧૧:** ઈમામ બારગાહો, હુસૈનિયાત, મવાકિબ તથા ઝાએરીનની સેવા માટે લગાવેલા કેમ્પસમાં કેટલીક વખત નમાઝની અદાયગી માટે જમા થનાર મોમીનોની મોટી સંખ્યાના કારણે સજદાગાહ ઓછી પડે છે. તો આવા સંજોગોમાં ગાલીચા પર સજદો કરવો જાએઝ છે?

**જવાબ:** ગાલીચા પર સજદો કરવો જાએઝ નથી.

**સવાલ-૨૧૨:** કરબલા પગપાળા જનાર ઝાઅરીન સંબંધિત કેટલાક સવાલ.

(૧) કેટલીક વખત ઝાએરીનને વિશાળ અને ખાસ જગાઓ પર પાયખાના માટે જવું પડે છે. જયાં કિબ્લાની પહેચાન કરવી મુશ્કીલ હોય છે. આવા સમયે શું કરવું જોઈએ?

(૨) કરબલા અને ઈરાકના બીજા શહેરો દરમિયાન લાંબા અંતરના કારણે કેટલીક વખત ઝાએરીનના પગો એવા ઝખમ પડી જાય છે કે જેમાંથી લોહી નીકળે છે. તો શું આવ સંજોગોમાં વઝૂના માટે પગ ધોવા જરૂરી છે?

(૩) ઝાએરીનના પગોમાં પડેલા છાલામાંથી નીકળતા પાણીનો શું હુકમ છે?

**જવાબ:** (૧) સવાલમાં બતાવેલ સંજોગોમાં રાહ જોવી હક્ય ન હોય યા રાહ જોવામાં નુકશાન યા તકલીફનો અંદેશો હોય યા કિબ્લાની પહેચાન



https://downloadshiabooks.com/

કરવામાં હતાશ થઈ જાય તો (કોઈ પણ દિશામાં)પાયખાનું કરી શકે છે. નહિતર એહતિયાતે વાજીબની બિના પર જાએઝ નથી.

(૨) અગર ઝખમ મસહની જગા પર ન હોય તો ધોવા જરૂરી નથી. જો કે નમાઝમાં ઝખમ યા ફોડાનું લોહી નક્કી માપ (હાથના અંગુઠાના પહેલા વેંઢા) જેટલું હોય તો માફ છે. જયાં સુધી ઝખમ બાકી રહે.

અગર પાક કરવામાં મુશ્કેલી ન હોય તો એહતિયાતે મુસ્તહબ છે કે પાક કરવામાં આવે. અગર ઝખમ મોટો હોય અને તેનું લોહી દિરહમથી વધારે હોય તો પાક કરવું જરૂરી છે.

એહતિયાતે લાઝીમ દિરહમનું માપ અંગુઠાના વેંઢા બરાબર રાખે.

(૩) અગર લોહી ન હોય તો પાક છે.

**સવાલ-૨૧૩:** ચેહલુમના સમયે આશિકાને હુસૈન અ. કરબલા પહોંચીને ગુસ્લે ઝિયારત કરે છે. શું ગુસ્લ પછી નમાઝ વગેરે માટે વઝૂની જરૂરિયાત બાકી રહેશે.

**જવાબ:** ગુસ્લે ઝિયારતનો ખૂબ જ સવાબ છે. પરંતુ ગુસ્લે ઝિયારત વઝૂમાં બદલી શકતું નથી. જેથી નમાઝ વગેરેની અદાયગી માટે ગુસ્લની પહેલા અને બાદમાં વઝૂ કરવું જરૂરી છે.

**સવાલ-૨૧૪:** આપણે જાણીએ છીએ કે નમાઝ વાજીબ છે. તથા પગપાળા કરબલા જવું મુસ્તહબ છે. પરંતુ કેટલાક લોકો નમાઝનો સમય દાખલ થઈ ગયા બાદ પણ ચાલતા રહે છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** નમાઝને અવ્વલ સમયે અદા કરવાની હર હાલતમાં કોશીશ કરવી જોઈએ. અલ્લાહ ફરમાવે છે કે,

જે પોતાની નમાઝોની હિફાઝત કરે છે, જન્નતીઓમાં આ લોકો માનવંત હશે. (સુરતુલ મઆરીજ, આયત-૩૪,૩૫).

જે પોતાની નમાઝની હિફાઝત કરવાવાળા છે, આ લોકો જ વારસદાર હશે. (સુરતુલ મોઅમેનીન, આયત-૯,૧૦)



https://downloadshiabooks.com/

ઈમામ જાફરે સાદિક અ.થી રિવાયત છે કે, આ આયતનો મતલબ છે નમાઝને તેના સમયે અને તેની સમય મર્યાદામાં અદા કરવા તૈયાર રહેવાનું છે.

**સવાલ-૨૧૫:** કેટલાક ઝાએરીન હુસૈનિયાત અને મોકિબમાં પોતાનો સામાન ભૂલથી મૂકીને ચાલ્યા જાય છે. તના સંદર્ભમાં કેટલાક સવાલ છે.

(૧) શું આવતા વર્ષ સુધી આ માલની હિફાઝત કરવી જરૂરી છે?

(૨) શું એક વર્ષ સુધી તેનું એલાન કરવું જરૂરી છે?

(૩) ઝાએરીન મોટી સંખ્યામાં હોવાના કારણે અગર એલાન કરાવવું મુશ્કિલ હોય તો શું હુકમ છે?

(૪) અગર આ વસ્તુંઓનો નાશ થઈ જવાનો ડર હોય તો, શું મોકિબવાળાઓ માટે તેનો ઉપયોગ જાએઝ છે?

**જવાબ:** (૧) જી હા, તેની હિફાઝત કરવી જરૂરી છે. પરંતુ સામાન તેના માલિક સુધી પહોંચાડવામાં હતાશ થઈ જાય તો હાકિમે શરઈની પરવાનગીથી આ માલને માલિકની તરફથી સદકો કરવો જરૂરી છે.

(૨) અગર સામાન માલિક સુધી પહોંચાડવામાં હતાશ ન થાય તો, એલાન કરાવવું જરૂરી છે.

(૩) અગર મુશ્કિલ અને તકલીફદાયક હોય તો વાજીબ નથી.

(૪) અગર માલિક સુધી પહોંચાડવામાં હતાશ થઈ જાય તો હાકિમે શરઈની પરવાનગીથી દીનદાર જરૂરતમંદોને સદકો કરી દેવો જોઈએ.

**સવાલ-૨૧૬:** સવાલ-૨૧૫ મુજબ.

જવાબ: સવાલ-૨૧૫ મુજબ.

**સવાલ-૨૧૭:** કરબલા પગપાળા જનાર કેટલાક ઝાએરીનને સાથળોની વચ્ચે ઝખમ થઈ જાય છે. જેના કારણે કેટલીક વખત લોહી વહે છે. સવાલ એ છે કે,

(૧) શું નમાઝની અદાયગી માટે લોહી લાગેલા અંદરના કપડાઓને ઉતારવા વાજીબ છે?



https://downloadshiabooks.com/

(૨) શું નમાઝના પહેલાં તે જગ્યાને ધોવી જરૂરી છે? જો કે એ વાતનું ઈલ્મ હોય કે ઘણીવાર ધોવાથી ઝખમ પર લાગેલી દવા ધોવાઈ જવાના કારણે તકલીફ પહોંચે છે.

**જવાબઃ** (૧) અગર કપડો પર લાગેલું લોહી અંગુઠાના પહેલા વેંઢાથી વધારે ન હોય તો તે લોહીના હોવા છતાં નમાઝ બાતીલ નહિ થાય.

(૨) એવા સંજોગોમાં ધોવું જરૂરી નથી.

**સવાલ-૨૧૮:** કરબલા અને બીજા શહેરોના જાહેર રસ્તાઓમાં ઘઉં યા જવનો પાક વાવેલો હોય છે. શું આ પાકમાં પેશાબ-પાયખાના કરવું જાએઝ છે?

**જવાબઃ** એ ખૂલ્લી જગ્યાઓ જયાં જાહેર જનતા માટે કોઈ હરજ ન હોય તથા ચાર દિવાલો પણ ન હોય ત્યાં પેશાબ-પાયખાનું કરવું જાએઝ છે. પરંતું ઘઉં યા જવના પાકમાં આ કામ પરવાનગી વગર જાએઝ નથી.

**સવાલ-૨૧૯:** એ સરકારી ડ્રાયવર જેઓ ઝાએરીન માટે પાણી તથા ઈલાજ માટેની સામગ્રી તથા અન્ય જરૂરિયાતો પૂરી પાડવા માટે શરઈ અંતરથી વધારે સફર કરે છે. તો તેમની નમાઝનો શું હુકમ છે?

**જવાબઃ** તેમની નમાઝ કસ્ર થશે. અગર કસીરૂસ્સફરનો હુકમ લાગુ પડે તો પૂરી પઢશે.

**સવાલ-૨૨૦:** ઈરાકના વિવિધ શહેરોમાંથી દર સાલ મોમીનોની મોટી સંખ્યા ઈમામ હુસૈન અ.ની ઝિયારત માટે પગપાળા કરબલા જાય છે. સવાલ એ છે કે ઝિયારતની સફર પગપાળા કરવાવાળા મોમીનો આ સફર દરમિયાન કસ્ર નમાઝ પઢશે યા પૂરી?

**જવાબઃ** અગર કોઈ ઝાએર નમાઝના કસ્ર થવાના કારણો ઉપસ્થિત થવાની શરઈ અંતરની સફર કરવાનો ઈરાદો કરી ચૂક્યો હોય તો તે હદ્દે તરખ્ખુસ સુધી પહોંચ્યા બાદ યા તે પસાર કર્યા પછી કસ્ર નમાઝ પઢશે. એ શરતે કે શરઈ રીતે તે કસીરૂસ્સફર ન હોય.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૨૧:** કેટલું અંતર સફર કરવાનો ઈરાદો કરનાર ઝાએરની નમાઝ કસ્ર થાય છે? શું ઝાએર પોતાના ઘેરથી નીકળતાંની સાથે જ કસ્ર નમાઝ પઢશે? યા નક્કી અંતર પસાર કરવું જરૂરી છે?

**જવાબ:** અગર ઝાએરની પૂરી સફર ૪૪ કિલોમીટર યા તેનાથી વધારે હોય તો હદ્દે તરખ્ખુસ પહોંચ્યા બાદ તે પૂરી સફરમાં કસ્ર નમાઝ પઢશે. હદ્દે તરખ્ખુસ પહોંચ્યા પહેલાં તે પૂરી નમાઝ પઢશે.

**સવાલ-૨૨૨:** આપે અગાઉના મસાઈલમાં હદ્દે તરખ્ખુસનું બયાન કર્યું છે. તેનાથી આપનો મકસદ શું છે?

**જવાબ:** હદ્દે તરખ્ખુસ એ જગાને કહે છે જયાં પહોંચીને મુસાફર પોતાના રહેઠાણ યા વસવાટવાળા ઈલાકામાં રહેતા લોકોથી ઓઝલ થઈ જાય છે. જાહેરમાં હદ્દે તરખ્ખુસ પહોંચ્યા બાદ મુસાફરને પણ વસવાટી લોકો દેખાઈ દેતા નથી.

**સવાલ-૨૨૩:** આપે બયાન કર્યું કે મુસાફિર હદ્દે તરખ્ખુસ પહોંચી જાય તો પોતાની નમાઝને કસ્ર કરશે. શું આ હુકમ વાપસીમાં પણ છે?

**જવાબ:** સફરની વાપસી પર હદ્દે તરખ્ખુસ ભરોસાપાત્ર નથી. મુસાફિર શહેરમાં દાખલ થવા સુધી કસ્ર નમાઝ પઢશે. પોતાના વસવાટી ઈલાકામાં દાખલ થઈ જાય તો પૂરી નમાઝ પઢશે. આમાં હદ્દે તરખ્ખુસ પહોંચવું ભરોસાપાત્ર નથી. બિના બર ઉલા પોતાના શહેરમાં દાખલ થયા બાદ નમાઝ અદા કરે. અગર હદ્દે તરખ્ખુસ પર પહોંચીને નમાઝ અદા કરવા ચાહે તો કસ્ર અને પૂરી એમ બે રીતે અદા કરે.

**સવાલ-૨૨૪:** ઉપરના મસાઈલ પરથી અમે એ સમજયા છીએ કે અગર ઝોહરની નમાઝના પહેલાં મુસાફિર હદ્દે તરખ્ખુસ સુધી પહોંચી જાય અને રોઝો રાખવા ચાહે તો તેનો રોઝો સહીહ નથી.

**જવાબ:** તેનો રોઝો ઉપરના સંજોગોમાં સહીહ થશે નહિ.ત્યાં સુધી કે તે ઝોહરના સમયથી પહેલાં પોતાના શહેરમાં દાખલ થઈ જાય.

**સવાલ-૨૨૫:** ઈમામ હુસૈન અ.ની ઝિયારત માટે જનાર કેટલાક ઝાએરીન એવા પરચમ ઉઠાવેલ હોય છે જેના પર અલ્લાહ તઆલા અને માસુમીન અ.ના



https://downloadshiabooks.com/

નામ લખેલા હોય છે. તે લોકો નમાઝ માટે તેને જમીન પર બીછાવીને તેના પર નમાઝ પઢે છે. શું આમ કરવું જાએઝ છે?

**જવાબઃ** અગર મુબારક નામો પગોના નીચે આવે તો આમ કરવું જાએઝ નથી. અગર મુબારક નામો બેહુરમતીની જગાથી દૂર દાખલા તરીકે સજદાની જગ્યા પર હોય તો જાએઝ છે.

## પ્રકરણ- ૧૬
## પરચુરણ એહકામ

**સવાલ-૨૨૬:** ઓરતોને મોહર્રમુલ હરામમાં સોનાના દાગીના પહેરવાનો શું હુકમ છે?

**જવાબઃ** જાએઝ તો છે. પરંતું મોમીનને એ શોભતું નથી કે આવા મૌકા પર પોતાના માટે હર્ષ તથા ખુશીનો ઈઝહાર કરતા દાગીના (ઝવેરાત વગેરેનો ઉપયોગ) પહેરે.

**સવાલ-૨૨૭:** કેટલાક નવજવાનો વિવિધ ડીઝાઈનવાળો પોશાક પહેરીને ઝિયારત કરવા માટે આવે છે. તેના પોશાકમાં વિવિધ ફોટા દાખલા તરીકે, ખેલાડીના ફોટા વગેરે ચિતરેલા હોય છે. યા અન્ય કોઈ ભાષામાં ગેરઅખ્લાકી લખાણ લખેલું હોય છે. વધુમાં માથું અને દાઢીનું મુંડાવવું એ પશ્ચિમી તેહઝીબ(કલ્ચર)ની રીતભાત છે? આપ આ મસાઈલોના બારામાં શું ફરમાવો છો?

**જવાબઃ** કેટલાક કામ હરામ છે અને કેટલાક કામ યોગ્ય નથી. જો કે ઝાએરીનને સારી ભાષામાં તેનું ધ્યાન દોરવું જોઈએ. તથા નવ જવાનોને માટે પણ ઈચ્છિત છે કે તેઓ આવો અયોગ્ય પોશાક પહેરવાથી પરહેઝ કરે. કેમ કે ઈન્સાનનો પોશાક તેની તેહઝીબ અને અક્કલની જાહેરાત કરે છે. કેટલીક વખત આવો પોશાક પહેરવો હરામ થઈ જાય છે જયારે ફસાદની શરૂઆતનું



https://downloadshiabooks.com/

કારણ બની રહ્યું હોય ત્યારે. ઝાએરને માટે ઈચ્છિત છે કે એવો પોશાક પહેરે જે તેના માટે ઈજ્જત, મોભો અને બુઝુર્ગીનું કારણ બને.

**સવાલ-૨૨૮:** મવાકિબ (ઝાએરીનને આરામ કરવા માટેના કેમ્પ) પરના ખાદિમો વિવિધ પ્રકારના પકવાન તૈયાર કરી ઝાએરીનની સેવા કરે છે. કેટલીક વખત એવું બને છે કે કોઈ વસ્તું દાખલા તરીકે ચાવલ, યા ખાંડ વગેરે જરૂરિયાત કરતાં વધારે પ્રમાણમાં મળે છે. જયારે કેટલીક ખૂટતી જરૂરી વસ્તુંઓ ખરીદવા માટે તેમની પાસે કોઈ રકમ હોતી નથી. ત્યારે ખાદિમો બજારમાંથી ઉધારમાં ખરીદીને લાવે છે. ઉપરના સંજોગોને ધ્યાનમાં રાખતાં શું જાએઝ છે કે,

(૧) જે વસ્તું એટલા પ્રમાણમાં વધારે હોય કે તે વસ્તું બચવાનું યકીન હોય. તો શું આ વસ્તુંઓને વેચી તેના પૈસાથી બીજી જરૂરિયાતવાળી વસ્તુંઓ ખરીદી શકાય?

(૨) કેમ્પ પૂરો થઈ જાય ત્યારે બચેલી ચીજ-વસ્તુંઓને વેચી ખાદિમોની જવાબદારીમાં જે કર્ઝ છે તેને અદા કરી શકાય છે?

(૩) શું બચેલી ચીજ-વસ્તુંઓ વેચીને તેની રકમમાંથી એવા વાસણો ખરીદી શકાય જે કેમ્પવાળાઓને ભવિષ્યમાં જેની જરૂરત હોય?

(૪) અગર ઉપરના સંજોગોમાં અગર જાએઝ ન હોય અને એવો ડર હોય કે બચેલી ચીજ-વસ્તુંઓ સ્ટોરમાં રાખી મૂકવાથી બેકાર થઈ જશે તો આ સંજોગોમાં શું હુકમ છે?

**જવાબ:** (૧-૪) અગર કોઈ વસ્તું ખાસ કેમ્પમાં ઉપયોગ કરવા માટે હદિયા પેટે આપેલી હોય તો માત્ર તે કેમ્પમાં જ તે વસ્તુંઓનો ઉપયોગ કરી શકાય છે. જે ખાસ કેમ્પ માટે વસ્તુંઓ હદિયા પેટે આપવામાં આવી છે તે કેમ્પમાં તે વસ્તુંઓની જરૂરિયાત ન હોય તો આ કેમ્પની નજીકના કેમ્પમાં દાખલા તરીકે બીજા જરૂરતમંદ કેમ્પવાળાને આપી દે. અગર આમ કરવું પણ શક્ય ન હોય અને આ વસ્તુંઓને સ્ટોર પણ કરી શકાતી ન હોય તો આ વસ્તુંઓને વેચીને તેનાથી પ્રાપ્ત થએલ રકમમાંથી આગલા વર્ષ માટે તે જ વસ્તુંઓ ખરીદી ઉપયોગ કરવી વાજીબ છે.



https://downloadshiabooks.com/

અગર તે વસ્તુંઓ કેમ્પની માલિકીમાં આપી દેવામાં આવી હોય અને આયોજકોને ઈખ્તિયાર આપી દેવામાં આવે કે આ વસ્તુંઓને તે કેમ્પ માટે ઉપયોગ કરે યા આયોજકો પોતાના ઈખ્તિયાર  મુજબ બીજી કોઈ જગ્યાએ ઉપયોગ કરે, તો આયોજકો તેમ કરી શકે છે.

ત્રીજી પરિસ્થિતિ એ છે કે ચીજ-વસ્તુંઓ આપનાર તેને મોકિબ (કેમ્પ)ના આયોજકોની માલિકીમાં નથી આપતો. પરંતું માત્ર તે વસ્તુંઓનો ઉપયોગ કરવા માટે ઈખ્તિયાર આપેલ છે. તો આ સંજોગોમાં આ વસ્તુંઓ તેના માલિકની માલિકીમાં જ રહે છે. તેથી જરૂરી છે કે આ વસ્તુંઓ તે કેમ્પ માટે જ ઉપયોગમાં લેવામાં આવે જે આપનારે નક્કી કરેલ છે. અગર તેમ કરવું અશક્ય હોય તો તેને એવા ઉપયોગમાં લેવામાં આવે જેના બારામાં યકિન હોય કે આપનાર રાજી છે. અગર શક હોય કે દેનાર રાજી નહિ થાય તો જરૂરી છે કે તે વસ્તુંઓ માલિકને પરત આપવામાં આવે. અગર માલિકને પરત કરવી અશક્ય હોય તો આ માલ મજહુલુલ માલિક (જેના માલિકની જાણ ન હોય) સમજવામાં આવશે. તેને દીનદાર જરૂરતમંદોમાં સદકો કરવો વાજીબ થઈ જશે.

**સવાલ-૨૨૯:** ખાકેશીફા થોડા પ્રમાણમાં ખાવાનો શું હુકમ છે?

**જવાબ:** શીફા પ્રાપ્ત કરવા માટે ચણાના દાણા બરાબર ખાઈ શકે છે.

**સવાલ-૨૩૦:** એ તુરબતે હુસૈની(કરબલાની માટી) જે હરમ મુબારકથી લેવામાં ન આવી હોય તેને શીફા પ્રાપ્ત કરવા માટે ઉપયોગ કરવો કેવો છે? તેને નજીસ કરવા અંગેનો શું હુકમ છે?

**જવાબ:** આવી માટી થોડાક પ્રમાણમાં પાણીમાં સંપૂર્ણ રીતે ઓગાળીને શીફા માટે ઉમ્મીદની નિયતથી પી શકે છે. અગર તેને નજીસ કરવું બેહુરમતીનું કારણ બને તો જાએઝ નથી.

**સવાલ-૨૩૧:** શું સીક્યોરીટીના હેતુંથી કોઈ ઓરત સમજદાર બાળકની તપાસ કરી શકે છે?

**જવાબ:** મજબૂરી સિવાય જાએઝ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૩૨:** અગર ખિસ્સામાં કુરઆન મજીદ યા દુઆ-ઝિયારતની કિતાબ હોય તો તેની સાથે ટોયલેટમાં જવું નાજાએઝ છે? જો કે બહાર એવી કોઈ જગા ન હોય જયાં આ વસ્તુંઓને રાખવામાં આવે.

**જવાબ:** અગર તેમ કરવામાં તેની બેહુરમતી કરવાનો ઈરાદો ન હોય તો જાએઝ છે.

**સવાલ-૨૩૩:** ટોયલેટમાં ઝિક્રે ખુદા અને તિલાવતે કુરઆન કરવાનો શું હુકમ છે? તહારત કરતી વેળા અવાજ બલંદ કરવો કેવું છે?

**જવાબ:** ઝિક્રે ખુદા કરવો અને અવાજ બલંદ કરવો જાએઝ છે. પરંતું કુરઆન મજીદની તિલાવત કરવી મકરૂહ છે.

**સવાલ-૨૩૪:** જે કાગળ પર વઝૂની મુસ્તહબ દુઆઓ લખેલી હોય તેને ટોયલેટમાં પોતાની સાથે લઈ જવાનો શું હુકમ છે?

**જવાબ:** અગર તેમ કરવામાં બેહુરમતીમાં સમાવેશ ન થતો હોય તો જાએઝ છે.

**સવાલ-૨૩૫:** અગર હાથમાં એવી વીંટી હોય જેના પર અલ્લાહ તઆલાનું મુબારક નામ, કુરઆની આયત અને અઈમ્મએ અહલેબૈત અ.ના મુબારક નામ લખેલા હોય તેને પોતાની સાથે સંડાસમાં લઈ જવી જાએઝ છે?

**જવાબ:** મકરૂહ છે. અગર નજાસતનો ડર હોય યા તેની બેહુરમતી થવાની ખાત્રી હોય તો તે હાથથી ઈસ્તિન્જા(નજાસત સાફ) કરવી હરામ છે.

**સવાલ-૨૩૬:** હાથોની પીઠ પર મહેદી લગાવવવનો શું હુકમ છે?

**જવાબ:** કેટલીક વખત આમ કરવું એ ઝીનતમાં ગણવામાં આવે છે. તો આવા સંજોગોમાં તેને છૂપાવવું વાજીબ થઈ જાય છે.

**સવાલ-૨૩૭:** ઓરતો માટે એવા જૂતા પહેરવા કેવું છે જેમાંથી એવો અવાજ નીકળે જેનાથી પુરૂષોનું ધ્યાન ખેંચાય?

**જવાબ:** અગર પુરૂષનું ધ્યાન દોરાય તો જાએઝ નથી.

**સવાલ-૨૩૮:** મય્યતને ગુસ્લના પહેલાં મસ્જીદ યા પવિત્ર મઝારમાં લઈ જવાનો શું હુકમ છે?



https://downloadshiabooks.com/

**જવાબ:** ખૂલ્લં ખૂલ્લા જાએઝ છે. કેમ કે તેમ કરવામાં કોઈ બેહુરમતી નથી થતી.

**સવાલ-૨૩૯:** અગર ગુસ્લ આપ્યા બાદ મય્યતના શરીરમાંથી લોહી નીકળી આવે તો શું તેને મસ્જીદ યા મઝાર મુબારકમાં લઈ જવી જાએઝ છે?

**જવાબ:** જાએઝ છે. અગર તેમ કરવાથી મસ્જીદ યા મઝાર નજીસ ન થતી હોય તો.

**સવાલ-૨૪૦:** અગર મારા પર ગુસ્લે મસે મય્યત વાજીબ હોય તો શું હું હરમ મુબારકમાં પ્રવેશી શકું છું?

**જવાબ:** જી, જાએઝ છે.

**સવાલ-૨૪૧:** મુસલમાનોની મય્યતને ગેરઈસ્લામી દેશ(જેમાં તે રહેતો હતો.)ના કબ્રસ્તાનમાં દફન કરવી અફઝલ છે? યા તેની મય્યતને ઈસ્લામી દેશમાં લઈ જવી બેહતર છે? જો કે દેશમાં લઈ જવાનો ખર્ચાઓ ખૂબ જ વધારે હોય?

**જવાબ:** અગર કોઈ ખુશીથી આ ખર્ચાઓ સહન કરવા તૈયાર થાય તો શ્રેષ્ઠ એ છે કે મય્યતને પવિત્ર ઝિયારતગાહો પર એવી જગ્યાએ લઈ જવામાં આવે જયાં દફન કરવું મુસ્તહબ છે. યા પછી મય્યતના માલમાંથી ત્રીજો ભાગ જેના માટે તેણે વસિયત કરી હોય કે તેને કોઈ સારા કામમાં ખર્ચ કરવામાં આવે, તો આ ત્રીજા ભાગની રકમનો ઉપયોગ કરીને મય્યતને પવિત્ર ઝિયારતગાહ પર લઈ જવી અફઝલ છે.

**સવાલ-૨૪૨:** શું મય્યતને તાબુત(પેટી)માં દફન કર્યા બાદ પવિત્ર ઝિયારતગાહો પર લઈ જવી જાએઝ છે?

**જવાબ:** અગર મય્યતને તાબુતમાં બંધ કરીને એવી રીતે દફન કરવામાં આવે કે દફનની તમામ શરતોનું પાલન થતું હોય તો તે રીતે દફન કરવામાં કોઈ હરજ નથી. પરંતુ દફન કર્યા બાદ કબર ખોલીને મય્યતને પવિત્ર સ્થાનો તરફ લઈ જવી એ અમારી નજીક જાએઝ નથી. જો કે આયતુલ્લાહ મોહસીન હકીમ (રહ.) તથા આયતુલ્લાહ ખૂઈ (રહ.) તેની રજા આપે છે. પરંતુ કેટલાક લોકો મય્યતને ખાસ એક જગા પર રાખી તેના પર ઈમારત બનાવી દે છે. જો કે તેમાં



https://downloadshiabooks.com/

દફનની શરતોનું પાલન થતું હોતું નથી. ત્યાર બાદ મય્યતને પવિત્ર ઝિયારતગાહો તરફ લઈ જવામાં આવે છે. એમ કરવું જાએઝ નથી. ત્યાં સુધી કે ઉપરના બંને આયતુલ્લાહ પણ તેની પરવાનગી નથી આપતા.

**સવાલ-૨૪૩:** કેટલીક વખત ઝાએરીન પાસે કુરઆની આયાત અને અઈમ્મા અ.ની હદીસોની પત્રિકાઓ હોય છે. તેઓ ઝિયારતના બાદ આ પત્રિકાઓને રસ્તા પર ફેંકી દે છે. યા તો કચરા ટોપલીઓમાં નાખી દે છે. આ માટે શરઈ હુકમ શું છે?

**જવાબ:** અગર પત્રિકામાં અલ્લાહનું નામ યા કુરઆની આયતો હોય તો આમ કરવું હરામ છે.

**સવાલ-૨૪૪:** શું હરમે ઈમામ હુસૈન અ. અને હરમે હઝરત અબ્બાસ અ.ની ચીજ-વસ્તું દાખલા તરીકે તસ્બીહ સજદાગાહ, જાએ નમાઝ (મુસલ્લો) વગેરેને મવાકિબ (કેમ્પ), ઈમામ બારગાહ અને મસ્જીદોમાં લઈ જવી જાએઝ છે. જો કે યકિન છે કે આ વસ્તુંઓ ત્યાં સુધી ત્યાંથી નથી લઈ શકાતી જયાં સુધી તેવી જ બીજી નવી વસ્તુંઓ ત્યાં આવી ન જાય?

**જવાબ:** આવ સંજોગોમાં હરમ પાકના એ કાર્યાલય (ઓફિસ)માં જાણ કરવામાં આવે જેમને નજફે અશરફમાં હાલના મરજાઅ એ આલી તરફથી આવી વસ્તુંઓ માટે ઈખ્તિયાર આપેલો છે.

**સવાલ-૨૪૫:** કેટલાક ઝાએરીન જમતી વેળા રોટલી જમીન પર રાખી દે છે. યા ખાવા ખાઈને વધેલું ખાવાનું ત્યાં જ મૂકીને જતા રહે છે. જેથી તે લોકોના પગ નીચે કચડાય છે. આ બાબતે શરઈ હુકમ જણાવો.

**જવાબ:** નેઅમતોની બેહુરમતી અને અનાદર (અપમાન) કરવો હરામ છે. પવિત્ર સ્થાનોની પવિત્રતાનો ખ્યાલ રાખવો જરૂરી છે. આવા સંજોગોમાં શરતોની સાથે નહ્ય અનિલ મુન્કર વાજીબ થઈ જાય છે.

**સવાલ-૨૪૬:** અઈમ્મા અ.ની વિલાદતની ખુશીના મૌકા પર તાળીઓ વગાડવાનો શું હુકમ છે?

**જવાબ:** અગર રિવાજ મુજબ બેહુરમતીનું કારણ ન હોય તો જાએઝ છે. પવિત્ર સ્થળો પર અગર તાળીઓ વગાડવી એ પવિત્રતાની વિરૂધ્ધ હોય તો



https://downloadshiabooks.com/

જાએઝ નથી. યાદ રહે કે રિવાયતોમાં દુરૂદ અને સલામના બદલામાં તાલીઓ વગાડવાનો કોઈ ઝિક્ર નથી.

**સવાલ-૨૪૭:** શું પાતળા અને આર પાર દેખાઈ આવે તેવા મોજાથી ઓરત પોતાના પગ ઢાંકી શકે છે?

**જવાબ:** ઓરત પર વાજીબ છે કે, નામેહરમ પુરૂષોથી પોતાના પગ એ રીતે છૂપાવે કે જેવી રીતે ચામડી છૂપાવે છે. માત્ર એવા મોજા પહેરવા પૂરતા નથી જેનાથી પગની ચામડી નજરે પડે.

**સવાલ-૨૪૮:** એવા નવ્હા જેના માટે એમ કહેવાતું હોય કે તેની ઢબ અને અદા ગાયનના અવાજ જેવી હોય છે. આના બારામાં શું હુકમ છે?

**જવાબ:** અગર હકિકતમાં એમ જ હોય તો તેવા નવ્હા સાંભળવાથી પરહેઝ કરે.

**સવાલ-૨૪૯:** શું ઈસ્લામી ગીત ગાનારના અવાજથી આનંદ લેવાની નિયતથી સાંભળવામાં આવે? આવા ગીત સાંભળવા જાએઝ છે?

**જવાબ:** અગર તેની ઢબ અને અદા ગાયનો જેવી ન હોય અને એવા ગીતો સાંભળવાથી જાતીય ઈચ્છાઓ અને લિજ્જત ઉભારવાનો કોઈ ઈરાદો પણ ન હોય તો કોઈ હરજ નથી.

**સવાલ-૨૫૦:** અહલેબૈત અ.ની પ્રશંષા અને તાઅરીફમાં એવા કસીદા જેની સાથે વાજીંત્ર પણ હોય તેનું સાંભળવું જાએઝ છે?

**જવાબ:** વાજીંત્રો હર હાલમાં હરામ છે. પરંતુ ખૂબ સુરત અવાજમાં અહલેબૈત અ.ની શાનમાં પઢવામાં આવતા કસીદા જે વાજીંત્રો પર આધારિત ન હોય, તો કોઈ હરજ નથી. અગર વાજીંત્ર અગર આનંદ પ્રમોદ માટેની મહેફિલોથી સંબંધ ન રાખતી હોય તો જાએઝ છે.

**સવાલ-૨૫૧:** એવા કસીદા જે ગાયનોની ઢબમાં હોય તેને સાંભળવાનો શું હુકમ છે? જો કે તે એવા અંદાજમાં જ પઢવામાં આવે જેવી રીતે ગાયનો ગાવામાં આવે છે. ફક્ત શબ્દોનો જ ફેર બદલ હોય?



https://downloadshiabooks.com/

**જવાબઃ** અગર કસીદાને એવી ઢબ અને અંદાજમાં પઢવામાં આવે જે ખાસ કરીને આનંદ પ્રમોદની મહેફિલોમાં રિવાજ હોય છે તો બિના બર એહતિયાતે વાજીબ જાએઝ નથી.

**સવાલ-૨૫૨:** કેટલાક મદહખાનો (તારીફ કરનાર) બદકાર લોકોની ઢબ અને અદા અપનાવે છે. પછી તે જ અંદાજમાં માઅસુમીન અ.ની મદહસરાઈ (તાઅરીફ)માં પઢવામાં આવતા કસીદામાં ઉપયોગ કરે છે. શું આવા કસીદા સાંભળવા હરામ છે?

**જવાબઃ** બિના કર એહતિયાત આ કસીદાઓને સાંભળવા હરામ છે.

**સવાલ-૨૫૩:** હરમે અઈમ્મા અ.માં હિદાયા અને નજરાતની ઓફિસની રજા વિના સજદાગાહ જે નમાઝ માટે ખાસ છે તેને લઈ લેવાનો શું હુકમ છે? શું હરમના ખાદિમના માટે જાએઝ છે કે તે ઝાએરને તે લઈ લેવાની રજા આપે.

**જવાબઃ** આ સવાલના જવાબમાં ન સજદાગાહ લઈ લેવાની પરવાનગી છે કે ન ખાદિમને એની પરવાનગી છે કે તે ઝાએરને સજદાગાહ લઈ લેવાની પરવાનગી આપે.

**સવાલ-૨૫૪:** કેટલાક ઝાએરીનને હરમ પાકની હદની બહાર વ્હીલચેરની જરૂરત પડે છે. શું તે હરમ પાકની હદની બહાર વ્હીલચેર લઈ જઈ શકે છે?

**જવાબઃ** આ માટે હરમ પાકના વ્યવસ્થાપકોનો સંપર્ક કરવામાં આવે.

**સવાલ-૨૫૫:** હરમ પાકમાં યા ઈવાન(ખંડ)માં સૂવાનો શું હુકમ છે?

**જવાબઃ** આ માટે હરમે પાકની વ્યવસ્થાપક કમિટીના આદેશો મુજબ અમલ કરવો જરૂરી છે.

**સવાલ-૨૫૬:** એ ઝાએર માટે શું હુકમ છે જે પોતાના પગ માઅસુમીન અ.ની કબર મુબારક તરફ ફેલાવીને બેઠો હોય? ચાહે તે ઈખ્તિયારની હાલતમાં એવું કરે યા બેચેનીની હાલતમાં તેમ કરે.

**જવાબઃ** અગર એમ કરવાથી બેહુરમતી અને બેઅખ્લાકી કહેવાતી હોય તો જાએઝ નથી.



https://downloadshiabooks.com/

**સવાલ-૨૫૭:** અઈમ્મા અ.ના હરમમાં કેટલીક વખત ગેરશરઈ હાલાત જોવામાં આવે છે. તેના માટે શું હુકમ છે?

**જવાબ:** અગર અમ્રબિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરની શરતોનું પાલન થઈ શકે તેમ હોય તો વાજીબ છે. આવા સમયે તેને ત્યજી દેવું હરામ અને ગુનાહનું કારણ બને છે. અગર અમ્રબિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરની શરતોનું પાલન થઈ શકે તેમ ન હોય તો તો આ ફરીઝો સાકિત થઈ જાય છે. પરંતુ આવા સંજોગોમાં હરમ પાકની વ્યવસ્થાપક કમિટીના આદેશોનું પાલન કરવું જરૂરી છે.

**સવાલ-૨૫૮:** એ ઝાએર જે ઝરીહ મુબારકની બરકત માટે પોતાની સાથે પાણી લઈને આવે યા તબર્રૂકના ઈરાદાથી હરમ મુબારકથી પાણી લે છે. તો શું આમ કરવું જાએઝ છે?

**જવાબ:** એવું કરવામાં કોઈ હરજ નથી. પરંતુ હરમ પાકની વ્યવસ્થાપક કમિટીના આદેશોનું પાલન કરવામાં આવે.

**વસ્સલામ,**
**અલ્હમ્દો લિલ્લાહે રબ્બીલ આલમીન.**
**તા.૧૧ ઝિલ્કાદ ૧૪૪૧ હિજરી.**



https://downloadshiabooks.com/